MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૧૪-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । અંક : ૨૧ । પાના : ૧૨ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Image Printers, 20-21, Bhid Bhanjan Soc., Bamroli Road, Nr. Piyush Point, Surat (Gujarat) ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-156/2019-2021, Valid up to 31-12-2021, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

2 બે બાળકોની નીતિને પ્રોત્સાહન આપવા રાજ્યસભામાં પ્રસ્તાવ

5 ફરી એકવાર સચિન-સેહવાગ ઓપનિંગ કરતા જોવા મળશે

8 ઉત્પાદન વધ્યું છતાં ડીસા પંથકમાં બટાકાના ભાવમાં વધારે ઉછાળો

12 ગીરવે મુકેલી જમીન બાબતે બબાલ થતા ખેડૂતો વચ્ચે ઘીગાણું

સુપ્રીમનો મહત્વપૂર્ણ ચુકાદોઃ રાજકીય પક્ષે દર્શાવવું પડશે કે ઉમેદવારને ટિકિટ શું કામ આપી?

ઉમેદવારોનો કલંકિત ઈતિહાસ વેબસાઈટો પર મુકવામાં આવેઃ સુપ્રિમ કોર્ટ

તમામ રાજનીતિક પાર્ટીઓને ઉમેદવારો જાહેર કર્યાના ૭૨ કલાકની અંદર ચૂંટણી પંચને તેની જાણકારી આપવી પડશે આ સાથે જ જાહેર કરવામાં આવેલા ઉમેદવારોની જાણકારીને સ્થાનિક ન્યૂઝ પેપરમાં છપાવવાની રહેશે

- **સુપ્રીમ કોર્ટે સવાલ કર્યો કે પાર્ટીઓને એવી શું મજબૂરી હોય છે કે તેઓ અપરાધિક પૃષ્ઠભૂમિ ધરાવતા ઉમેદવારોને ટિકિટ આપે છે**
- **વર્તમાન સંસદમાં ૫૪૨ પૈકી ૨૩૩ સાંસદ સામે કેસ થયેલા છે ૧૫૯ સાંસદો સામે હત્યા,દુષ્કર્મ,અપહરણના કેસ છે**
- **ભાજપના ૩૦૩ પૈકી ૧૧૬, કોંગ્રેસના ૫૨ પૈકી ૨૯ સાંસદ સામે કેસ નોંધાયેલ છે**

ન્યુ દિલ્હી

રાજકારણમાં ગુનાહિત છબી ધરાવતા લોકોના વધતા દબદબા પર સુપ્રીમ કોર્ટે ગુરૂવારે ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે તમામ રાજનીતિક પાર્ટીઓને આદેશ આપ્યો છે કે, તેઓ પોતાની વેબસાઈટ પર તમામ ઉમેદવારોની યાદી શેર કરે. જેમાં ઉમેદવારો પર દાખલ થયેલા ગુનાહિત કેસ, ટ્રાયલ અને ઉમેદવારની પસંદગી પાછળનું કારણ પણ દર્શાવવાનું રહેશે. એટલે

અનુસંધાન પાના નં. ૬



થાણેમાં એલપીજી સિલિન્ડરના ભાવ વધારા સામે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) ના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ભાજપના ૧૧૬ સાંસદ વિરુદ્ધ ગુનાહિત કેસ

*ભાજપના ૩૦૩ સાંસદ પૈકી ૧૧૬ સાંસદો સામે ગુનાહિત કેસ ચાલી રહ્યા છે. જ્યારે કોંગ્રેસના ૫૨ પૈકી ૨૯ સાંસદ સામે ગુનાહિત કેસ થયેલા છે. આ ઉપરાંત લગભગ તમામ પક્ષોમાં કલંકિત સાંસદો છે. **BSP**ના ૧૦ સાંસદ પૈકી પાંચ, **JDU**ના ૧૬ પૈકી ૧૩, તૃણમુલ કોંગ્રેસના ૨૨ પૈકી નવ, **MCP**ના ત્રણ પૈકી બે સાંસદો સામે ગુનાહિત કેસ નોંધાયેલા છે.*

૪૩ ટકા સાંસદો પર કેસ

દેશની સંસદમાં અત્યારે ૪૩ ટકા સાંસદો પર કેસ છે. એટલે કે ૫૪૨ સાંસદ પૈકી ૨૩૩ સાંસદો સામે કેસ નોંધાયેલા છે. આ પૈકી ૧૫૯ એટલે કે ૨૯ ટકા સાંસદો સામે હત્યા, દુષ્કર્મ અને અપહરણ જેવા ગંભીર કેસ નોંધાયેલા છે.

ભાજપ સાથે છેડો ફાડવાની હવા વહેતી કરી ભાજપનું નાક દબાવવા પ્રયાસ

દિલ્હી ચૂંટણી પરિણામઃ જેડીયૂ ભાજપ સાથે છેડો ફાડશે..!?

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભાની ચૂંટણી બાદ હવે તમામની નજર બિહારમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી પર છે. આ વર્ષના અંતમાં ઓક્ટોબર નવેમ્બરમાં બિહારમાં ચૂંટણી યોજાઈ શકે છે. ભાજપ પહેલાં જ કહી ચુક્યું છે કે, આ ચૂંટણી હાલના મુખ્યમંત્રી નિતિશ કુમારના નેતૃત્વમાં લડાશે. દિલ્હીમાં કારમી હાર બાદ મોદી સરકાર સાથે જેડીયું છેડો ફાડે તો ભાજપે બીજા એક રાજ્યમાં ચૂંટણી પહેલાં જ સત્તાથી હાથ ધોવાનો વારો



આવે તેમ છે. દિલ્હીની ચૂંટણી હાર્યા બાદ નીતિશ કુમારને હવે તક મળી છે. બિહારમાં જેડીયુંનું વર્ચસ્વ છે. જેડીયું સાથી પક્ષ હોવા છતાં કેન્દ્રમાં તેનો હિસ્સો નથી. અમિત શાહે એડવાન્સમાં જ જાહેરાત કરી દીધી છે કે નીતિશ કુમારની રાહબરી હેઠળ બિહારમાં ભાજપ ચૂંટણી લડશે. આમ છતાં પદની લાલસા ધરાવતા નીતિશકુમાર એક તક પણ છોડે તેવા નથી. નીતિશ કુમાર પાટલી બદલવામાં માહેર છે. દિલ્હીના રિઝલ્ટ બાદ તો ભાજપ બેકફૂટ પર હોવાથી નીતિશ કુમારે ભાજપ સાથે છેડો ફાડવાની હવા વહેતી કરી ભાજપનું નાક દબાવવાનો પ્રયાસ શરૂ કર્યો છે.

જોકે દિલ્હી વિધાનસભાની ચૂંટણી બાદ બિહારના કેટલાક નેતાઓ છાતી ઠોકીને દાવો કરી રહ્યા છે કે, બિહારની ચૂંટણી પહેલા ફરી નવા સમીકરણ રચાઈ શકે છે. આ વાત કહેવા પાછળનો ઈશારો એ છે કે,

અનુસંધાન પાના નં. ૬

કોરોના સામે લડવા બ્રિક્સ દેશો ચીનને સહયોગ કરશે

ન્યુ દિલ્હી

ચીનમાં કોરોના વાયરસે ભરડો લીધો છે. ચીને કોરોના વાયરસ સામે લડવા માટે બ્રિક્સ દેશો દ્વારા સહયોગની રજૂઆતનું સ્વાગત કર્યું છે. સ્વાસ્થ્ય અધિકારીઓએ મીડિયાને માહિતી આપી કે, ચીનમાં નોવેલ કોરોના વાયરસથી અત્યાર સુધીમાં કુલ ૧૧૧૩ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ મૃતકોમાંથી ૯૭ જેટલા લોકો હુબેઈ પ્રાંતના છે. આ સિવાય ૪૪,૬૫૩ જેટલા લોકોને આ વાયરસનો ચેપ લાગ્યો છે. બ્રિક્સ એ પાંચ દેશોનું એક

અનુસંધાન પાના નં. ૬

૧૩ હજાર પંચાયતો માટે થશે મતદાન

JK પંચાયતોની પેટા ચૂંટણી જાહેરઃ ૫ થી ૨૦ માર્ચ દરમિયાન આઠ તબક્કે મતદાન

શ્રીનગર

જમ્મુ અને કાશ્મીરમાં પંચાયતની પેટાચૂંટણી માર્ચમાં યોજાશે. પહેલા તબક્કાની ચૂંટણી પાંચ માર્ચે કરવામાં આવશે. આ ચૂંટણી આઠ તબક્કામાં સાતથી ૨૦ માર્ચ સુધી કરવામાં આવશે. સાથે જ બીજા , ત્રીજા, ચોથા, પાંચમાં, છઠ્ઠા, સાતમા અને આઠમા તબક્કાની ચૂંટણી ક્રમનાસુર સાત થી ૨૦ માર્ચ સુધી કરવામાં આવશે.

લગભગ ૧૩,૦૦૦ ખાલી પંચાયતો માટે આ ચૂંટણી થશે. આ અંગેની જાહેરાત જમ્મુ કાશ્મીરના મુખ્ય ચૂંટણી અધિકારીએ કરી છે. ગત વર્ષે ઓગસ્ટમાં જમ્મુ અને કાશ્મીરમાં વિશેષ રાજ્યનો દરજ્જો હટાવ્યા બાદ કેન્દ્ર શાસિત પ્રદેશ બનાવ્યા બાદ પ્રથમ વખત રાજકીય ગતિવિધિ હાથ ધરાઈ છે. જમ્મુ કાશ્મીરના મુખ્ય ચૂંટણી અધિકારી શૈલેન્દ્ર કુમારે

અનુસંધાન પાના નં. ૬

આગ્રા-લખનઉ એક્સપ્રેસ વે પર ભીષણ અકસ્માતઃ ૧૪ના મોત

ફિરોઝાબાદ

ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદ જિલ્લામાં બુધવારે રાત્રે એક ભીષણ દુર્ઘટના ઘટી હતી જેમાં ૧૪ લોકોના મોત નિપજ્યા છે. આગ્રા-લખનઉ એક્સપ્રેસ વે પર ઘટેલી આ દુર્ઘટનામાં ૨૨ લોકો ઈજાગ્રસ્ત થયા છે જેમાંથી પાંચની સ્થિતી અત્યંત ગંભીર છે. પ્રાપ્ય જાણકારી પ્રમાણે બિહાર જઈ રહેલી વોલ્વો બસની રસ્તા પર ઉભેલા ટ્રક સાથે ભીષણ ટક્કર થઈ હતી. રાત્રે ૧૦ વાગે ઘટેલી આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૧૪માંથી ૧૦ લોકોની ઓળખ થઈ ગઈ છે.

દુર્ઘટનાની જાણ થતા જ પ્રશાસને ઘટનાસ્થળ પર પહોંચીને રાહત અને બચાવ કાર્ય શરૂ કરી દીધું હતું. બસમાં ૪૦થી ૪૫ પ્રવાસીઓ સવાર હતા. બસ અને ટ્રકની ટક્કર થતા જ હાઈવે પ્રવાસીઓની ચીસા-ચીસથી ગૂંજી રહ્યો હતો. આ દુર્ઘટના ઘટી ત્યારે બસમાં મોટા ભાગના પ્રવાસીઓ ઉંઘમાં હતા જેને કારણે તેમને પોતાની જાતને સંભાળવાનો અવસર જ નહતો મળ્યો.

મૃતકોમાંથી ૧૦ લોકો બિહારના રહેવાસી હતા. હજી પણ ચાર મૃતકોની ઓળખ થઈ શકી નથી. ઘટનાની તપાસ કરી રહેલા પોલીસ અધિકારીએ જણાવ્યું કે ટ્રકનું ટાયર પંચર થઈ જતા તે રસ્તાની એક બાજુ પર ઉભો હતો. બસ આશરે ૮૦-૧૦૦ની ઝડપમાં આવી રહી હતી. હાઈવે પર અંધારુ હોવાના કારણે બસ ડ્રાઈવર સાઈડથી ટ્રકમાં અથડાઈ હતી. આ અથડામણ એટલી ભીષણ હતી કે બસને ઘટનાસ્થળેથી હટાવવા માટે ક્રેનની મદદ લેવી પડી હતી.

ડ્રાઈવર ટ્રકનું પંચર કરાવી રહ્યો હતો ત્યારે પાછળથી બસે જોરદાર ટક્કર મારતાં બસનો આગળનો ભાગ ઊડી ગયો

મહારાષ્ટ્રમાં ૧૯મી ફેબ્રુઆરીથી શાળા-કૉલેજમાં રાષ્ટ્રગીત ફરજિયાત

રાજ્યની તમામ શાળા અને કૉલેજમાં છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતી નિમિત્તે ૧૯મી ફેબ્રુઆરીથી રાષ્ટ્રગીત ફરજિયાત કરવામાં આવશે તેવી જાહેરાત ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ પ્રધાન ઉદય સામંતે કરી હતી.

પુણેના વિવિધ કાર્યક્રમમાં હાજરી આપવા ગયેલા ઉદય સામંતે આ અંગે જણાવ્યું હતું કે, રાજ્યની તમામ શાળા અને કૉલેજમાં રાષ્ટ્રગાન ફરજિયાત કરવાનો નિર્ણય અમુક દિવસો પહેલા લેવામાં આવ્યો હતો અને ૧૯મી ફેબ્રુઆરીથી આ નિર્ણયને અમલમાં લવાશે. શાળા અને કૉલેજના વર્ગો શરૂ થતાં રાષ્ટ્રગીત ગાવામાં આવશે. ઉપરાંત કૉલેજ અને યુનિવર્સિટી સ્તરે આયોજન કરવામાં આવતા કાર્યક્રમો દરમિયાન પણ રાષ્ટ્રગીત ફરજિયાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત હાલમાં એન્જિનિયરિંગની ૫૦થી ૫૨ ટકા જેટલી સીટ ભરાતી નથી તે બાબતે સરકાર પ્રયાસો કરશે. આ સિવાય દરેક કૉલેજ તંબાકુમુક્ત થાય તે માટે કડક નિયમો બનાવવામાં આવશે. મહિલા સુરક્ષા માટે યુવકોને જાણ હોવી, જનજાગૃતિ નિર્માણ થવી તે માટે અમુક બેઠક લેવામાં આવશે, યુવતી સાથે જાતિય સતામણી ન થાય તે માટે ખાસ ધ્યાન રખાશે. શિક્ષક અને પ્રિન્સિપાલ માટે તાલીમ કેન્દ્ર નિર્માણ કરાશે. આ માટે સરકાર ૬૦ કરોડનો ખર્ચ કરશે, એવું સામંતે જણાવ્યું હતું.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

આઈઆઈટી મદ્રાસના સહયોગથી તૈયાર કરાશે 'બ્લોકચેન' સીસ્ટમ

બીજા રાજયમાંથી પણ પોતાના રાજયમાં થઈ શકશે મતદાનઃ ચૂંટણી પંચ

ન્યુ દિલ્હી

મુખ્ય ચૂંટણી કમિશનર સુનિલ અરોરાએ કહ્યું છે કે, પંચ એક એવી સીસ્ટમ કરવામાં લાગ્યું છે જેનાથી આગામી સમયમાં બીજા રાજયમાં કામ કરતા લોકો ત્યાંથી જ પોતાના રાજયની ચૂંટણીમાં મતદાન કરી શકશે. જો કે મુખ્ય ચૂંટણી કમિશનરે એ પણ સ્પષ્ટતા કરી હતી કે, આનો અર્થ એવો નથી કે લોકો પોતાના ઘરેથી જ મત આપી શકશે. મતાધિકારનો ઉપયોગ કરવા માટે તેમણે નિર્ધારીત જગ્યાએ તો જવું જ પડશે. આના માટે કાયદામાં સુધારાની જરૂર પણ પડી શકે.

મુખ્ય ચૂંટણી કમિશનર અનુસાર, પંચમાના તેમના સાથીઓ આઈઆઈટી મદ્રાસની સાથે એક 'બ્લોકચેન' વિકસીત કરવામાં જોડાયેલા છે. આ સીસ્ટમથી ચેન્નાઈમાં કામ કરનારો રાજસ્થાનનો કોઈ વ્યકિત તમિલનાડુમાં રહેતો હોવા છતાં પોતાના રાજયમાં થઈ રહેલ ચૂંટણીમાં મત આપી શકશે.

અરોરાએ એક કાર્યક્રમમાં ફરીથી એક વાર કહ્યું કે ઈલેકટ્રોનિક વોટીંગ મશીન (ઈવીએમ)માં કોઈ છેડછાડ શકય નથી એટલે બેલેટ પેપર તરફ પાછા વાળવાની કોઈ શકયતા નથી. તેમના કહેવા અનુસાર ચૂંટણી પંચ રાજકીય પક્ષો સાથે વિભન્ન ચૂંટણી સુધારાઓ અને આચારસંહિતા અંગે વાતચીત કરશે. તેમણે કહ્યું કે કોઈ કાર અથવા પેનની જેમ ઈવીએમમાં ખરાબી તો ઉભી થઈ શકે પણ તેમાં ગરબડ ઉત્પન્ન ન કરી શકાય. ઈવીએમનો ઉપયોગ છેલ્લા ૨૦ વર્ષથી કરાઈ રહ્યો છે. સુપ્રિમ કોર્ટ સહિત અન્ય અદાલતો પણ ઈવીએમને મતદાન માટે યોગ્ય ગણાવી ચૂકી છે.

બંને દેશોના સંબંધો મજબૂત થશે

ભારતના પ્રવાસ માટે ખુબ જ ઉત્સાહિત છુંઃ મેલાનિયા ટ્રમ્પ

વૉશિંગ્ટન

અમેરિકાના ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પે ગુરુવારે કહ્યું છે કે, તેઓ અને તેમના પતિ ડોનાલ્ડ ટ્રમ્પ આ મહિને થનારી ભારત યાત્રા વિશે ખૂબ ઉત્સાહિત છે. તેમણે ભારત આવવાનું આમંત્રણ આપવા માટે વડાપ્રધાન મોદીનો પણ આભાર માન્યો છે. બુધવારે ટ્રમ્પે પણ કહ્યું હતું કે, હુ ભારત યાત્રા માટે ખૂબ ઉત્સાહિત છે અને સારા સંબંધોની આશાએ ત્યાં જઈ રહ્યો છું. આ વિશે વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરીને કહ્યું હતું કે, ટ્રમ્પની આ મુલાકાત ખૂબ ખાસ છે અને ભારત તેમના સન્માનિત અતિથિઓનું વિશેષ સ્વાગત કરે છે.

મેલાનિયાએ મોદીના ટ્વિટને રિટ્વિટ કરતા લખ્યું છે કે, આમંત્રણ માટે તમારો ધન્યવાદ, આ મહિને જ અમદાવાદ અને નવી દિલ્હીની યાત્રા થશે. ડોનાલ્ડ અને હું ભારત યાત્રા માટે ખૂબ ઉત્સાહિત છીએ. આ પ્રવાસથી ભારત અને અમેરિકા વચ્ચે સંબંધો વધારે મજબૂત થશે.



નવી દિલ્હીના ઈન્ડિયા ગેટ લોનમાં ૨૦ મી 'હુનર હાટ' ના ઉદ્ઘાટન પ્રસંગે કેન્દ્રીય રેલ્વે મંત્રી પિયુષ ગોયલ અને કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી મુખ્તાર અબ્બાસ નકવી એક સ્ટોલ પર વાંસળી વગાડે છે.

વિનયનો નવો પેંતરો, માનસિક અસ્વસ્થ હોવાનુ કહીને ફાંસીમાંથી મુક્તિ માંગી

નિર્ભયા ગેંગરેપના દોષિત વિનય શર્માની અરજી પર આજે સુપ્રિમમાં સુનાવણી

ન્યુ દિલ્હી

નિર્ભયા સામૂહિક દુષ્કર્મનાં ચારેય દોષી ફાંસીને ટાળવા માટે તમામ પ્રકારનાં કાનૂની દાવાઓનો ઉપયોગ કરી રહ્યા છે. આ કડીમાં, દોષી વિનય શર્માએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી, જેના પર ગુરુવારે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. પરંતુ દોષી વિનયને સુપ્રીમ કોર્ટ તરફથી મોટો આંચકો લાગ્યો છે કારણ કે કોર્ટે તેની અરજી પર વિચાર કરવાનો ઈનકાર કર્યો હતો જેમાં તેણે રાષ્ટ્રપતિને તેની દયા અરજી રદ કરવાને પડકાર્યો હતો. આ સિવાય સુપ્રીમ કોર્ટ શુક્રવારે બપોરે ૨ વાગ્યે ગુનેગારોને અલગથી લટકાવવાની અરજીની સુનાવણી કરશે.

નોંધપાત્ર વાત એ છે કે દોષી વિનય શર્માએ રાષ્ટ્રપતિની દયા અરજી નામંજૂર કરવા વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. આ સિવાય કેન્દ્ર અને દિલ્હી સરકારે સુપ્રીમ કોર્ટને પણ દોષીઓને અલગથી લટકાવવા માંગ કરી હતી. આ સંદર્ભે સુપ્રીમ કોર્ટે ચારેય દોષીઓને નોટિસ ફટકારી છે અને જવાબો માંગ્યા છે. ગુરુવારે સુપ્રીમ કોર્ટે દોષી વિનય શર્માની અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે, જ્યારે અલગ-અલગ ફાંસીની માંગ પર સુપ્રીમ કોર્ટ હવે શુક્રવારે સુનાવણી કરશે.

આ પૈકીના એક દોષિત વિનય શર્માની દયાની અરજી રાષ્ટ્રપતિએ ફગાવી દીધી છે ત્યારે આ નિર્ણય પર શર્માએ સવાલ ઉઠાવીને સુપ્રીમ કોર્ટ સમક્ષ અરજી કરી છે કે, મારી માનસિક સ્થિતિ સારી નહી હોવાથી ફાંસીમાંથી માફી આપવામાં આવે.

આ અરજી પર સુપ્રીમ કોર્ટે શુક્રવારે નિર્ણય આપવાનુ નક્કી કર્યુ છે. વિનયના વકીલે ફાંસી ટાળવા માટે કોર્ટને કહ્યુ હતુ કે, વિનય શર્મા માનસિક રીતે આઘાત પામ્યો છે.તેની માનસિક સ્થિતિ સારી નહી હોવાથી તેને ફાંસી આપી શકાય નહી.

આજે પૂર્વ વિદેશ પ્રધાનનો જન્મદિવસ

હવે પ્રવાસી ભારતીય કેન્દ્ર સુષ્મા સ્વરાજ ભવનથી ઓળખાશે

ન્યુ દિલ્હી

૧૪ ફેબ્રુઆરીના રોજ પૂર્વ વિદેશ પ્રધાન સુષમા સ્વરાજનો જન્મ દિવસ છે. આ દિવસે વિદેશ મંત્રાલયે પ્રવાસી ભારતીય કેન્દ્રનું નામ બદલીને સુષમા સ્વરાજ ભવન અને વિદેશ સેવા સંસ્થાનું નામ બદલીને સુષમા સ્વરાજ ઈંસ્ટિટ્યૂટ ઓફ ફોરેન સર્વિસ કરવાનો નિર્ણય કર્યો છે.ભારતના પૂર્વ વિદેશ મંત્રી સુષમા સ્વરાજના અમૂલ્ય યોગદાન માટે વિદેશ મંત્રાલયે ૧૪ ફેબ્રુઆરીના રોજ તેમની જયંતીની પૂર્વ સંધ્યા પર આની જાહેરાત કરી છે. આ પહેલા પૂર્વ વિદેશ મંત્રી સુષમા સ્વરાજને ગણતંત્ર દિવસના રોજ પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સુષમા સ્વરાજનું ૬ ઓગસ્ટ ૨૦૧૯ ના રોજ ૬૭ વર્ષની ઉંમરે નિધન થયું હતું. રાત્રે પોતાના ઘરે તેમને હાર્ટ એટેક આવ્યો અને પછી તેમને દિલ્હીની જ એઈમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા જયાં તેમણે આ દુનિયાને અલવીદા કહી. વર્ષ ૨૦૧૮માં સુષમા સ્વરાજે કહ્યું હતું કે તે હવે ચૂંટણી લડવા ઈચ્છતી નથી.

વિદેશ મંત્રી તરીકે સુષમા સ્વરાજ વિદેશોમાં પણ ખૂબ લોકપ્રિય હતા. તેમના કાર્યકાળ દરમિયાન જેણે પણ મદદ માંગી, તેને મદદ તેમણે કરી હતી. તે પછી વિઝાને લઈને અપીલ કરી હોય કે પછી અન્ય કોઈ મદદની જરુર પડી હોય, તમામ વ્યક્તિને સુષમા સ્વરાજ સપોર્ટ કર્યો છે.

વિવાદ સે વિશ્વાસ ડાયરેક્ટ ટેક્સ બિલમાં કરાયેલ ફેરફારને કેબિનેટની મંજૂરી

ન્યુ દિલ્હી

ડાયરેક્ટ ટેક્સ વિવાદ સે વિશ્વાસ બિલ-૨૦૨૦માં કરાયેલા ફેરફારને કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી છે. વિભિન્ન ડેબ્ટ રીકવરી ટ્રિબ્યૂનલમાં પેન્ડિંગ કાનૂની દાવાને આવરી લેવાનો વ્યાપ વધારવાના હેતુથી ફેરફાર કરાયા છે. આ બિલ લોકસભામાં ફેબ્રુઆરીના પ્રારંભમાં રજૂ કરાયું હતું. સુપ્રીમ કોર્ટ, હાઈ કોર્ટ, ઈંકમ ટેક્સ એપેલેટ ટ્રિબ્યૂનલ અને કમિશનર સ્તરે કરવેરા વિવાદના પેન્ડિંગ કેસને આવરી લેવાની દરખાસ્ત બિલમાં છે.

કેન્દ્રના પ્રધાન પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે ડેબ્ટ રીકવરી ટ્રિબ્યૂનલમાં (ડીઆરટી) પેન્ડિંગ વિવાદના કેસને પણ આ બિલમાં આવરી લેવા ફેરફાર કરાયા છે, જેને કેબિનેટે બુધવારે મંજૂરી આપી હતી.

દેશભરમાં વિભિન્ન ફોરમમાં સીધા વેરાને લગતાં રૂા. નવ લાખ કરોડથી વધુના કેસ પેન્ડિંગ છે. જાવડેકરે આશા દર્શાવી હતી કે કરવેરા વિવાદના કેસનું સમાધાન કરવા ૩૧ માર્ચ, ૨૦૨૦ સુધીમાં સ્કીમનો લાભ જનતા લેશે.

વડા પ્રધાન મોદીના અધ્યક્ષસ્થાને યોજાયેલી કેબિનેટ બેઠકમાં ત્રણ વીમા કંપનીમાં રૂા. ૨૫૦૦ કરોડની મૂડી ઠાલવવાના પ્રસ્તાવને મંજૂરી અપાઈ હતી. ત્રણ વીમા કંપની નેશનલ ઈન્સ્યુરન્સ, ઓરિયેન્ટલ ઈન્સ્યુરન્સ અને યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપનીને મૂડી મળશે.

ગેસ સિલિન્ડરના વધેલા ભાવ મુદ્દે કોંગ્રેસ આક્રમક

રાહુલ ગાંધીએ સ્મૃતિ ઈરાનીનો ફોટો ટ્વિટ કરી કહ્યું હું આ ભાજપ નેતા સાથે સહમત છું

ન્યુ દિલ્હી

સોસિયલ સાઈટના જમાનાંમાં જયાં સામાન્ય લોકો તેનાં દ્વારા પોતાની વાતો એક બીજાને અને પોતાનાં નેતાઓ સુંધી પહોચાડે છે, તે જ પ્રકારે હવે કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને સાંસદ રાહુલ ગાંધીએ પણ સિલેંડરના વધેલા ભાવ પર સ્મૃતિ ઈરાનીની જૂની તસવીર ટ્વીટ કરી ટોણો માર્યો છે. ખરેખર યુપીએ સરકારના સમયગાળામાં ગેસ સિલેંડરની કિંમત વધી હતી, જેનો ભારપૂર્વક નિર્ણય લેવામાં આવ્યો હતો અને તે ત્યારે સ્મતિ ઈરાની ગેસ સિલિન્ડર લઈને બિજેપી કાર્યકર્તાઓની સાથે માર્ગ પર ઉતરી આવી હતી.

કોંગ્રેસના રાહુલ ગાંધીની ટ્વીટ કહ્યું હતું કે 'હું એલપીજી સિલેંડરની કિંમતમાં રૂપિયા ૧૫૦ જેટલો વધારો થયો તેના વિરૂધ્ધ પ્રદર્શન કરતા સભ્યો સાથે સંમત છું,

ખરેખર હાલમાં દિલ્હીની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (બીજેપી) ની જોરદારની હાર થયા બાદ એકદમ સબસિડી વાળા ગેસ સિલિન્ડર (ગેસ સિલિન્ડર) ની કિંમતમાં વધારો થયો.

તેને લઈને કોંગ્રસ બિજેપી પર જોરદાર શાબ્દિક પ્રહારો કરી રહી છે,પોતાની પોસ્ટ કરીયેલી તસવીર પર રાહુલ ગાંધીએ બિજેપી પર કટાક્ષ કર્યો છે, તે સાથે જ તેમણે મોદી સરકારને ગેસ સિલિન્ડરની કિંમત વધારવાનો નિર્ણય પાછો લેવાનું કહ્યું છે.

સરકાર ૨૯ ફેબ્રુઆરી સુધી મફતમાં આપશે ફાસ્ટેગ

ન્યુ દિલ્હી

હવે ફાસ્ટેગ માટે તમારે પૈસા ખર્ચ નહિં કરવા પડે. સરકારે બુધવારે જણાવ્યું કે, ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન વધારવાને ઈરાદે રાષ્ટ્રીય રાજમાર્ગ ઓથોરિટીએ ૨૯ ફેબ્રુઆરી સુધી ફાસ્ટેગ મફત આપવાનો નિર્ણય કર્યો છે. સરકારે દેશમાં ૫૨૭થી વધુ રાષ્ટ્રીય રાજમાર્ગો પર ફાસ્ટેગ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ ચાલુ કરી છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે NH ટોલ પ્લાઝા પર ફાસ્ટેગ દ્વારા ડિજિટલ રીતે કલેક્શન વધારવા માટે ફાસ્ટેગ માટે ૧૦૦ રૂપિયાનો ચાર્જ નહિં લેવાનો નિર્ણય લીધો છે. તે ૧૫ ફેબ્રુઆરીથી ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૦ સુધી મફત ઉપલબ્ધ રહેશે.

ઈચ્છુક વ્યક્તિ વાહનના કાયદેસર રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર સાથે વેચાણ કેન્દ્રથી ફાસ્ટેગ મફળ મેળવી શકે છે. NHAI ફાસ્ટેગ તમામ રાષ્ટ્રીય રાજમાર્ગના ટોલ પ્લઝા, ક્ષેત્રીય પરિવહન કાર્યાલય, શેર સેવા કેન્દ્ર, પરિવહન કેન્દ્ર અને પેટ્રોલ પંપ સહિત અન્ય નિર્ધારિત સ્થળોથી લઈ શકાય છે.

શિવસેનાના સાંસદ અનિલ દેસાઈએ પ્રાઈવેટ મેમ્બર બિલ રજૂ કર્યું

બે બાળકોની નીતિને પ્રોત્સાહન આપવા રાજ્યસભામાં પ્રસ્તાવ

ન્યુ દિલ્હી

વસ્તી નિયંત્રણને લઈને શિવસેના સાંસદે રાજ્યસભામાં એક મહત્વનું બિલ રજૂ કર્યું છે. દેશમાં થઈ રહેલો વસ્તી વધારો એક મોટી સમસ્યા છે. ત્યારે દેશભરમાં એક જ માંગણી છે કે વસ્તી નિયંત્રણ કરવામાં આવે. જે વિશે આ પહેલા મોહન ભાગવત પણ પોતાનો મત રજૂ કરી ચૂક્યાં છે.

દેશની વધતી વસ્તી સતત પડકાર બની રહી છે. આ પડકારને જોતા શિવસેનાના રાજ્યસભા સાંસદ અનિલ દેસાઈ એક પ્રાઈવેટ મેમ્બર બિલ રજૂ કર્યું છે. જેમાં ૨ બાળકોની નીતિને પ્રોત્સાહિત કરવાની વાત કહેવામાં આવી છે. આ બિલ પર બજેટ સત્રના બીજા સેશનમાં ચર્ચા થાય તેવી શકયતા છે.

અનિલ દેસાઈએ જણાવ્યું હતું કે, 'આ બિલ માટે તેમણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને પાર્ટી પ્રમુખ ઉદ્ધવ ઠાકરેની મંજૂરી લીધી છે. આ સંજોગોમાં એ પણ ધ્યાન પર લેવું જોઈએ કે શિવસેનાના સાથી કોંગ્રેસ અને એનસીપીની આ બિલ પર કેવી પ્રતિક્રિયા આપે છે. અનિલ દેસાઈએ આ બિલને રજૂ કરતા સંવિધાનના કેટલાક સંશોધનની માંગણી રાખી છે. જેમાં સંવિધાનના અનુચ્છેદ ૪૭૭ ને જોડવાની માંગ કરવામાં આવી છે. બિલમાં પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે કે વધતી વસ્તીને નિયંત્રિત કરવા માટે પરિવારને બે બાળકો સુધી મર્યાદિત રાખનારા નાગરિકોને ટેક્સમાં છુટ, વ્યવસાય, શિક્ષણમાં પ્રોત્સાહન જેવા નિયમો બનાવવામાં આવે. માપદંડોનું પાલન ન કરનારાને લોકોને આનો લાભ નહીં મળે. ભારતની જનસંખ્યા અત્યારે પણ ૧૩૦ કરોડથી પણ વધારે છે જે વિશ્વમાં બીજા નંબરની છે.

મોટાભાગે ખાનગી મેમ્બર બિલો સદનમાં ચર્ચાથી આગળ નથી વધી શકતા. પણ આ બિલને લઈને હજુ એ સ્પષ્ટ નથી થયું કે, મહારાષ્ટ્રમાં શિવસેનાના ગઠબંધન સહયોગી કોંગ્રેસ અને એનસીપી આ બિલ પર કેવું વલણ દાખવે છે. માનવામાં આવી રહ્યું છે કે, આ મુદ્દે ગઠબંધનમાં તિરાડ પડી શકે છે, કારણ કે આ પ્રકારની કાયદાકીય માંગને મુસ્લિમ સમુદાય વિરોધી માનવામાં આવે છે.



ઘરેલુ ગેસ સિલિંડરના ભાવ વધારા મુદ્દે કોંગ્રેસે કેન્દ્ર સરકાર સામે મોરચો માંડ્યો છે. સબસિડી વગરના ગેસ સિલિન્ડરમાં એક ઝાટકે ૧૫૦ રૂપિયા જેટલો વધારો ઝીંકવામાં આવતા દિલ્હી કોંગ્રેસની મહિલા પાંખે વિરોધ પ્રદર્શન યોજ્યું. ગેસમાં ભાવ વધારા વિરુદ્ધ સુષ્મિતા દેવ અને અલકા લાંબા સહીત મહિલા કોંગ્રેસના નેતાઓએ પેટ્રોલીયમ અને પ્રાકૃતીક ગેસ કાર્યાલય બહાર વિરોધ પ્રદર્શનો કર્યા.

વડાપ્રધાન વીડિયો કોન્ફરન્સથી સંબોધશે

૧૭ ફેબ્રુઆરીનો વડાપ્રધાનનો ગુજરાત પ્રવાસ રદ

ગાંધીનગર

વડાપ્રધાન મોદી ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે ૧૭ તારીખે આવવાના હતા. અહીંયા માઈગ્રેટ પક્ષીઓ અને સમુદ્રી જીવો કે જે લુપ્ત થતા જાય છે, તેની જાળવણી અંગેની એક વૈશ્વિક પરિષદનું ઉદ્ઘાટન વડાપ્રધાન કરવાના હતા. પરંતુ હવે વડાપ્રધાન મોદીનો ૧૭ તારીખનો આ કાર્યક્રમ રદ્દ થયો છે. વડાપ્રધાન હવે આ પરિષદને વિડીયો કોન્ફરન્સથી સંબોધન કરશે.

કેન્દ્રીય પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકર અને મુખ્યમંત્રી વિજય રૂપાણી આ કાર્યક્રમમાં હાજરી આપશે. ઉલ્લેખનીય છે કે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ આગામી ૨૪-૨૫ ફેબ્રુઆરીના રોજ ભારતના પ્રવાસે આવી રહ્યા છે.

વડાપ્રધાન મોદી અને અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૪ તારીખે ગુજરાતના અમદાવાદ ખાતે આવેલા મોટેરા સ્ટેડિયમનું ઉદ્ઘાટન કરશે. અમદાવાદ એરપોર્ટથી મોટેરા સ્ટેડિયમ સુધી બે મહાસત્તાના બે લીડરો રોડ શો કરશે.

કોરોના વાયરસને લઈ કરવામાં આવેલ ટ્વિટને લઈ ફસાયા

રાહુલ ગાંધીએ જમ્મૂ-કાશ્મીરને પાકિસ્તાનનો ભાગ દર્શાવતા હોબાળો

ન્યુ દિલ્હી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના ખોટા ટ્વિટે ફરી એકવાર રાજકીય વર્તુળોમાં હોબાળો મચાવી દીધો છે. કોરોના વાયરસને લઈને કરવામાં આવેલા ટ્વિટમાં તેઓએ જે તસવીરનો ઉપયોગ કર્યો હતો તેમાં જમ્મુ-કાશ્મીરને પાકિસ્તાનનો હિસ્સો દર્શાવવામાં આવ્યો હતો. આ ટ્વિટ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ યૂઝર્સે રાહુલ ગાંધીને ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું હતું, ત્યારબાદ રાહુલ ગાંધીએ ટ્વિટ ડિલીટ કરી દીધું હતું.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કોરોનાવાયરસને લઈને ટ્વિટ કર્યું, જેમાં કહેવામાં આવ્યું હતું કે કોરોનાવાયરસ આપણા લોકો અને આપણી અર્થવ્યવસ્થા માટે ગંભીર ખતરો બનતો જઈ રહ્યો છે. સરકાર આ ખતરાને ગંભીરતાથી નથી લઈ રહી. સમય પર પગલાં ઉઠાવવા જરૂરી છે.

રાહુલ ગાંધીના ટ્વિટ બાદ બીજેપી આઈટી સેલના ચીફ અમિત માલવીયએ આ ટ્વિટને શેર કરતાં લખ્યું કે, તમે વાંરવાર આ નક્શાનો ઉપયોગ કેમ કરો છો, જેમાં જમ્મુ-કાશ્મીરને ભારતથી અલગ દર્શાવવામાં આવ્યું છે. આ ટ્વિટ વાયરસ થયા બાદ યૂઝર્સે રાહુલ ગાંધીને ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું. મામલો વધતો જોઈ રાહુલ ગાંધીએ ટ્વિટને ડિલીટ કરી દીધું અને ત્યારબાદ બીજું ટ્વિટ કર્યું.

પોશાકથી ખીલે પર્સનાલિટી

આમ તો દરેક ફેશનપરસ્ત યુવતી અને મહિલા એકનું એક આઉટફિટ પહેરીને બોર થઈ જતી હોય છે. ફેશનગુરુઓ આવી માનસિકતાથી સુપેરે પરિચિત હોય છે. તેઓ નવા અખતરા કરતા રહે છે. ફેશનેબલ આઉટફિટ પહેરવાથી પર્સનાલિટી ખીલવી જોઈએ. એ તો દરેકના શોખ પર આધાર રાખે છે. ટોપ ટેન આઉટફિટમાં આજકાલ પારંપરિક ભારતીય આઉટફિટથી માંડીને જાતજાતની સ્લીવ્સવાળાં ટોપ, પેટ એનિમલ્સની ડિઝાઈનથી માંડીને જાતજાતના કલર્સ અને ડિઝાઈનનાં વસ્ત્રો મળે છે. આપણા દેશની ભાતીગળ પરંપરા અને વસ્ત્રો પહેરવાની સ્ટાઈલ પર એક નજર કરીએ.



પારંપરિક ભારતીય ડિઝાઈન

પર્વોત્સવ વખતે તો પારંપરિક કલર્સનાં વસ્ત્રોની ધૂમ મચે છે. લોકો હવે આહિસ્તા આહિસ્તા પારંપરિક કલર્સને બદલે હળવાં પેસ્ટલ કલર્સ પસંદ કરી રહ્યા છે. એવાં કલર્સનાં આઉટફિટ પસંદ કરે છે જે પહેરીને હળવાફૂલ રહી શકે. હમણાં હમણાં મિન્ટ ગ્રીન, ચમકતા ઑરેન્જ કલરના વસ્ત્રોનું ચલણ છે. આવા કલર્સ લૂકને નવો ઓપ આપે છે. પછી તે લહેંગા ચોલી હોય કે અનારકલી, સાડી, બ્લાઉઝમાં પણ આવા કલર્સની બોલબાલા છે. હવે પલાઝો પૅન્ટ યુવતીઓના માનીતા આઉટફિટમાં સ્થાન પામ્યું છે.

પેટ

અનેક યુવતીઓ ચેન્જ માટે ક્યૂટ કૅટ, ફની ડૉગનાં ચિત્રો એમ્બોસ કરેલા શર્ટ પહેરે છે. પેટ ડિઝાઈનમાં મનગમતા કલર્સનાં ઍનિમલ્સ પ્રિન્ટવાળા આઉટફિટ પહેરનારને ક્યૂટ લૂક મળે છે. તે ખુશમિજાજ રહી શકે છે.

એસિમેટ્રિકલ લેયરિંગ

કુદરતી ફૅબ્રિક્સના આઉટફિટમાં લાઈટ લેયરિંગ વાળાં ટૉપ અને સ્કર્ટ પહેરવાનું પસંદ કરે છે. ઘણાં ચિક લૂક માટે ટ્યુનિક અને પલાઝો પર લૉંગ એસિમેર્ટિકલ જૅકેટ પહેરવાનું પસંદ કરે છે. આવા આઉટફિટ કમ્ફર્ટેબલ લૂક આપે છે.

સ્લીવ્સ

સ્લીવ્સની વાત આવે ત્યારે દરેકની પસંદ અપની અપની ખયાલ અપના અપના હોય છે. ડિઝાઈનરોના મતે લહેંગા અને થ્રી ફોર્થ લેન્થના ડિઝાઈનર બ્લાઉઝ હોય કે પછી સ્કર્ટ કે પૅન્ટ કે જિન્સ પર રફલ સ્લીવ્સવાળા પેસ્ટલ કલરનાં ટૉપ ઑવરસાઈઝની યુવતીઓ પહેરે તો સારી લાગે છે.

ઝાલર, ફૂમતાં, કોર

કોરવાલા આઉટફિટ પર ઝાલર, લેસ કે કોર હોય તો દુપટ્ટા પર એવાં ફૂમતાં કે કોર લગાવવાથી ઍલિગન્ટ લૂક મળે છે. પ્લેન કલરના આઉટફિટ પહેરો ને લૂક ઝંખવાઈ જાય એના કરતાં સ્લીવ્સની કોર પર બીડ્સ અથવા ઝીણાં ફૂમતા લગાવશો તો તમને પોતાને જ ફરક લાગશે.

ગ્રાફિક ડિઝાઈનવાળાં આઉટફિટ

આવી ડિઝાઈનના આઉટફિટમાં ભૌમિતિક આકૃતિઓની ભૂલભુલૈયા ડિઝાઈનના બ્લુ, ગ્રે, ગ્રીન કલરનાં ડ્રેસ સાથે મૅચ થાય તેવા કલરના પૅન્ટ અથવા લેગિંગ પહેરી શકો.

દાયકા પહેલાંની ફેશનનું પુનરાગમન

એંસી અને નેવુંના દાયકામાં જે આઉટફિટનું ચલણ હતું એ હવે ફરી હૉટ બની રહ્યું છે. વેસ્ટર્ન ડ્રેસ પર ટાઈ-અપ બૉ, ઝૂલ, લેસવાળાં આઉટફિટ ડક બ્લુ, મૅકોન પિંક અને ગ્રીન કલર્સની પહોળી બોર્ડરવાળી સાડી અને બ્લાઉઝ, લહેંગા વગેરેની પૅટર્ન દેખા દે છે.

યલોના પચાસ શેડ

આ કલરનાં પચાસ શેડના આઉટિફિટ મળે છે. આમાં તમને તમારા કૉમ્પલેકશનને અનુરૂપ ચોઈસ મળી રહે છે. મોટા ભાગે મૅરગોલ્ડ, ડૅફોડીલ્સ, સનફ્લવાર યલો, બટર સ્કોચ અથવા પેસ્ટલ લેમન શેડના આઉટફિટ ભારતીય નારીના કોમ્પ્લેકશન સાથે પરફેક્ટ મૅચ થાય છે.

સદા બહાર સ્ટ્રાઈપ્સ ડ્રેસ

સ્ટ્રાઈપ્સવાળું ટૉપ પરફેક્ટ લૂક આપે છે. પિન-સ્ટ્રાઈપ્સ, બૅન્કર્સ સ્ટ્રાઈપ્સ અને ઝીણાં સ્ટારર્સવાળી ડિઝાઈનનાં ટૉપ આજકાલ વિદ્યાર્થિનીઓના મનપસંદ બની ગયા છે. આ ઉપરાંત સ્ટેપલ ફૅબ્રિકસમાંથી બનેલા સ્લીક ન્યૂ બૅન્ટ ટૉપ મહિલાઓના વૉર્ડરોબમાં સ્થાન પામ્યા છે. આ પાછળનું કારણ એ છે કે યુવતીઓ બૉય ફ્રેન્ડ સાથે ડેટ પર જાય ત્યારે ખાસંખાસ તેના શર્ટની સ્ટ્રાઈપ્સનાં કલર સાથે મૅચ થાય તેવા કલરનું ટૉપ પહેરીને મહાલે છે.

આંખ અને દિલના દરવાજા ખુલ્લા મૂકીને ગૃહિણીના કામનું એપ્રીશિએશન કરી જુઓ

હિન્દીમાં લખાયેલી આ રચના કોની છે એનું નામ ખબર નથી; પણ ભાવ, ભાષા અને અભિવ્યક્તિ જોતાં આપણા સંવેદનશીલ કવિઓ ગુલઝાર કે જાવેદ અખ્તર સાહેબની હોય એવું માનવાનું મન થાય છે. આ કાવ્ય વાંચતાં થયું કે આવી સંવેદનશીલતા અને નિરીક્ષણશક્તિ જે વ્યક્તિમાં હોય તેના જીવનસાથી એકલતા કે નિરાશાની લાગણી ભાગ્યે જ અનુભવી શકે. ઈન ફૅક્ટ, આવી દૃષ્ટિ ધરાવનાર પતિની પત્નીના જીવનમાં ડિપ્રેશન દાખલ થવાની કદાચ હિમત ન કરે! આજે ઘણી ગૃહિણીઓ પોતે ઘરમાં ને ગૃહસ્થીની જંજાળમાં ડૂબેલી રહી એટલે કંઈ જ નથી કર્યું એનું ગિલ્ટ અનુભવતી જોવા મળે છે. આવી સ્ત્રીઓ ગમે તેટલી હોંશિયાર અને બુદ્ધિશાળી હોય તો પણ તેઓ પ્રોફેશનલ સ્ત્રીઓને જુએ ત્યારે એક પ્રકારનો અફસોસ કે અસંતોષ તેમના મનમાં સળવળી ઊઠે છે. પોતે બહાર કામ કરવા નથી જતી એટલે કંઈ જ નથી કરતી એવી જે લાગણી સ્ત્રીઓ અનુભવે છે એની પાછળ માત્ર તેમની પોતાની માનસિકતા જ જવાબદાર નથી હોતી, મોટા ભાગના કિસ્સામાં તેના કામ માટેનું ઘરના સભ્યોનું અને ખાસ કરીને તો પતિનું પર્સેપ્શન જ તેની એ માનસિકતાની પાછળ હોય છે. સામાન્ય રીતે જોવા મળે છે કે પતિ બહારથી કામ કરીને ઘરમાં આવે ત્યારે તે મોટું કામ કરીને આવ્યો હોય એમ તેનું ધ્યાન રખાય છે. પતિ પોતે પણ એમ જ માને છે. પત્ની ઘરની ફરજ બજાવવા ચોવીસે કલાક અને ત્રીસે દિવસ ઊભે પગે હોય છે તેમ છતાં તેના એ કામની જાણે કોઈ મહત્તા જ નથી! ઘરમાં રહીને પત્નીને તો જાણે કંઈ મહત્વનું કરવાનું જ નથી હોતું એમ માનવામાં આવે છે. અને આવા માહોલમાં ગમે એટલો આત્મવિશ્વાસ ધરાવતી સ્ત્રી પણ પોતાના કામ પ્રત્યે કે કૉન્ટ્રિબ્યુશન પ્રત્યે સાશંક થઈ જાય છે. તેને પોતાને પણ પોતે ફાલતુ કામમાં સમય વ્યતીત કરતી હોય એવી ભ્રાન્તિ મનમાં ઊઠે છે. એમાંથી જન્મે છે જાત માટેની લો એસ્ટીમ કે લઘુતાગ્રંથિ. આજે સ્ત્રીઓમાં, ખાસ કરીને ગૃહિણીઓમાં જોવા મળતા ડિપ્રેશનના કિસ્સાઓમાં સ્ત્રીની પોતાને માટેની આ લો એસ્ટીમ મુખ્યત્વે જવાબદાર હોય છે. કમનસીબે આ વાત બહુ ઓછા પરિવારોને સમજાય છે. મને ઘણી વાર વિચાર આવે છે કે સ્ત્રીઓમાં ડિપ્રેશન બાબતે થતા સર્વેમાં એક એવો સર્વે પણ થવો જોઈએ જેમાં આ સવાલ પૂછવો જોઈએ : શું તમારા કામની કે કુશળતાની પતિ કે ઘરના સભ્યો દ્વારા કદર થાય છે? મારું માનવું છે કે મોટા ભાગની સ્ત્રીઓનો જવાબ 'ના' હશે!

ચુસ્તી સ્ફૂર્તિ કા રાઝ

તમે હેમા માલિની, માધુરી દીક્ષિત, ફરાહ ખાન તથા કથક સમ્રાટ બિરજુ મહારાજને જોયા હશે. ભલે નાનાં પરદા પરના કાર્યક્રમમાં જોયાં હોય. તેમને જોતાં વ્હેંત એવું લાગે કે જાણે તેમના શરીરમાંથી અનોખી ઊર્જાનો પ્રવાહ વહેતો હોય. તેમના ચહેરા પર અજબ આભા છવાયેલી લાગે છે. આ બધાની ચુસ્તી દુરસ્તીનો રાઝ છે નૃત્ય. સાચે જ નૃત્ય એક એવી થેરપી છે જેને અપનાવવાથી શરીર અને મન તરોતાજાં થાય છે. આ બધા મહાનુભાવો શાસ્ત્રીય નૃત્યમાં પારંગત છે. શાસ્ત્રીય નૃત્યમાં કથકલી, ઓડિસી, ભરતનાટ્યમ, મણિપુરી, બૅલે ડાન્સ, સાલસા તથા બ્રેક ડાન્સ, લોકનૃત્ય વગેરે પ્રકાર છે.આ પ્રકારમાંથી કોઈ પણ એક શૈલીના નૃત્યના સ્ટેપ્સ શીખીને રોજ કરવાથી નિરોગી રહી શકાય છે. ડૉક્ટરોના મતે દર્દીની માનસિક અને શારીરિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈને નૃત્ય માટેનો સમય નક્કી કરવામાં આવતો હોય છે. શાસ્ત્રીય નૃત્ય પોશ્ચર ટટ્ટાર રાખવામાં સહાયભૂત થાય છે. કોઈ કહેશે કે એમ તો કોઈ રમત રમવાથી પણ કસરત મળી શકે છે, પણ ડાન્સની વાત જરા જુદી છે. તે ઉચ્ચ પ્રકારનું મેડિટેશન છે.

ડાન્સના પ્રકારથી થતા ફાયદા ડાંગના આદિવાસીઓનું નૃત્ય જોયું હશે તો તમને ખ્યાલ આવશે કે એ નૃત્યમાં એક નોખો લય અને તાલ હોય છે. આ ઉપરાંત વણઝારા નૃત્યનાં સ્ટેપ્સ શીખવાથી ચહેરાની સુરખી વધે છે. એ નૃત્યનાં સ્ટેપ્સ સહેલાં હોવાથી કોઈપણ શીખીને પ્રૅક્ટિસ કરી શકે છે. ગરબા અને દાંડિયાના સ્ટેપ્સનું તો પૂછવું જ શું!એક વાત ધ્યાનમાં રાખવી કે પહેલાં તમને કયા પ્રકારનો ડાન્સ અનુકૂળ આવી શકે તેની સલાહ ડાન્સ ક્લાસના ટ્રેનર પાસેથી લઈને આગળ વધવાનું હિતાવહ છે.

હિપ-હૉપ ડાન્સ



આ પ્રકારનો ડાન્સ યુવાનોમાં લોકપ્રિય છે. આમાં પૉપિંગ, લૉકિંગ, કૉપિંગ, અને બ્રેકિંગ જેવા સ્ટેપ્સ શિખવાડીને પ્રૅક્ટિસ કરવાનું કહેવામાં આવે છે. માત્ર પાંચ મિનિટ ડાન્સ કરવાથી મગજ પરનું બધું ટેન્શન ગાયબ થઈ જાય છે.

બી-બોઇંગ



આ પ્રકારનો ડાન્સ માર્શલ આર્ટ અને બીજા કેટલાક ડાન્સનો સમન્વય છે.આ ડાન્સમાં સ્ટ્રેન્થ અને મસલ્સની ફ્લેઝિબિલિટી હોવી જોઈએ. આ ડાન્સના સ્ટેપ્સ કરવાથી બાવડા અને પગનાં મસલ્સની સંપૂર્ણ કસરત મળે છે. આ ડાન્સની વિશેષતા એ છે કે શરીરમાં જામેલી વધારાની ચરબી (ફેટ) ઘટાડવા માટે ઉપયોગી છે. યુવાન પેઢીમાં આ ડાન્સ ખૂબ લોકપ્રિય છે. કારણ કે એનાથી તેમનું શારીરિક સૌષ્ઠવ જળવાય છે. આ ડાન્સને ઍરોબિક્સ ૨૦૧૩ વર્ઝનનું હુલામણું નામ આપવામાં આવ્યું છે.

બેલી ડાન્સ



આ પ્રકારના ડાન્સમાં પેટની અલગ અલગ રીતે મૂવમેન્ટ શિખવાડવામાં આવે છે. બૅલી ડાન્સ કરતી વખતે આગળની તરફ ઝૂકવું પડે છે એથી ફિઝિકલ વર્કઆઉટ વધુ થાય છે. પાંચથી સાત મિનિટ પૂરતી થઈ પડે છે. આ ઉપરાંત બૉલરૂમ અને સાલસા ડાન્સનાં સ્ટેપ્સ કરવાથી સ્નાયુઓ કસાય છે. બાવડાં સુદૃઢ બને છે.

કન્ટેમ્પરરી ડાન્સ



કોઈપણ પ્રકારનો ડાન્સ કરવાથી ફાયદો જ થતો હોય છે. આ ડાન્સમાં અનેક પૅટર્ન છે. તે જ તમારું ધ્યાન કેન્દ્રિત કરવામાં સહાયભૂત થાય છે. ક્લાસમાં હાઈપર ઍક્ટિવ બાળકોને શાંત કરવા આ ડાન્સનાં સ્ટેપ્સ શીખવવાની સલાહ આપવામાં આવે છે. કારણ કે બાળકોની ઊર્જાનો પૂરો ઉપયોગ થતો હોય છે.

અનેક રોગમાં ફાયદાકારક

આ થેરપીનો ઉપયોગ ડિપ્રેશન, હૃદયજન્ય તકલીફ, સાંધાનો દુખાવો (જૉઈન્ટસ પેન) ઑસ્ટિયોપોરોસિસ ડિસ્લેક્સિયા, અને પાર્કિન્સન્સ જેવી બીમારીના ઈલાજમાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ડાન્સ કરતી વખતે શરીરનાં સ્નાયુઓનો ઉપયોગ થાય છે. શરીરનાં અવયવોનાં સાંધાને જરાય નુકસાન પહોંચાડ્યા વિના સ્નાયુઓ સુદૃઢ અને કાર્યરત કરવામાં સહાયભૂત થાય છે.

તંત્રી સ્થાનેથી...

ખેલાડી હવે રોલ મોડલ

હાલના દિવસોમાં બોલિવુડમાં બાયોપિક ફિલ્મોનો દોર ચાલી રહ્યો છે. આ પ્રકારની ફિલ્મો સૌથી વધારે હાલમાં બની રહી છે. આ પ્રકારની ફિલ્મો રેકોર્ડ કમાણી પણ કરી રહી છે. તાજેતરમાં જ રજુ કરવામાં આવેલી તમામ ફિલ્મો ઉલ્લેખનીય રીતે કમાણી કરી ગઇ છે. બોક્સર મેરી કોમ, એમએસ ધોની, મિલખા સિંહ, દંગલ જેવી ફિલ્મો પણ બની ચુકી છે. આ તમામ ફિલ્મો રેકોર્ડ સફળતા હાંસલ કરી ચુકી છે. આ તમામ ફિલ્મો પરથી લાગે છે કે ખેલાડીઓ પણ રોલ મોડલ તરીકે સાબિત થઇ રહ્યા છે. તેપહેલા ચક દે ઇન્ડિયાને રેકોર્ડ સફળતા મળી હતી. જ્યારે પાનસિંહ તોમરને રાષ્ટ્રીય એવોર્ડ પણ મળ્યો હતો. આવી ફિલ્મો ચોક્કસપણે ભારતમાં રમતગમતને પ્રોત્સાહન આપવામાં ચાવીરૂપ ભમિકા અદા કરી રહી છે. દગંલ ફિલ્મ રજૂ કરવામાં આવ્યા બાદ મહિલાઓ પણ કુસ્તીના ક્ષેત્રમાં વધુ પ્રમાણમાં એન્ટ્રી કરી રહી છે. જુદા જુદા ક્ષેત્રમાં યુવતિઓ આગળ આવી રહી છે. વર્ષ ૨૦૦૨ના માન્ચેસ્ટર કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ અપાવવાની વાર્તા જ્યારે ચક દે ઇન્ડિયામાં રજૂ કરવામાં આવી ત્યારે ભારતીય યુવતિઓ ગૌરવ અનુભવ કરવા લાગી ગઇ છે. આની મહિલાઓ અને યુવતિઓ પર હકારાત્મક અસર થઇ છે. ફિલ્મ રજૂ કરવામાં આવ્યાના આઠ વર્ષના ગાળામાં જ ભારતીય મહિલાઓ આ ખેલમાં ૩૬ વર્ષ બાદ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થવામાં સફળ રહી છે. આવી જ રીતે મેરી કોમ ફિલ્મથી પ્રભાવિત થઇને યુવતિઓ બોક્સર બનવાની દિશામાં આગળ વધી રહી છે. ભાગ મિલ્ખા ભાગ ફિલ્મથી પ્રેરિત થઇને આજની યુવા પેઢી આગળ વધી રહી છે. પહેલા મિલ્ખાની સિદ્ધીથી સામાન્ય લોકો અને ખાસ કરીને યુવા પેઢી પ્રભાવિત ન હતી. પરંતુ આવી ફિલ્મોના કારણે યુવા પેઢી પ્રેરિત થઇ રહી છે. આજે ભાગ મિલ્ખા ભાગ ભાગ, પાનસિંહ તોમર, ગીતા ફોગટ અને મેરી કોમના કારણે યુવા પેઢી પ્રભાવિત થઇ રહી છે. આધુનિક સમયમાં સિનેમા પ્રેમીઓ સાચી ઘટનાથી વાકેફ થવા માંગે છે. સાથે સાથે તેમનાથી પ્રેરિત થઇને આગળ વધવાની પણ ઇચ્છા ધરાવે છે. સચિન એ બિલિયન ડ્રિમ્સ ફિલ્મને લઇને પણ ચાહકો પ્રભાવિત થયા હતા. તેનાથી પ્રેરિત થયા હતા. આ પ્રકારની ફિલ્મોમાં મનોરંજનને વધારે મહત્વ આપવામાં આવતુ નથી. દર્શકોનો રસ રમત ગમતના ક્ષેત્રમાં સતત ભારતનો દેખાવ જુદી જુદી રમતમાં સુધરતા બદલાઇ રહ્યો છે. ૧૯૮૦ના દશકમાં ફિલ્મ અશ્વિની અને હિપ હિપ હુર્રે જેવી ફિલ્મ સફળ સાબિત થઇ ન હતી. આ ફિલ્મો બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઇ હતી. જ્યારે બોક્સર અને જો જિતા વહી સિકન્દર જેવી ફિલ્મોને ચાહકોએ પસંદ કરી હતી. રમત ગમત ઉપર આધારિત ફિલ્મો બનાવવાનો દોર હોલિવુડમાં પણ વર્ષોથી ચાલે છે. વર્ષ ૨૦૦૦ બાદ રમત ગમત ક્ષેત્રે જે કાલ્પનિક ફિલ્મો બની છે તેને પણ બોક્સ ઓફિસ પર સફળતા મળી છે. આ પૈકી મોટા ભાગની ફિલ્મોએ બોક્સ ઓફિસ પર સારો કારોબાર કર્યો છે. ટુંક સમયમાં જ અન્ય રમત પર બાયોપિક ફિલ્મ જોવા મળનાર છે. જેમાં સાઇના નહેવાલ, પીવી સન્ધુ, ગોપિચંદ , પીટી ઉષા, ધ્યાનચંદ, કપિલ દેવ, મિતાલી રાજ પરની ફિલ્મ સામેલ છે. આ તમામ ફિલ્મો બનાવવા માટેની પ્રાથમિક તૈયારી ચાલી રહી છે. રણવીર સિંહ કપિલ દેવની લાઇફ પર બનેલી ફિલ્મમાં કામ કરી રહ્યો છે. જ્યારે સાઇના નહેવાલની લાઇફ પર બની રહેલી ફિલ્મમાં પરિણિતી ચોપડા કામ કરી રહી છે.

તમામ ક્ષેત્રોના મહાન ખેલાડીઓ પર હવે ફિલ્મોનુ નિર્માણ : ચાહકોને ફિલ્મો ગમી

દાદા તરીકે લોકપ્રિય અને હાલમાં ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડના પ્રમુખ તરીકે સેવા આપી રહેલા મહાન ખેલાડી સૌરવ ગાંગુલી તેમની કેરિયરમાં કરેલી કેટલીક ભુલોને હજુ પણ ભુલ્યા નથી. આ તમામ બાબતોનો ઉલ્લેખ સૌરવ ગાંગુલીએ તેમના પુસ્તકમાં પણ કર્યો છે. ગાંગુલીના નામ પર આજે પણ ક્રિકેટના કેટલાક રેકોર્ડ છે. ઓસ્ટ્રેલિયાના મહાન ખેલાડી ગ્રેગ ચેપલ સાથે તેના વિવાદથી દુનિયા સારી રીતે વાકેફ છે. ગ્રેગ ચેપલ અને સૌરવ ગાંગુલી વચ્ચે થયેલા વિવાદને કોઇ પણ ક્રિકેટ પ્રેમી ક્યારેય ભુલી શકે નહી. સાથે સાથે ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ માટે પણ આ વિવાદ એક બોધપાઠ સમાન છે. આ પ્રકારની નિમણૂંક કરતી વેળા હમેંશા સાવધાની રાખવી જોઇએ સાથે સાથે કેટલીક શરતો પણ આમાં રાખવામાં આવે તે જરૂરી છે. કારણ કે કોઇ પણ વિદેશ કોચ ભારતીય ટીમના ખેલાડીઓમાં વિશ્વાસ જગાવવાના બદલે અવિશ્વાસ જન્માવી શકે છે. ગ્રેગ ચેપલના કેસમાં આવી જ સ્થિતી સર્જાઇ હતી. ગ્રેગ ચેપલ બેટ્સમેન તરીકે ચોક્કસપણે પોતાના સમયના મહાન ખેલાડી રહ્યા છે. તેમની બેટિંગની નોંધ લેવામાં આવે છે પરંતુ એક કોચ તરીકે તેમના ટ્રેક રેકોર્ડની વાત કરવામાં આવે તો કોઇ પણ ભારતીય ખેલાડી તેમને પસંદ કરશે નહી. ભારતીય ટીમના કોચ તરીકે ગ્રેગ ચેપલની નિમણૂંક કરવા માટે જે સૌરવ ગાંગુલીએ તરફેણ કરી હતી તે જ સૌરવ ગાંગુલી સાથે ગ્રેગ ચેપલ શરમજનક વર્તન કર્યુ હતુ. ગ્રેગ ચેપલ સાથે થયેલા તેના વિવાદને સૌરવ ગાંગુલી આજે પણ ભુલી શક્યો નથી. સૌરવ ગાંગુલીએ તેના પુસ્તકમાં આ પ્રકરણનો વિસ્તૃત ઉલ્લેખ કર્યો છે. સૌરવ કહે છે કે વાત ૨૦૦૪ની છે. એ વખતે અમે વિચારી રહ્યા હતા કે જોન રાઇટની જગ્યાએ કોચ તરીકે કોની નિમણૂંક કરવામાં આવે. એ વખતે તેના દિમાગમાં સૌથી પહેલા ગ્રેગ ચેપલનુ નામ આવ્યુહતુ. તેને એ વખતે લાગ્યુ કે ગ્રેગ ચેપલ અમને ચેલેન્જરની પોઝિશનમાંથી બહાર કાઢીને નંબર વનની પોઝિશન પર લઇ જવામાં મદદ કરશે. ગાંગુલીએ કહ્યુ હતુ કે પોતાની પસંદગી અંગે માહિતી તેને એ વખતે જગમોહન દાલમિયાને વાત કરી હતી. કેટલાક લોકોએ તેને આ દિશામાં આગળ ન વધવા માટે કહ્યુ હતુ. જેમાં મહાન ખેલાડી સુનિલ ગાવસ્કર પણ હતા. ગાવસ્કરે કહ્યુ હતુ કે આ અંગે બે વખત વિચારી લેવાની જરૂર છે. ગાવસ્કરે એમ પણ કહ્યુ હતુ કે તેમની સાથે ટીમને ચલાવવાની બાબત ખુબ મુશ્કેલ છે. ગ્રેગ ચેપલના જુના કોચિંગ રેકોર્ડ સારા ન હોવાની પણ વાત કરવામાં આવી હતી. દાલમિયાએ એક વખતે તેને તાકીદની વાતચીત માટે બોલાવ્યો હતો. એ વાતચીત દરમિયાન તેને કહેવામાં આવ્યુ કે ગ્રેગના ભાઇ ઇયાન ચેપલ પણ કહી ચુક્યા છે કે તેમને કોચ બનાવવાની બાબત ભારત માટે સારી નથી.જો કે એ વખતે તેને કોઇની પણ સલાહ ગમી ન હતી. તે ટીમ ઇન્ડિયાના હિતમાં નિર્ણય લેવા માટે ઇચ્છુક હતો. તેનુ કહેવુ છે કે તે પોતાના સહજ જ્ઞાનની સાથે આગળ વધવા માટે ઇચ્છુક હતો. ગ્રેગ ચેપલની ભારતીય કોચ તરીકે બનાવવામાં આવ્યા બાદ જે કઇ પણ થયુ તે ક્રિકેટના તમામ ચાહકો સારી રીતે જાણે છે. તે કોચ બનતાની સાથે જ ટીમના ખેલાડીઓની ટિકા કરવામાં લાગી ગયો હતો. ટીમના ખેલાડીઓમાં વિશ્વાસ ભરવાના બદલે ખેલાડીઓ વચ્ચે ખેંચતાણ ઉભી કરવાના પ્રયાસ કરી રહ્યો હતો. ગાંગુલીએ કહ્યુ છે કે કેટલીક બાબતો લાઇફમાં પોતાની રીતે થાય છે. ગાંગુલીએ કહ્યુ છે કે ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં ભારતીય ટીમે તેના નેતૃત્વમાં ધાક જમાવી હતી. જો કે ઓસ્ટ્રેલિયના આ ખેલાડીની સાથે તાલમેળ તે બેસાડી શક્યો ન હતો. ગાંગુલીઅ પુસ્તકમાં એમ પણ લખ્યુ છે કે વર્ષ ૨૦૦૫નો ગાળો તેની લાઇફમાં સૌથી ખરાબ ગાળો હતો. એ ગાળા દરમિયાન કોઇ પણ કારણ વગર તેની પાસેથી કેપ્ટનશીપ આંચકી લેવામાં આવી હતી. એટલુ જ નહીં એક ખેલાડી તરીકે પણ તેને પડતો મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેના માટે કોઇ કારણ ન હતા. તેને આ તમામ બાબતો પુસ્તકોમાં લખતા પણ ગુસ્સો આવ્યો હતો. તેની સાથે જે કઇ પણ થયુ તેને અંગે તે વિચારી પણ શકતો નથી. ઇતિહાસમાં એવા દાખલા ઓછા છે જ્યારે કોઇ વિજેતા કેપ્ટનને આ રીતે દુર કરવામાં આવ્યો છે. તે પહેલાની શ્રેણીમાં સદી પણ કરી હતી. ભારતીય ક્રિકેટમાં આ પ્રકારની કોઇ ઘટના પહેલા ક્યારેય બની નથી. આવુ ભવિષ્યમાં કોઇની સાથે થશે તેવુ પણ તેને લાગતુ નથી. મિસ્ટર ગ્રેગરી અને કિરણ મોરેની અધ્યક્ષતામાં પસંદગી સમિતી દ્વારા તેની સાથે ખુબ ખરાબ વર્તન કરવામાં આવ્યુ હતુ. ગાંગુલી એ સેન્ચુરી ઇઝ નોટ ઇનઅફ નામથી આત્મકથા લખી છે. આમાં મહાન ખેલાડી ગાંગુલીએ તમામ બાબતોનો ઉલ્લેખ કર્યો છે. કરોડો ચાહક એક બાબત સાથે સહમત છે કે ગાંગુલી બેસ્ટ ખેલાડી હતો. ગાંગુલી હવે બોર્ડ પ્રમુખ તરીકે ટીમને વધુ મજબુત કરવાના તેના પ્રયાસમાં છે.



સુનિલ ગાવસ્કર અને અન્યોના વિરોધ છતાં ગ્રેગ ચેપલને જ કોચ બનાવવાની વાત કરનાર ગાંગુલી સાથે ચેપલે વિશ્વાસઘાત કર્યો હતો

વેલેન્ટાઇન ડે : દુનિયામાં પ્રેમ જેવું કોઇ મજબુત બંધન નથી

પ્રેમ વ્યક્ત કરવાના તરીકા બદલાયા

૧૪મી ફેબ્રુઆરી એટલે કે આવતીકાલે વેલેન્ટાઇન ડેની ઉજવણી કરવામાં આવનાર છે. પ્રેમના પ્રતિક તરીકે તેને ગણવામાં આવે છે. પ્રેમ અનેક રૂપમાં છે. માતાપિતા સાથે પ્રેમ, બહેન ભાઇના પ્રેમ, પતિ-પત્નિ પ્રેમ, પ્રેમી-પ્રેમિકા પ્રેમ, પોતાના દેશ પ્રત્યે પ્રેમકુદરત પ્રત્યે પ્રેમ હોઇ શકે છે. ગૌતમ બુદ્ધે કહ્યુ છે કે સમગ્ર સૃષ્ટિમાં જેટલા અન્ય કોઇ તમારા પ્રેમ અને સ્નેહને લાયક છે તેટલા જ તમે પોતે પણ પ્રેમના હકદાર તરીકે છો. વેલેન્ટાઇન ડેને લઇને તમામ લોકો જુદી જુદી રીતે તૈયારી કરી ચુક્યા છે. સમયની સાથે સાથે વેલેન્ટાઇન ડે ઉજવવા માટેની રીત પણ બદલાઇ ગઇ છે. જો કે સામાન્ય રીતે પ્રેમ વ્યક્ત કરવાના આ અવસરને કોઇ પણ છોડવા માટે તૈયાર નથી. આધુનિક સમયમાં કિંમતી અને અન્ય ભેંટ આપીને પોતાની પ્રેમિકા અને પ્રેમી પ્રત્યે પ્રેમ વ્યક્ત કરવાની રીત પણ બદલાઇ છે. હવે મોટા ભાગે પાર્ટી મુખ્ય રીતે યોજાય છે. આ પાર્ટી જુદા જુદા પ્રકારની હોય છે. જો કે હજુ પણ પ્રેમી પ્રેમિકાઓ ભેંટ આપવાથી પીછેહટ કરતા નથી. વેલેન્ટાઇન ડેની પાછળ અનેક રોચક ઇતિહાસ રહેલા છે. જેને આ દિવસે આદ કરવામાં આવે છે. બીજાની સાથે પ્રેમ કરવાની બાબત જેટલી સરળ છે પોતાની સાથે પ્રેમ કરવાની બાબત એટલી જ મુશ્કેલ છે. આ વેલેન્ટાઇન ડે પર લવ યોર સેલ્ફના માધ્યમથી જીવનને એક નવી રીતે જોવાનો પ્રયોગ કરી શકાય છે. પોતાના વજુદ સાથે પ્રેમ કરવાની બાબત ખુબ ઉપયોગી છે. આપની દુનિયા માત્ર આપના માધ્યમથી છે. માત્ર આપના પરિવાર જ નહીં બલ્કે અનેક લોકો માટે પણ તમે અનમોલ છો. અમારે ત્યો મહિલાઓ ભલે કામકાજી હોય કે પછી હાઉસવાઇફ હોય મોટા ભાગે પોતાના પ્રત્યે લાપરવાહ હોય છે. કારણ કે મહિલાને ત્યાગની દેવી તરીકે રજૂ કરવામાં આવે છે. જેથી તે બીજાની ખુશીને પોતાની પ્રાથમિકતા માને છે. તેમના માટે પ્રેમનો મતલબ માત્ર ત્યાગ હોય છે. ૧૪મી ફેબ્રુઆરીને વિશ્વભરમાં પ્રેમીઓ વેલેન્ટાઇન ડે તરીકે ઉજવે છે અને પોતાની મનથી માનેલી પ્રેમિકાને પોતાનો પ્રેમનો સંદેશો પહોંચાડે છે. પ્રેમ જેવું કોઇ મજબુત બંધન નથી. લાકડાને કોરીને નીકળી જતો ભમરો કમળને કાપતો નથી કેમ કે, તેની પર તેને પ્રેમ છે.આ પ્રેમના દિવસની ઉજવણી કરનાર પ્રેમીઓને ભાગ્યે જ ખ્યાલ હશે કે જેના નામ પર તેઓ આ દિવસ ઉજવી રહ્યા છે તે સંત વેલેન્ટાઇનને કેડ સુધી જમીનમાં દાટીને પથ્થર મારીને મારી નાંખવાની સજા ફરમાવવામાં આવી હતી. પ્રાચીન રોમમાં ઇ.સ.૨૬૯માં ક્લોડિયસ દ્વિતિય નામે એક સમ્રાટ થઇ ગયો. તેને વિશ્વ વિજય કરવાની અપેક્ષા હતી. જેથી તે સેનામાં યુવાનોની મોટાપાયે ભરતી કરવા ઇચ્છતો હતો પણ તેણે એવું અનુભવ્યું કે, પરણિત પુરૂષો લશ્કરમાં જોડાવાથી સંમત થતા નથી. કુટુંબ પ્રત્યેનો પ્રેમ તેમાંય ખાસ કરીને પોતાની સુંદર યુવાન પત્ની પ્રત્યેનો પ્રેમ યુવાનને લશ્કરમાં જોડાતા અટકાવે છે. પ્રેમનું બંધન યુવાનો તોડી શકતા નથી. તેથી તે સમ્રાટે લગ્ન કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો હતો.પરસ્પર પ્રેમથી બંધાયેલા અથવા તો જેમની સગાઇ નક્કી થઇ ચુકેલી છે તેવા યુવાનોએ તે સમયના ચર્ચના પાદરી સંત વેલેન્ટાઇનનો સંપર્ક સાધ્યો. જગતમાં શાંતિનો સંદેશો આપનાર આ સંતનું હૃદય સમ્રાટના આ ક્રુર હુકમને કારણે યુવાનોની બનેલી દયાજનક સ્થિતિમાં દ્રવી ગયું અને તેમણે સમ્રાટની જાણ બહાર યુવાનોના લગ્ન ચર્ચમાં કરી આપવાનું શરૂ કર્યું હતું. આખરે જે બનવાનું હતું તે જ બન્યું. સમ્રાટના કેટલાક ઇર્ષાળુ દરબારીઓએ સેન્ટર વેલેન્ટાઇનના આ કાર્યથી સમ્રાટને માહિતી આપી દીધી હતી.વેલેન્ટાઇનની ધરપડ કરવામાં આવી અને તેને કેડ સુધી દાટી પથ્થરો મારીને મારી નાંખવાની સજા ફરમાવાઇ હતી. તમામ યુવાન પ્રેમી હૈયાઓને લગ્નના સૂત્રથી બાંધનાર આ અત્યંત કૃપાળુ સંતની ૧૪મી ફેબ્રુઆરીના રોજ હત્યા કરીને તેનું મસ્તક ધડ પરથી કાપી લેવાયું હતું ત્યારે ઇ.સ. ૨૬૯ ચાલતી હતી ત્યારથી પ્રેમીઓ પર પ્રેમ રાખનાર આ સંતના માનમાં ૧૪મી ફેબ્રુઆરી ૨૭૦થી આ દિવસને પ્રેમના પ્રતિક તરીકે વેલેન્ટાઇન ડે તરીકે ઉજવવામાં આવે છે. પોતાના વજુદને ગળે લગાવવાની જરૂર છે.

સામાન્ય રીતે લોકો વિચારે છે કે જો તે દેખાવડો રહ્યો હોત, ખુબસુરત રહ્યો હોત તો દુનિયા તેના માટે શાનદાર જગ્યા રહી હોત. પોતાનામાં દરેક ચીજની ખામી કાઢીને આગળ વધવાની સાથે જ દુખની શરૂઆત થાય છે.



વેલેન્ટાઇન ડેને જુદી જુદી રીતે મનાવવા માટે યુવા પેઢી સજ્જ : પાર્ટી, ગિફ્ટની આપ લે થશે : વેલેન્ટાઇન ડે પાછળ પણ રોચક ઇતિહાસ છે

દિલીપ કુમાર-સાયરો બાનુના લગ્ન જુના થયા પરંતુ તાજગી અકબંધ

મોહબ્બતની મહકતી દાસ્તાનો

ભારતમાં વેલેન્ટાઇનડેને એક ઉત્સવ તરીકે મનાવવાની પરંપરા ભલે થોડાક વર્ષો પહેલા જ શરૂ થઇ છે પરંતુ પ્રેમ અને તેની સાથે જોડાયેલી વાર્તા જુની યાદોની જેમ અનમોલ રહેલી છે. સાહિત્યની દુનિયામાં પોતાની એક અલવગ ઓળખ ધરાવનાક રવિન્દ્રનાથ ટાગોરની પ્રેમ કથાને કોણ ભુલી શકે છે. લગ્ન થઇ ગયા બાદ તેઓએ પોતાની પત્નિ મૃણાલિનીને ઘરના કામમા નહીં બલ્કે ભાષામાં પારંગત કરી દીધી હતી. આવી જ રીતે ઇમરોજ અને અમૃતાના પ્રેમનો દાખલો પણ આજે લેવામાં આવે છે. ઇમરોજ અમૃતાને ખુબ પ્રેમ કરતા હતા. પરંતુ ક્યારેય બદલામાં પ્રેમની આશા રાખી ન હતી. તેમની કેટલીક જુની પ્રેમ વાર્તામાં કેટલીક બાબતોનો સંકેત મળી આવે છે. તેમની આ જુની પ્રેમ વાર્તામાં કેટલાક સુખા ગુલાબ આજે પણ મળી આવે છે. રવિન્દ્રનાથ ટાગોર અને મૃણાલિની દેવીના લગ્ન ૧૮૮૩માં થયા હતા. ૧૯ વર્ષ સુધી લગ્ન રહ્યા બાદ તેમના પત્નિનુ અવસાન થયુ હતુ. પત્નિના અવસાન બાદ રવિન્દ્રનાથે બીજા લગ્ન કર્યા ન હતા. એક વખતે પત્રમાં તેઓએ પત્નિને લખ્યુ હતુ કે જો અમે હમેંશા એક સાચા સાથીની જેમ કામ કરતા રહીશુ તો કેટલી સારી બાબત રહેશે. પરંતુ અફસોસની બાબત છે કે અમે જે વિચારીએ ચીએ તે બાબત દરેકને મળતી નથી. શૌકત બાનો અને શાયર કેફી આઝમીના પ્રેમને કોણ ભુલી શકે છે. કેફીના મોત બાદ પણ શૌકતે એ પત્રને સાચવીને રાખ્યો હતો જે પત્ર તેઓએ પોતાના લોહીથી લખ્યો હતો. જેમાં લખવામાં આવ્યુ હતુ કે આ કેમ વિચારી લીધુ કે મારી આંખ તમારા પર નથી. આ લફ્જ પરત લો. મારા પ્રેમને ન અજમાવો. મે કોઇ પણ આશા રાખ્યા વગર પ્રેમ કરી રહી છુ. બોલિવુડના ફિલ્મ સમ્રાટ સાયરા બાનો અને દિલિપ કુમારના લગ્નને ૫૦ વર્ષથી વધુ સમય થઇ ગયો છે. લગ્ન ભલે ખુબ જુના થઇ ગયા છે. પરંતુ પ્રેમ તો હજુ તાજા તરીકે છે. બંને પોતાની વાતો ઓનલાઇન પોસ્ટકાર્ડ અટલે કે સોશિયલ મિડિયા પર લખતા રહ્યા છે. એક વખતે દિલિપ કુમારે લખ્યુ હતુ કે અમે ૫૦ વર્ષ કરતા પણ વધારે સમયથી સાથે છીએ જે ખુદાની ઇનાયત છે. સાયરા બાનુની પ્રશંસા કરતા દિલિપ કુમાર થાકતા નથી. તેમની લવ સ્ટોરી પણ તમામ માટે દાખલા સમાન છે. લગ્ન બાદ બંનેની લાઇફ ખુબ જોરદાર રીતે આગળ વધી છે. સફળતાના ચરમસીમા પર પહોચ્યા હોવા છતાં તેમની વચ્ચે પ્રેમની ભાવના જે રહી હતી તે અમર છે. આજે દિલિપ કુમારની તબિયાત જ્યારે સારી રહેતી નથી ત્યારે પણ સાયરા બાનો તેમની સાથે જ ૨૪ કલાક નજરે પડે છે. લેખક અમૃતા પ્રીતમે જીવનના આખરી દિવસોમાં ઇમરોજને સમર્પિત કરીને કવિતા લખી હતી. મે તેનુ ફિર મિલાંગી, બીજી બાજુ ઇમરાજનુ પ્રેમ જોવો કે અમૃતાના જત્યા રહ્યા બાદ પણ તેઓએ કવિતા લખવાની શરૂઆત કરી હતી. તેઓ કહે છે કે તે જ્યાં પણ હશે તેમની કવિતાને સાંભળી રહી હશે. આ ધ્યાન આપવા જેવી બાબત છે કે ઇમરોજ આજે પણ તેમના માટે હતી જેવા શબ્દોનો પ્રયોગ કરતા નથી. આવી રીતે અનેક વાર્તા વેલેન્ટાઇનડેના દિવસે યાદ આવે છે જે પ્રેરણા લેવાની સાથે સાથે યુવા પેઢી માટે દાખલા રૂપ છે. એમ કહેવામાં આવે છે કે લિફાફાને જોઇને ખબર પડી જાય છે. આજકાલ ઇમેલ અને વોટ્સ એપ લવના દોરમાં ચોક્કસપણે પ્રેમને કાગળ પર ઉતારી દેવાની તક મળતી નથી પરંતુ આ લિફાફા પર રહેલા શબ્દોમાં રહેલી મોહબ્બતની ખુશબુ આજે પણ એવી જ તાજગી સાથે અકબંધ રહેલી છે.

વેન્ટાઇન ડેના દિવસ પર આવી અમર પ્રેમ કથા દિલો દિમાગ પર આવે તે સ્વાભાવિક છે. પ્રેમના મામલે પણ આવા દાખલા રહેલા છે. દિલિપ કુમાર અને સાયરો બાનુના દાખલાને બોલિવુડ પણ સલામ કરે છે. તેમની પ્રેમકથા હજુ પણ તાજગી ભરી નાંખે છે. દિલિપી કુમાર બોલિવુડ સમ્રાટ તરીકે રહેલા છે.



શૌકત બાનો અને શાયર કૈફી આજમીના પ્રેમને કોણ ભુલી શકે છે : રવિન્દ્રનાથ ટાગોર-મૃણાલિનીની મહકતી પ્રેમ કથા પણ દાખલારૂપ છે

બોર્ડ પ્રમુખ ગાંગલી ટીમને યોગ્ય માર્ગદર્શન સાથે આગળ લઇ જશે

ચેપલ પ્રકરણને ગાંગુલી ભુલ્યો નથી

દાદા : ગોડ ઓફ ઓફ સાઇડ

ક્રિકેટ વિશ્વમાં દાદા તરીકે લોકપ્રિય સૌરવ ગાંગુલીએ ટેસ્ટ અને વનડે ક્રિકેટમાં પોતાની સર્વોપરિતા સાબિત કરી હતી. રનનો વરસાદ કર્યો હતો. એક પછી એક યાદગાર ઇનિંગ્સ રમી હતી. ઓફ સાઇડમાં બેટિંગ માટે તે જાણીતો રહ્યો હતો. તે ગોડ ઓફ ઓફ સાઇડ તરીકે પણ જાણીતો હતો. ગાંગલી આજે ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડના પ્રમુખ તરીકે છે. પોતાના રમતના ગાળા દરમિયાન ગાગુલીએ વિશ્વના શ્રેષ્ઠ બેટ્સમેન તરીકે પોતાની છાપ ઉભી કરી હતી. ક્રિકેટ વર્લ્ડમાં સૌથી મહાન કેપ્ટન પૈકી એક તરીકે પણ તેના સ્થાન મળે છે. ટેસ્ટ ક્રિકેટમાં સૌરવ ગાંગુલીએ ૧૧૩ ટેસ્ટ મેચમાં ૭૨૧૨ રન બનાવ્યા હતા. જેમાં તેની સરેરાશ ૪૨.૧૭ રનની રહી હતી. ટેસ્ટ ક્રિકેટમાં ૧૬ સદી ફટકારી હતી. જ્યારે ૩૫ અડધી સદી બની હતી. આવી જ રીતે વનડે ક્રિકેટમાં સૌરવ ગાંગુલીએ ૩૧૧ રનની સરેરાશ સાથે ૧૧૩૬૩ રન બનાવ્યા હતા. જેમાં તેની સરેરાશ ૪૧.૦૨ રનની રહી હતી. વનડેમાં તે ૨૨ સદી અને ૭૨ અડધી સદી કરવામાં સફળ રહ્યો હતો. ટોપ સ્કોર તેનો વનડેમાં ૧૮૩ અને ટેસ્ટ ક્રિકેટમાં ૨૩૯ રનનો રહ્યો હતો. હાલમાં પણ તે વનડે ક્રિકેટમાં સૌથી વધુ રન કરનાર આઠમો બેટ્સમેન છે. વર્ષ ૨૦૦૨માં તે ઓલટાઇમના છ સૌથી મહાન વનડે ખેલાડીની યાદીમાં સામેલ રહ્યો હતો. જેમાં વિવ રીચર્ડસ, સચિન તેન્ડુલકર, બ્રાયન લારા, ડીન જોન્સ અને માઇકલ બેવનનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૦૩ની વર્લ્ડ કપની ફાઇનલમાં સૌરવ ગાંગુલીએ ભારતનુ નેતૃત્વ કર્યુ હતુ. જો કે તે ઓસ્ટ્રેલિયા સામે હારી ગઇ હતી. તેના ક્રિકેટના આંકડા જ તેના શ્રેષ્ઠ હોવાની સાબિતી આપે છે.

ફિલ્મી ગપસપ...

અભિનેત્રી પ્રિયંકા ચોપરા માતા બનવાની છે..!?

મુંબઇ

બોલિવૂડ અભિનેત્રીએ પ્રિયંકા ચોપરાના ઘરમાં નવુ મહેમાન આવવાની તૈયારીમાં છે. નવા મહેમાનને આવકારવાની તૈયારીઓ પણ હાથ ધરી દેવામાં આવી છે. જોકે આ મામલે હજી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.



પ્રિયંકા ચોપરાની જેઠાણી અને જો જોનાસની વાઇફ સોફી ટર્નરના ઘરે નાનું મહેમાન આવવાનું છે. સોફી ટર્નર અને જો જોનાસ તેમના પહેલા બાળકનું સ્વાગત કરવા તૈયાર છે. આ મામલે તેમના તરફથી કોઇ અધિકૃત જાહેરાત નથી કરવામાં આવી. સુત્રોના જણાવ્યા પ્રમાણે, ૨૩ વર્ષની સોફી પ્રેગનેન્ટ છે. હાલ તો કપલે આ ખબર ખાલી પરિવાર અને નજીકના કેટલાક મિત્રોને જ જણાવ્યા છે.

મીડિયાના રિપોર્ટ મુજબ જો અને સોફી આ બાબત ખાનગી રાખવા માંગે છે. જોકે, પરિવારના લોકોને આ અંગે જાણકારી આપી કપલ ખૂબ જ ખુશ છે. પ્રેગ્નેન્સી છુપાવવા સોફી હાલ તેવા આઉટફિટ પહેરી રહી છે. ઉલ્લેખનીય છે કે સોફી ટર્નર અને જો જોનાસ વર્ષ ૨૦૧૬થી એક બીજાને ડેટ કરી રહ્યા છે. અને ૨૦૧૭માં તેમણે સગાઇ કરી હતી. તે પછી ગત વર્ષે બિલબોર્ડ મ્યૂઝિક એવોર્ડ્સ પછી એક સરપ્રાઇઝ સેરેમનીમાં સોફી અને જોએ મેમાં લગ્ન કરી લીધા હતા.

ફિલ્મ છલાંગની રિલિઝ ડેટમાં ફેરફાર: હવે ૧૨ જૂને રિલિઝ થશે

મુંબઇ

રાજકુમાર રાવ અને નુશરત ભરૂચા સ્ટારર ફિલ્મ 'છલાંગ'ની રિલીઝ ડેટમાં ફેરફાર થયો છે. અગાઉ આ ફિલ્મ ૩૧ જાન્યુઆરીના રોજ રિલીઝ થવાની હતી પછી ફેરફાર કરીને ૧૩ માર્ચ રિલીઝ ડેટ રખાઈ હતી. પરંતુ હવે ફિલ્મ ૧૨ જૂનના રોજ રિલીઝ થવાની છે. ફિલ્મનું નામ અગાઉ 'તુર્રમ ખાન' હતું પરંતુ તેને પણ બદલીને 'છલાંગ' રાખવામાં આવ્યું. 'સિમરન', 'સિટીલાઇટ્સ' ફેમ ડિરેક્ટર હંસલ મહેતા આ ફિલ્મના ડિરેક્ટર છે.

રાજકુમાર રાવ અને નુશરત ભરૂચા ૮ વર્ષ બાદ ફરી સાથે 'છલાંગ' ફિલ્મથી સ્ક્રીન શેર કરવાના છે.

બ્રિટિશ રેપર સ્લોથાઈએ એવોર્ડ શોમાં ફેન્સ પર શેમ્પેઈનનો ગ્લાસ ફેંકી ઝપાઝપી કરી

ફેન્સની ટિપ્પણીથી લાલચોળ થઈ ગયેલા રેપર પર સોશિયલ મીડિયામાં ફિટકાર

લંડન

બ્રિટિશ રેપર સ્લોથાઈએ એનએમઈ એવોર્ડમાં પર્ફોર્મન્સ દરમિયાન સ્ટેજ પરથી એક દર્શક પર શેમ્પેઈન ભરેલો ગ્લાસ ફેંક્સો હતો. આટલું જ નહીં બાદમાં રેપર સ્ટેજ પરથી નીચે કૂદી ગયો હતો અને ફેન્સ સાથે ઝપાઝપી પણ કરવા લાગ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ રેપર સ્લોથાઈએ હીરો ઓફ ધ યર એવોર્ડ મેળવ્યો હતો. પહેલા સ્ટેજ ઉપર એવોર્ડ શોની હોસ્ટ કેથરિન રાયન સાથે શરૂઆતમાં અભદ્ર ચેનચાળા કર્યા હતા. રેપરે સ્ટેજ પર એંકર કેથરિનની છાતિ પર તેનું માથું મૂકી દીધું હતું જેને પગલે એંકર ક્ષોભમાં મુકાઈ ગઈ હતી, જો કે બાદમાં તેણે પરિસ્થિતિ સંભાળી લીધી હતી. જો કે સ્લોથાઈએ તેના પર્ફોર્મન્સ અગાઉ કરેલા આ કૃત્યથી શોમાં હાજર ફેન્સે જાતભાતની ટિપ્પણીઓ કરી હતી. ઉશ્કેરાયેલા ૨૫ વર્ષીય રેપરે પહેલા પોતાનું માઈકોફોન ઓડિયન્સ તરફ ફેંક્યું હતું અને એક વ્યક્તિને બોલાવી તેને માઈક ઉપાડવા જણાવ્યું તેમજ તેને 'વેસ્ટમેન' તરીકે સંબોધ્યો હતો. થોડી વારમાં તેના પર્ફોર્મન્સ દરમિયાન આગળની હરોળમાંથી કોઈ ફેને ટિપ્પણી કરતા રેપર સ્લોથાઈએ શેમ્પેઈન સાથેનો ગ્લાસ આ દર્શક તરફ ફેંક્યો હતો. આટલું ઓછું હોય તેમ બાદમાં તે દર્શોક વચ્ચે કૂદી પડ્યો હતો અને ઝપાઝપી પણ કરવા લાગ્યો હતો.

પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત ફેશન ડિઝાઇનર વેન્ડેલ રોડ્રિક્સનું નિધન

પણજી

ગોવાના ખ્યાતનામ ફેશન ડિઝાઇનર વેન્ડેલ રોડ્રિક્સનું ૫૯ વર્ષની વયે નિધન થયું છે. વેન્ડેલનો મૃતદેહ ગોવામાં સ્થિત એમના ઘરમાંથી મળી આવ્યો છે. તેઓ એક ફેશન ડિઝાઇનરની સાથે-સાથે લેખક, પર્યાવરણ એક્ટિવિસ્ટ અને ગે રાઇટ્સ પર પોતાના બેબાક મંતવ્ય આપવા માટે પણ જાણીતા હતા. તેમણે ૨૦૦૩માં અમિતાભ બચ્ચન અને કેટરીના કૈફની વિવાદાસ્પદ ફિલ્મ બૂમમાં કૈમિયો રોલ પ્લે કર્યો હતો. આ સિવાય ૨૦૦૮માં આવેલી ફેશન ફિલ્મમાં પોતોના કેરેક્ટરને ભજવ્યું હતું.

૨૦૧૪માં પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત રોડ્રિક્સનો જન્મ ૨૮ મે ૧૯૬૦માં થયો હતો, તેઓ ગોવાના કેથોલિક પરિવાર સાથે સંબંધ ધરાવતા હતા. ૨૦૦૨માં પેરિસમાં જેરોમ મારેલ સાથે લગ્ન કર્યા હતા. વેન્ડેલ કેટલાક સમય પહેલા ગ્રેમી એવોર્ડમાં પ્રિયંકા ચોપડાના ડ્રેસ પર ટિપ્પણીને કારણે ચર્ચિત બન્યા હતા.

વર્ષ ૧૯૯૦માં એમના ફર્સ્ટ કલેક્શનને શોકેસ કરવામાં આવ્યો હતો જે પછી તેમણે ગુરુ ઓફ મિનિમલિજમનો ટેગ મેળવ્યો હતો. ત્યારબાદ તેમણે ઈન્ડિયન ફેશનમાં ઈકો ફ્રેન્ડલી ગાર્મેન્ટ પર ફોકસ કર્યું.

સના ખાને બૉયફ્રેન્ડ સાથે બ્રેક કરી આરોપો લગાવ્યા



મુંબઇ

સના ખાને તાજેતરમાં આપેલા ઈન્ટરવ્યુમાં બ્રેકઅપનો ખુલાસો કર્યો છે. આ સાથે જ ઈન્સ્ટાગ્રામ પર લાંબી પોસ્ટ શેર કરી છે. તેમણે મીડિયા સાથેની ચર્ચામાં કહ્યું કે, મેં મેલ્વિનને બ્રેકઅપ કરી દીધું છે. તે કહે છે કે, મેલ્વિન તેની સાથે હંમેશા છેતરપિંડી કરી છે. જેથી તેને દુઃખ પહોંચ્યું છે. તે દિલથી સંબંધ નિભાવી રહીં હતી, પરંતુ તેને રિલેશનશિપમાં દગો મળ્યો છે. તેણે કહ્યું કે, હું ખુબ દુઃખી છું અને બ્રેકઅપે મને ઝટકો આપ્યો છે. હું ખૂબ ચિંતામાં અને ડિપ્રેશનમાં છું. સનાએ ઈન્સ્ટાગ્રામમાં લાંબી પોસ્ટ કરીને લખ્યું કે, મેલ્વિન ધૂણાથી ભરાયેલો વ્યક્તિ છે. મેં તેના પર સંપૂર્ણ વિશ્વાસ કર્યો અને તેના બદલામાં મને દગો મળ્યો છે. સના ખાને બૉયફ્રેન્ડ પર ઘણી બધી છોકરીઓ સાથે છેતરપિંડી કરવાનો આરોપ પણ લગાવ્યો છે. સનાની આ પોસ્ટ પર સંભાવના સેઠ અને શ્રદ્ધા આર્યા જેવી એક્ટ્રેસની પ્રતિક્રિયા પણ સામે આવી છે.

રિચા ચઢ્ઢા બોયફ્રેન્ડ અલી ફઝલ સાથે પ્રભુતામાં પગલા પાડે તેવી શક્યતા

મુંબઇ

બોલીવુડ અભિનેત્રી રિચા ચઢ્ઢા તેના બોયફ્રેન્ડ અલી ફઝલ સાથે લગ્ન કરીને આ વર્ષની પહેલી લગ્ન કરનારી બોલીવુડ જોડી બની શકે છે. વર્ષ ૨૦૧૩ માં તેમની મુલાકાત ફિલ્મ 'ફુકરે' થી થઈ હતી. બંને ૫ વર્ષથી ડેટિંગ કરી રહ્યા છે. તેની સાથે હવે તે ક્ષણ આવી રહી છે. જેનાં બંને સ્ટાર્સનાં ચાહકો આતુરતાથી હતા.



રિપોર્ટ મુજબ, બંને સ્ટાર્સ હવે પોતાના સંબંધોને આગળના તબક્કે લઈ જવા માંગે છે. આ દંપતીની નિકટતાએ એ વાતનો ખુલાસો કર્યો છે કે આ દંપતી આ વર્ષે ચોમાસામાં એટલે કે જૂન-જુલાઈમાં લગ્ન કરવાનું વિચારે છે. જે માટેની તૈયારી જોરશોરથી શરૂ થઈ ગઈ છે.

અહેવાલો અનુસાર, 'રિચા અને અલી સાથે ખૂબ ખુશ છે અને તેમના બોન્ડને વધુ મજબૂત કરવા માટે આગળનું પગલું ભરવા તૈયાર છે. મુંબઈ અને દિલ્હીના વેન્યૂ ફંકશન માટે નક્કી કરવામાં આવ્યા છે. બંને પરિવારોના લોકો સ્થળનું લીસ્ટ બનાવી રહ્યા છે, પરંતુ લગ્નની તારીખ પછી જ સ્થળનો નિર્ણય લેવામાં આવશે.

રામ ચરણે પોતાનો વાયદો પૂરો કર્યોઃ નૂર મોહમ્મદના પરિવારને ૧૦ લાખ આપ્યા

મુંબઇ

ડિસેમ્બર ૨૦૧૯માં સાઉથ સ્ટાર્સનો મોટા ફેન નૂર મોહમ્મદનું નિધન થયું હતું. કે જે રામ ચરણ, ચિરંજીવી અને અલ્લુ અર્જુન જેવા અભિનેતાનો મોટો ફેન હતો. સાઉથના મોટા મોટા સ્ટાર્સે ત્યારે શોક પણ જતાવ્યો હતો. સાથે જ એના પરિવારને આર્થિક સહાય આપવાની પણ વાત કરી હતી.

હવે સુપરસ્ટાર રામ ચરણે તેનો આ વાયદો પુરો કર્યો છે. તેણે નૂર મોહમ્મદના પરિવાર સાથે મુલાકાત કરી અને તેને ૧૦ લાખનો ચેક આપ્યો છે. તેમજ રામ ચરણે કહ્યું કે, આગળ પણ જ્યાં જરૂર પડે ત્યાં હું સહાય કરીશ. સોશિયલ મીડિયા પર રામ ચરણની તસવીરો ખુબ વાયરલ થઈ રહી છે. રામ ચરણને ૧૦ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ ધ પીપલ્સ એન્ટરટેનર પર એક્સિલેન્સ એવોર્ડ આપવામાં આવ્યો છે. અભિનેતાએ આ એવોર્ડ તેમના દિવંગત ફેન નૂર મોહમ્મદને સમર્પિત કર્યો છે. એટલું જ નહીં પણ આ સમયે તે ઈમોશનલ પણ થઈ ગયો હતો. ત્યાં જ નૂરના ભાઈના નિધનની ખબર સાંભળીને અલ્લુ અર્જુન સહિત બધા સ્ટાર્સ નૂરના ભાઈના પરિવારને સાંતવના આપવા એના ઘરે પહોંચ્યા હતા.

રમત જગત વિશેષ

શમી વકીલો પર મારો કેસ નહીં લડવા માટે દબાણ કરે છેઃ હસીનનો આરોપ

શમીની પત્ની હસીન જહાંનો કેસ લડવા એક પણ વકીલ તૈયાર નહિ,જાતે લડશે

અમરોહા

ભારતીય ક્રિકેટર મોહમ્મદ શમીની પત્ની હસીન જહાં સાથેના વિવાદમાં રસપ્રદ વળાંક લીધો છે. કોઈ પણ વકીલ હસીન જહાંનો કેસ લડવા માટે તૈયાર નથી થઈ રહ્યા જેથી તે હવે પોતાનો કેસ જાતે જ લડવા જઈ રહી છે. હસીને પોલીસ પર પોતાના અને પોતાની દીકરી સાથે અભદ્ર વ્યવહાર કરવાનો આરોપ લગાવ્યો છે. પોલીસ વિરુદ્ધ અલ્હાબાદ હાઈકોર્ટમાં તે પોતાનો કેસ પોતાની જાતે જ લડશે.

હસીને પોલીસ પર અભદ્ર વ્યવહારનો આરોપ લગાવતા હાઈ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. તેણે આક્ષેપ કર્યો હતો કે શમી વકીલો પર કેસ નહીં લેવા દબાણ કરી રહ્યા છે. તેણે જણાવ્યું કે એક વકીલે તેનો કેસ હાથમાં લીધો હતો પછી બીજા દિવસે તેમણે સ્વાસ્થ્યનું બહાનું કરીને પોતે આ કેસમાંથી ખસી ગયા હતા. અન્ય એક વકીલ સાથે જ્યારે તેણે સંપર્ક કર્યો ત્યારે તે પણ તેની સાથે બહાનાબાજી કરવા લાગ્યો હતો. જેના કારણે હવે તેણે પોતાની જાતે જ કેસ લડવાનો નિર્ણય કરી લીધો છે.

હસીને પોતાની અરજીમાં કહ્યું છે કે ૨૮ એપ્રીલ ૨૦૧૯ના રોજ તે પોતાની દીકરી અને તેની મેઈડની સાથે અમરોહા સ્થિત પોતાના સાસરે ગઈ હતી. સાંજે સાડા આઠ વાગ્યે SHO દેવેન્દ્ર કુમાર અન્ય પોલીસ અધિકારીઓની સાથે તેના ઘરે આવ્યા હતા અને વાતચીત કરીને ચાલ્યા ગયા હતા. રાત્રે ૧૨ વાગ્યે ફરીથી પોલીસ તેના ઘરે આવી હતી.

ઓલ-રાઉન્ડર રોબિન સિંહ સંયુક્ત આરબ અમિરાતનો ક્રિકેટ ડિરેક્ટર નીમાયો

દુબઇ

ભારતના ભૂતપૂર્વ ઓલ-રાઉન્ડર રોબિન સિંહની સંયુક્ત આરબ અમિરાતના ક્રિકેટ ડિરેક્ટર તરીકે નિમણૂક થઈ છે, એવા અહેવાલ સ્થાનિક પ્રસાર માધ્યમોમાં જાણવા મળ્યા હતા. ૫૬ વર્ષનો રોબિનની ડગી બ્રાઉનને મુખ્ય કોચના હોદ્દા પરથી ત્રણ વર્ષ બાદ દૂર કરાયા પછી નિમણૂક કરાઈ હતી, એમ તે અહેવાલમાં વધુમાં કહેવામાં આવ્યું હતું.

રોબિન ૧૯૮૯-૨૦૦૧ દરમિયાન ભારત વતી એક ટેસ્ટ અને ૧૩૬ વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં રમ્યો હતો અને કોચિંગ ક્ષેત્રે તેણે ઘણી નામના મેળવી છે. તેણે આઈ. પી. એલ. (ઈન્ડિયન પ્રીમિયર લીગ)માં મુંબઈ ઈન્ડિયન્સ, કેરેબિયન ક્રિકેટ લીગ (સી. પી. એલ.)માં બાર્બેડોઝ ટ્રાઈડન્ટ્સ જોડે કામગીરી બજાવી હતી.

આજે ભારત-ન્યૂઝીલેન્ડ ઈલેવન વચ્ચે પ્રેક્ટિસ મેચઃ ઓપનિંગ જોડીની અગ્નિ પરીક્ષા

હેમિલ્ટન

ભારતીય ટીમ શુક્રવારથી જ્યારે ન્યૂઝીલેન્ડ XI વિરુદ્ધ ત્રણ દિવસીય પ્રેક્ટિસ મેચમાં ઉતરશે, તો બધાની નજર ઓપનિંગ જોડી અને સ્પિનરો પર રહેશે. વનડે સિરીઝમાં ૦-૩થી પરાજય બાદ વિરાટ કોહલીની ટીમ માટે આગામી સમાહે શરૂ થઈ રહેલી બે મેચોની ટેસ્ટ સિરીઝની પહેલા આ પ્રેક્ટિસ મેચ ખુબ મહત્વની છે. આ મેચ ભારતીય સમયાનુસાર સવારે ૭.૩૦ કલાકે શરૂ થશે.

ભારત આનાથી સારી પ્રેક્ટિસ મેચની આશા કરી શકતું નહોતું કારણ કે વિરોધી ટીમમાં ન્યૂઝીલેન્ડના ઘણા સીનિયર અને એ ટીમના ખેલાડીઓને સ્થાન મળ્યું છે, જેમાં લેગ સ્પિનર ઈશ સોઢી, ઓલરાઉન્ડર જિમી નીશામ અને વિકેટકીપર ટીમ સીફર્ટ પણ સામેલ છે.

ટીમમાં હાલમાં સીમિત ઓવરોની સિરીઝ રમનાર સ્કાટ કુગ્ગેલેન અને બ્લેયર ટિક્નર પણ સામેલ છે, જેથી પૃથ્વી શો અને શુભમન ગિલ બંન્નેને પ્રેક્ટિસ કરવાની સારી તક મળશે. આ બંન્ને ૨૧ ફેબ્રુઆરીથી વેલિંગ્ટનમાં શરૂ થઈ રહેલી પ્રથમ ટેસ્ટની અંતિમ ઈલેવનમાં જગ્યા બનાવવાની દાવેદારી રજૂ કરી રહ્યાં છે.

ટીમ આ પ્રકારે છે-

ભારતઃ વિરાટ કોહલી (કેપ્ટન), મયંક અગ્રવાલ, પૃથ્વી શો, ચેતેશ્વર પૂજારા, અંજિક્ય રહાણે, રિદ્ધિમાન સાહા, હનુમા વિહારી, રવીન્દ્ર જાડેજા, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી, ઉમેશ યાદવ, રવિચંદ્રન અશ્વિન, રિષભ પંત, નવદીપ સૈની અને શુભમન ગિલ.

ન્યૂઝીલેન્ડ XI:

ડેરિલ મિશેલ (કેપ્ટન), ફિન એલન, ટોમ બ્રૂસ, ડેન ક્લીવર, હેનરી કૂપર, સ્કોટ કુગ્ગેલેન, જિમી નીશામ, રચિન રવીન્દ્ર, ટિમ સીફર્ટ, ઈશ સોઢી, બ્લેયર ટિક્નર અને વિલ યંગ. ૧૩મો ખેલાડીઃ જેક ગિબ્સન (શુક્રવાર) અને સ્કોટ જાનસન (શનિવાર અને રવિવાર).

ધોની ભારતનો ઓલ ટાઇમ બેસ્ટ કેપ્ટનઃ સુરેશ રૈના

મુંબઇ

ભારતીય બેટ્સમેન સુરેશ રૈનાનું માનવું છે કે મહેન્દ્રસિંહ ધોની ભારતનો ઓલટાઈમ બેસ્ટ કેપ્ટન છે. રૈના ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ધોની હેઠળ ચેન્નાઇ સુપરકિંગ્સ માટે રમે છે. તેણે સ્ટાર સ્પોર્ટ્સના 'ધ સુપર કિંગ્સ' શોમાં કહ્યું કે, મને લાગે છે કે ધોની ભારતનો શ્રેષ્ઠ કેપ્ટન છે અને તેણે ટીમમાં ઘણા પોઝિટિવ ફેરફાર કર્યા છે. હવે તેનો જ અનુભવ અમે સીએસકેના ડ્રેસિંગ રૂમમાં કરી રહ્યા છીએ.

૩૮ વર્ષીય ધોનીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે. આશ્ચર્યની વાત એ છે કે તે ૨૦૧૯ના વર્લ્ડ કપની સેમિફાઈનલ પછી એકપણ ઈન્ટરનેશનલ મેચ રમ્યો નથી. રૈનાએ કહ્યું કે, અમે ખુશ છીએ કે હવે વધુ ફેન્સ મેચ જોવા આવી શકશે અને અમારો ઉત્સાહ વધારશે.

તેણે વધુ ઉમેરતા કહ્યું કે, આ વખતની સીઝનમાં અમારી પાસે ટીમમાં સારું ટેલેન્ટ છે. સ્પિનમાં પિયુષ ચાવલા અને સાઈ કિશોરના રૂપમાં સારા વિકલ્પ છે. જ્યારે સેમ કરન જેવો ઓલરાઉન્ડર અને જોસ હેઝલવુડ જેવો ફાસ્ટ બોલર પણ છે. ટીમમાં અનુભવી અને યુવા ખેલાડીઓનું સારું મિશ્રણ છે.

રોડ સેફ્ટી વર્લ્ડ સિરિઝ રમાશે જેનો પ્રારંભ ૭ માર્ચે થશે

ફરી એકવાર સચિન-સેહવાગ ઓપનિંગ કરતા જોવા મળશે

ન્યુ દિલ્હી

દુનિયાભરના ક્રિકેટપ્રેમીઓ માટે ખુશખબર છે. ક્રિકેટ પ્રશંસકો ફરી એક વખત સચિન તેંડુલકર અને વીરેન્દ્ર સેહવાગની પોતાની મનપસંદ જોડીને ઓપનિંગ કરતા જોઈ શકશે. આ દિગ્ગજ જે ટીમ સામે ઓપનર તરીકે મેદાનમાં ઉતરવા જઈ રહ્યા છે તેની કેપ્ટનશિપ વેસ્ટ ઈન્ડીઝના મહાન બેટ્સમેન બ્રાયન લારાના હાથમાં છે. આ રોડ સેફ્ટી વર્લ્ડ સિરીઝમાં કુલ ૧૧ મુકાબલા રમાશે. જેની શરુઆત સચિન તેંડુલકર અને બ્રાયન લારાની ટીમો વચ્ચેના મુકાબલાથી થશે.

સચિનની ટીમ ઈન્ડિયા લીજેન્ડ્સ અને બ્રાયન લારાની ટીમ વેસ્ટ ઈન્ડીઝ લીજેન્ડ્સ વચ્ચે આ મુકાબલો ૭ માર્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે. ગુરુવારે આ શ્રેણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં કુલ ૧૧ મેચ રમાશે. પૂર્વ ભારતીય કેપ્ટન સુનીલ ગાવસ્કર આ શ્રેણીના કમિશ્નર છે. આ મેચ સાંજે ૭ કલાકેથી શરુ થશે.

રોડ સેફ્ટી વર્લ્ડ શ્રેણીમાં વીરેન્દ્ર સેહવાગ, સચિન તેંડુલકરની કેપ્ટનશિપમાં રમશે. ટૂર્નામેન્ટમાં છ ટીમો ભાગ લેશે. જેમાં ઈન્ડિયા લીજેન્ડ્સ, ઓસ્ટ્રેલિયા લીજેન્ડ્સ, દક્ષિણ આફ્રિકા લીજેન્ડ્સ, શ્રીલંકા લીજેન્ડ્સ અને વેસ્ટ ઈન્ડીઝ લીજેન્ડ્સ સામેલ છે. ટૂર્નામેન્ટમાં ૧૦ લીગ મેચ રમાશે. જેમાં બધી ટીમો એકબીજા સામે રમશે. આ પછી બે બેસ્ટ ટીમો વચ્ચે ફાઇનલ રમાશે. ફાઇનલ ૨૨ માર્ચે મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમમાં રમાશે.

ઓપનિંગ કરવી મારા માટે નવી વાત નથીઃ શુભમન ગિલ

હેમિલ્ટન

ભારતીય બેટ્સમેન શુભમન ગિલ અને પૃથ્વી શો વચ્ચે ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં વેલિંગ્ટન ખાતે બીજા ઓપનર તરીકે રમવાની સ્પર્ધા ચાલી રહે છે. મયંક અગ્રવાલનું સ્થાન ટીમમાં નક્કી છે, તેવામાં તેની સાથે ગિલ ઓપનિંગ કરશે કે પૃથ્વી તે જોવાનું છે. ગિલે કહ્યું કે, ટીમ મેનેજમેન્ટ નક્કી કરશે કે તેમને મયંક સાથે કોની પાસે ઓપનિંગ કરાવી છે. મારા અને પૃથ્વી વચ્ચે આ બાબતે કોઈ તણાવ નથી. અમારા બંનેમાંથી જેને પણ રમવા મળશે તે તકનો ફાયદો ઉઠાવશે. અમારા કરિયરની શરૂઆત સાથે થઈ હતી. બંનેએ અત્યાર સુધી વિવિધ લેવલે સારું પ્રદર્શન કર્યું છે. ટીમ મેનેજમેન્ટ નક્કી કરશે કે કોણ રમે છે.

પૃથ્વી શો નેચરલ ઓપનર છે, જ્યારે ગિલ ચોથા સ્થાને રમતો આવ્યો છે. ઓપનિંગ બેટિંગ વિશે તેણે કહ્યું કે, હું ઓપનિંગ કરી શકું છું. આ મારા માટે કોઈ પડકાર નથી.

આરસીબીએ સોશિયલ મીડિયા પરથી નામ અને ફોટો હટાવતા વિરાટ કોહલી ભડક્યો

મુંબઇ

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ફ્રેંચાઇઝી રોયલ ચૈલેંજર્સ (RCB)એ પોતાના સોશિયલ મીડિયાના ગણા એકાઉન્ટથી પ્રોફાઇલ ફોટો હટાવી લીધો છે. સાથે જ તેને પોતાના નામમાં પણ બદલાવ કર્યો છે. આથી ન માત્ર તેના પ્રશંસક પરંતુ કેપ્ટન વિરાટ કોહલી પણ હૈરાન છે.

વિરાટ કોહલી હામલાં ન્યૂઝીલેન્ડના પ્રવાસે છે. તેણે ગુરૂવારે ટ્વીટ કરીને લખ્યુ,'પોસ્ટ ગાયબ થઇ જાય છે અને કેપ્ટનને તેની સુચના પણ આપવામાં આવતી નથી @rcbtweets તમને કોઇ પણ પ્રકારની મદદની જરૂર હોય તો મને જણાવો'.

ત્યાં જ લેગ સ્પિનર યુજવેન્દ્ર ચહલ પણ દંગ રહી ગયો. ન્યૂઝીલેન્ડ પ્રવાસથી પરત ફરેલ ચહલે ટ્વીટ કરી લખ્યુ,'અરે આસીબી, આ શું ગુગલી છે? તમારો પ્રોફાઇલ ફોટો અને ઇન્સ્ટાગ્રામ પોસ્ટ ક્યાં ગઇ?' વિરાટ કોહલીની કમ્પાનીવાળી ઇઝમ્ની ટીમે પોતાના આધિકારિક ટ્વીટર હેન્ડલનું નામ બદલી નાંખ્યુ છે, જેને ગણા લોકોને વિચારવા પર મજબૂર કર્યા છે. આ એકાઉન્ટથી પોતાની ડિસ્પ્લે પિક્ચર અને કવર ફોટો પણ હટાવી દેવામાં આવ્યો છે અને નામને બદલી 'રોયલર ચેલેન્જર્સ' કરી દેવામાં આવ્યું છે.

આસામ સરકારનો મોટો નિર્ણય

સરકાર દ્વારા સંચાલિત તમામ મદરેસાઓ અને સંસ્કૃત શાળાઓ બંધ કરાશે

દિબ્રૂગઢ

આસામ સરકારે રાજ્યમાં સરકાર દ્વારા સંચાલિત તમામ મદરેસાઓ અને સંસ્કૃત ટોલ (શાળાઓ) બંધ કરવાનો નિર્ણય લીધો છે. રાજ્યમાં કાર્યરત ધાર્મિક શાળાઓને થોડા મહિનામાં ઉચ્ચ શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રૂપાંતરિત કરવામાં આવશે.

આસામ સરકારે શિક્ષણ અને ધર્મને લઈને એક સ્પષ્ટતા કરતા એક નિર્ણય લીધો છે. આ અંગે વાત કરતા આસામનાં શિક્ષણ પ્રધાન હેમંત વિશ્વ શર્માએ કહ્યું કે, અમે તમામ મદરેસાઓ અને સંસ્કૃત શાળાઓને ઉચ્ચ શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રૂપાંતરિત કરવાનો નિર્ણય લીધો છે. કારણ કે, રાજ્યો ધાર્મિક સંસ્થાઓને ભંડોળ આપી શકતા નથી. જો કે, એનજીઓ / સામાજિક સંસ્થાઓ દ્વારા સંચાલિત મદરેસાઓ ચાલુ રહેશે.

હેમંત વિશ્વ શર્માએ એમ પણ કહ્યું હતું કે, 'ધાર્મિક હેતુ માટે ધર્મ, ધાર્મિક શાસ્ત્રા, અરબી અને અન્ય ભાષાઓ શીખવવી એ સરકારનું કામ નથી.' તેમણે કહ્યું કે, 'જો કોઈ એનજીઓ અથવા સામાજિક સંસ્થા ધર્મ શીખવવા માટે તેના નાણાં ખર્ચ કરે છે, તો ત્યાં કોઈ સમસ્યા નથી. પરંતુ તેને નિયમનકારી માળખામાં પણ કામ કરવું પડશે.' તેમણે કહ્યું કે, 'જો મદરેસાઓ કુરાન શીખવવા માટે રાજ્યનાં ભંડોળનો ઉપયોગ કરશે, તો અમારે ગીતા, બાઈબલ પણ શીખવવું પડશે.

શેરબજારમાં તેજી અટકી: સેન્સેક્સ ૧૦૬ અંક ઘટી ૪૧,૪૫૯એ બંધ

મુંબઈ

શેરબજાર બે દિવસીય તેજી બાદ ગુરુવારે લાલ નિશાન સાથે ખુલ્યું. એક સમયે ૨૦૦ થી વધુ પોઈન્ટની ખોટ સહન કર્યા પછી, તે છેલ્લી ક્ષણે થોડુંક સંતુલન જોવા મળ્યું અને ૧૦૬.૧૧ પોઈન્ટ ઘટીને ૪૧,૪૫૯.૭૯ પર બંધ થયો. નિફ્ટી પણ લાલ નિશાન સાથે બંધ થયો. નિફ્ટી ૨૬.૫૫ પોઈન્ટના ઘટાડા સાથે ૧૨,૧૭૪.૬૫ ની સપાટીએ બંધ થયો. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૨૧ લાભમાં અને ૨૯ નુકસાનમાં રહ્યાં. સેન્સેક્સના મોટાભાગના ૩૦ શેરો લાલ નિશાન સાથે બંધ થયા છે.

આજના પ્રારંભિક વેપારમાં નાણાકીય સેવાઓ, ધાતુ, બેંકિંગ, ઓટો અને એફએમસીજી શેરો દબાણ હેઠળ છે. તો આઈટી, મીડિયા, રિયલ્ટી અને ફાર્મા શેરોમાં તેજી જોવા મળી રહી છે. આજે બીપીસીએલ, ઈન્ફ્રાટેલ, વેદાંત લિમિટેડ, યસ બેંક, એસબીઆઈ, ઈન્ફોસીસ, ઝી લિમિટેડ અને ઓએનજીસીના શેર લીલા નિશાન પર ખુલ્યા. બજાજ ફાઇનાન્સ, હિન્દુસ્તાન યુનિલિવર, બીપીએલ, જેએસડબ્લ્યુ સ્ટીલ, ઈન્ડસઈન્ડ બેંક, એચસીએલ ટેક, એક્સિસ બેંક, એમ એન્ડ એમ અને ગેઈલ લાલ નિશાન પર છે.

સેન્સેક્સ પેકમાં સૌથી વધારે ઘટાડો નોંધાવનાર શેરોમાં ઈન્ડસઈન્ડ બેંક, મારુતિ, કોટક બેંક, ટાટા સ્ટીલ, આઈસીઆઈસીઆઈ બેંક, એનટીપીસી, એચસીએલ ટેકનો સમાવેશ થતો હતો. જ્યારે સૌથી વધારે સુધારો નોંધાવનાર શેરોમાં એસબીઆઈ, ટાઈટન, એમએન્ડએમ, નેસ્લે, ઈન્ફોસિસ, ટીસીએસના શેરનો સમાવેશ થતો હતો. બીએસઈ સેન્સેક્સ ૨૧૧.૬૫ પોઈન્ટ એટલે કે ૦.૫૧ ટકા ગગડી ૪૧,૩૫૪.૨૫ જ્યારે નિફ્ટી ૫૭.૪૦ પોઈન્ટ અથવા ૦.૪૭ ટકા ગગડી ૧૨,૧૪૩.૮૦ રહી હતી.

બીએસઈ ખાતે કુલ ટ્રેડેડ ૨૩૪૦ સ્ક્રીપ પૈકી ૯૩૨ સ્ક્રીપમાં તેજી અને ૧૨૭૭ સ્ક્રીપમાં મંદી જોવા મળતી હતી. જોકે ૧૩૧ સ્ક્રીપના ભાવ યથાવત રહ્યા હતા.

રાજસ્થાનના સીકરમાં ગેસ સિલિન્ડરમાં બ્લાસ્ટ: ૧૩ લોકો ઘાયલ

સીકર

રાજસ્થાનના સીકર જિલ્લામાં ગેસ સિલિન્ડરમાં વિસ્ફોટ થયો. ગેસ સિલિન્ડરનો આ વિસ્ફોટ એટલો ભયંકર હતો કે જેમાં ૧૩ લોકો ઈજાગ્રસ્ત થયા. ઈજાગ્રસ્તોમાં ૯ લોકોની હાલત અત્યંત ગંભીર છે. તમામ ઈજાગ્રસ્તોને જયપુરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સિલિન્ડર બ્લાસ્ટના કારણે આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી.

આ આગને કાબૂમાં લેવા માટે ફાયર ફાઈટર્સની ગાડીઓ તુરંત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને આગને કાબૂમાં લેવામાં આવી. જો કે આ ઘટનામાં કોઈની પણ જાનહાનીના સમાચાર નથી.

દિલ્હી પોલીસે ૧૦ને અયકાયતમાં લીધા

ગાર્ગી કૉલેજ છેડતી મામલો: સુપ્રિમે સુનાવણીથી ઈન્કાર કર્યો

ન્યુ દિલ્હી

દિલ્હીના ગાર્ગી કોલેજની છોકરીઓની છેડછાડની સુનાવણી માટે સુપ્રીમ કોર્ટે નનામી ભણી છે. ગુરૂવારે મામલાની સીબીઆઈ તપાસની માંગ કરનાર અરજદારને ઊચ્ચ અદાલતે દિલ્હી હાઈકોર્ટ જવા કહ્યું. સીબીઆઈ તપાસની માંગ માટે એડવોકેટ એમ.એલ. શર્મા દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. એડ્વોકેટ શર્માએ દાખલ કરેલી અરજીમાં ભારત સરકાર અને સીબીઆઈને પ્રતિવાદીઓ તરીકે દર્શાવામાં આવ્યા હતા.

અરજદારે કહ્યું હતું કે, કોલેજમાં જે રીતે બહારના લોકોએ પ્રવેશ કર્યો હતો અને આટલા મોટા પાયે છોકરીઓ સાથે દુષ્કર્મ કર્યું હતું, તેની સીબીઆઈ તપાસ જરૂરી છે. ગાર્ગી કોલેજની વિદ્યાર્થીઓનો આરોપ હતો કે ૬ ફેબ્રુઆરીએ કેટલાક બાહરી લોકો કોલેજ કેમ્પસમાં ઘૂસી આવ્યા હતા અને ફેસ્ટ દરમ્યાન વિદ્યાર્થીનીઓ સથે છેડતી કરી હતી. આ ઘટના પછી વિદ્યાર્થિનીઓ દ્વારા કાર્યવાહીની માંગ કરતા વિરોધ પ્રદર્શનો પણ કરાયા હતા. ઘટના પશ્ચાત કોલેજ પ્રશાનની ચૂપીને લઈને પણ સવાલો ઊઠ્યા હતા. મામલાની દિલ્હી પોલીસ હૌજખાસમાં કેસ કરવામાં આવ્યો હતો. જે પરથી દિલ્હી પોલીસે ૧૦ આરોપીઓને અયકાયતમાં લીધા હતા. પોલીસના કહેવા મુજબ સીસીટીવી ફુટેજના આધારે ૩૦ શંકાસ્પદ વ્યક્તિઓની ઓળખ કરાઈ છે. આ શંકાસ્પદોને પકડવા પોલીસની ૧૧ ટીમો કામે લાગી ગઈ છે.

કોંગ્રેસ નેતા પી.એલ.પુનિયાએ વડાપ્રધાન મોદીની સરખામણી ગોડસે સાથે કરી

ન્યુ દિલ્હી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પ્રભારી પી એલ પુનિયાએ વડાપ્રધાન મોદી પર કરેલી ટિપ્પણીને કારણે વિવાદ સર્જાયો છે. પી એલ પુનિયાએ પીએમ મોદીની સરખામણી નાથુરામ ગોડસે સાથે કરી છે. છત્તીસગઢની રાજધાની રાયપુરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં પી એલ પુનિયાએ વિવાદિત નિવેદન આપ્યું હતું. તેમણે પીએમ મોદી દ્વારા સંસદમાં પહેલી વખત પ્રવેશ કરતી વખતે માથું ટેકવવાની ઘટનાનો ઉલ્લેખ કરતા કહ્યું કે મોદી અને ગોડસે બંને માથું નમાવીને હુમલો કરનારાઓ છે.

પીએમને લઈને આપેલાં વિવાદાસ્પદ નિવેદનમાં પીલ પુનિયાએ કહ્યુ, ૨૦૧૪માં પીએમ મોદી જ્યારે પહેલી વખત સંસદ પહોંચ્યા હતા ત્યારે બહાર પગથિયે માથું નમાવી અંદર પ્રવેશ કર્યો હતો. જે બાદ તેઓ સતત દેશની અર્થવ્યવસ્થા પર સતત હુમલાઓ કરી રહ્યા છે. નાથુરામ ગોડસેએ પણ ગાંધીજીની હત્યા કરતા પહેલા તેમને નમન કર્યું હતું. ત્યારબાદ ગાંધીજીની હત્યા કરી હતી. આમ મોદી અને ગોડસે બંનેની સંસ્કૃતિ એક જ છે.

પુનિયા અહીંથી અટક્યા ન હતા., તેમણે આગળ અનિયંત્રિત આક્ષેપો કર્યા અને કહ્યું, 'મેં ભાજપ અને આરએસએસની વિચારધારા વિશે જણાવ્યુ છે. વડા પ્રધાન અને સરકાર બંધારણ પર હુમલો કરી રહ્યા છે. આ (બંધારણ) ની રચના સ્વતંત્રતા સેનાનીઓએ કરી હતી. આ તે લોકો છે કે જેમણે બંધારણની નકલો સળગાવી અને આજે તેની સામે નમી રહ્યા છે. ગોડસે પણ એવું જ કર્યું હતું. આપણે બધા આ નાટક વિશે જાણીએ છીએ.



માર્ક જેકબ્સની નવીનતમ ફેશન રચના ન્યૂ યોર્કના ફેશન વીક દરમિયાન મોડેલ કરવામાં આવી છે.

વીપી મેનનના પુસ્તક લોન્ચિંગ પ્રસંગે વિદેશમંત્રી જયશંકરે કહ્યું,

નહેરુ નહોતા ઈચ્છતા કે ૧૯૪૭ની કેબિનેટમાં સરદાર પટેલ રહે

ઈતિહાસ લખવા માટે પણ ઈમાનદારી જોઈએ, સરદાર પટેલનું મૃત્યું થયું ત્યારે તેમની સ્મૃતિઓને નાબૂદ કરવા માટેનું મોટા પાયે અભિયાન ચલાવવામાં આવ્યું



ન્યુ દિલ્હી

સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂના કેબિનેટમાં સરદાર પટેલનો સમાવેશ કરવાને લઈને વર્તમાન વિદેશ મંત્રી એસ.જયશંકરે મોટુ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, વી.પી મેનનની જીવનીથી એ વાતનો ખ્યાલ આવે છે કે, દેશના પ્રથમ પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નહેરૂ નહોતા ઈચ્છતા કે સરદાર પટેલ તેમના કેબિનેટમાં રહે. એક બાદ એક ટ્વીટ કરી જયશંકરે કહ્યું કે, નહેરૂએ પટેલને પ્રારંભિક કેબિનેટમાંથી હટાવી દીધા હતા અને તે ચર્ચાનો વિષય છે.

નારાયણી બાસુ દ્વારા લખવામાં આવેલ વીપી મેનનની જીવની વીપી મેનન : ધ અનસંગ આર્કિટેક્ટ ઓફ મોર્ડન ઈન્ડિયાના લોકાર્પણ સમયે જયશંકરે આ મુદ્દા પર પોતાનો પક્ષ રાખ્યો હતો. આ સાથે જ તેમણે કહ્યું કે, ભૂતકાળની રાજનીતિના ઈતિહાસને લખવા માટે પણ ઈમાનદારી જોઈએ.

એસ.જયશંકરે ટ્વીટ કરી કહ્યું હતું કે, નારાયણી બસુ દ્વારા લખવામાં આવેલ વીપી મેનનની જીવની વીપી મેનન : ધ અનસંગ આર્કિટેક્ટ ઓફ મોર્ડન ઈન્ડિયાનું લોકાર્પણ કર્યું. સરદાર પટેલના મેનન અને નહેરૂના મેનનમાં ઘણો જ અંતર્વિરોધ છે. વાસ્તવમાં એક ઐતિહાસિક વ્યક્તિ દ્વારા ખૂબ જ પ્રતીક્ષિત ન્યાય કરવામાં આવ્યો છે.

જયશંકરે ઉમેર્યું હતું કે, વીપી મેનનના પુસ્તકમાં એ વાતનો ઉલ્લેખ છે કે, જ્યારે સરદાર પટેલનું મૃત્યું થયું ત્યારે તેમની સ્મૃતિઓને નાબૂદ કરવા માટેનું મોટા પાયે અભિયાન ચલાવવામાં આવ્યું. હું જાણું છું. કારણ કે મેં આ તમામ વસ્તુઓ જોઈએ છે. હું ખૂદ આ વાતનો શિકાર બન્યો છું.

વીપી મેનનનું સંપૂર્ણ નામ વાપલ્લા પંગુન્નિ મેનન હતું. મેનન એક ભારતીય પ્રશાસક સેવક હતા. જે ભારતના અંતિમ વાઈસરોયના સંવિધાનિક સલાહકાર અને રાજનિતક સુધારના આયુક્ત પણ હતા. ભારતના વિભાજન કાળમાં અને તેના પછી ભારતના રાજનીતિક એકીકરણમાં પણ તેમની મહત્વની ભૂમિકા રહી હતી.

બાદમાં તેઓ સ્વતંત્ર પાર્ટીના પણ સભ્ય બન્યા હતા. મેનને જ જવાહરલાલ નહેરૂ, સરદાર વલ્લભભાઈ પટેલ અને માઉન્ટ બેટનને મોહમ્મદ અલી ઝીણાની માગના હિસાબથી ભાગલાનો પ્રસ્તાવ રાખ્યો હતો. મેનનની કુશળતાથી જ સરદાર પટેલ ઘણા જ પ્રભાવિત થયા હતા. સ્વતંત્રતા બાદ મેનન સરદાર પટેલના અધિકારીક રાજ્ય મંત્રાલયના સચિવ બનાવવામાં આવ્યા હતા. પટેલ સાથે મેનનો ગાઢ સંબંધ હતો.

ઉમેદવારોનો કલંકિત ઈતિહાસ

પહેલા પાનાનું ચાલુ

કે, રાજનીતિક પાર્ટીઓએ હવે એ પણ જણાવવું પડશે કે, આખરે તેમણે કેમ કોઈ ગુનેગારને ટિકિટ આપી છે?

ગુરૂવારે એક અરજી પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે આ આદેશ આપ્યો છે. કોર્ટના આદેશ પ્રમાણે, તમામ રાજનીતિક પાર્ટીઓને ઉમેદવારો જાહેર કર્યાના ૭૨ કલાકની અંદર ચૂંટણી પંચને પણ તેની જાણકારી આપવી પડશે. આ સાથે જ જાહેર કરવામાં આવેલા ઉમેદવારોની જાણકારીને સ્થાનિક ન્યૂઝ પેપરમાં છપાવવાની રહેશે.

આ અરજીના દાખલ કરનારા વકીલ અશ્વિની ઉપાધ્યાયે જણાવ્યું કે, જો કોઈ પણ ઉમેદવાર કે રાજનીતિક પાર્ટી આ આદેશોનું પાલન નહી કરે, તો તેને કોર્ટની અવમાનના માનવામાં આવશે. આથી તમામ ઉમેદવારોની વર્તમાન પત્રોમાં જાણકારી આપવી પડશે.

વકીલના જણાવ્યા પ્રમાણે, જો કોઈ નેતા કે ઉમેદવાર વિરૂદ્ધ કોઈ કેસ નથી અને એફઆઈઆર પણ દાખલ નથી થઈ, તો તેની પણ જાણકારી જે-તે ઉમેદવારે આપવી પડશે. જો કોઈ પણ નેતા સોશિયલ મીડિયા, ન્યૂઝ પેપર કે વેબસાઈટ પર આ તમામ જાણકારીઓ નથી આપતો, તો ચૂંટણી પંચ તેમના વિરૂદ્ધ એક્શન લઈ શકે છે અને સુપ્રીમ કોર્ટને પણ જાણકારી આપી શકે છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક વર્ષોમાં રાજનીતિમાં ગુનાહિત છબી ધરાવતા નેતાઓની ભાગીદારી વધી ગઈ છે. જેનો અંદાજો હાલમાં યોજાયેલી દિલ્હી વિધાનસભા ચૂંટણીથી જ લગાવાઈ શકે છે.

ચૂંટણી પ્રક્રિયામાં સુધારો કરવા માટે કામ કરનારી બિન સરકારી સંસ્થા એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ ના એક રિપોર્ટ પ્રમાણે, દિલ્હીમાં ચૂંટાયેલા ૭૦માંથી ૩૭ ધારાસભ્યો પર ગંભીર ગુનાઓ નોંધાયા છે.

જન-પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૮ દોષી રાજનેતાઓને ચૂંટણી લડવાથી રોકે છે, પરંતુ એવા નેતા જેની પર માત્ર કેસ ચાલી રહ્યો છે, તે ચૂંટણી લડવા માટે સ્વતંત્ર છે. ભેલે તેની ઉપર લાગેલા આરોપ કેટલા પણ ગંભીર કેમ ન હોય.

જન-પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૮(૩)માં જોગવાઈ છે કે ઉપર્યુક્ત અપરાધો ઉપરાંત કોઈ પણ અન્ય અપરાધ માટે દોષી ઠરતાં કોઈ પણ ધારાસભ્યને જો બે વર્ષથી વધુની જેલની સજા ફટકારવામાં આવે વે તો તેને દોષી ઠેરવ્યાની તારીખથી અયોગ્ય માનવામાં આવશે. આવી વ્યક્તિ સજા પૂરી થવાની તારીખથી ૬ વર્ષ સુધી ચૂંટણી નહીં લડી શકે.

દિલ્હી ચૂંટણી પરિણામ

પહેલા પાનાનું ચાલુ

નિતિશ કુમાર ફરી ભાજપ સાથે છેડો ફાડીને લાલુ પ્રસાદની પાર્ટી આરજેડી સાથે જોડાણ કરી શકે છે. મહાગઠબંધનમાં નિતિશના પાછા ફરવાનો કોંગ્રેસ વિરોધ નહી કરે પણ હાલમાં લાલુના પુત્ર તેજસ્વી યાદવ નિતિશ કુમારની વાપસીનો વિરોધ કરી રહ્યા છે.

એક દાવા પ્રમાણે આ સંજોગોમાં કેટલાક નેતાઓ લાલુ પ્રસાદ યાદવને દખલ કરીને તેજસ્વી યાદવને સમજાવવા માટે યોજના બનાવી રહ્યા છે.એવી પણ ચર્ચા છે કે, ઝારખંડના સીએમ શીબુ સોરનને કેટલાક નેતાઓએ ઝારખંડમાં સારવાર લઈ રહેલા લાલુ પ્રસાદની મુલાકાત માટે લાગેલા નિયંત્રણો હળવા કરવા માટે પણ વિનંતી કરી છે. જેથી મોટી સંખ્યામાં બિહારના નેતાઓ લાલુ પ્રસાદને મળીને ભાજપ વિરોધી મોરચો રચવામાં સહાયતા કરી શકે.

ઉલ્લેખનીય છે કે, ૨૦૧૫માં લાલુ અને નિતિશે હાથ મિલાવ્યા હતા અને ભાજપ સામે જીત મેળવી હતી. જોકે વીસ મહિના બાદ નિતિશે લાલુ પ્રસાદ સાથે છેડો ફાડીને ભાજપ સાથે મળીને ફરી સરકાર બનાવી હતી.

કોરોના સામે

પહેલા પાનાનું ચાલુ

સંગઠન છે, જેમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રીકાનો સમાવેશ થાય છે. બ્રિક્સના વર્તમાન અધ્યક્ષ રશિયાએ એક નિવેદન જાહેર કરીને બ્રિક્સ દેશો દ્વારા ચીનને સહયોગની રજૂઆત કરવામાં આવી હતી.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગેંગ શુઆંગે આ રજૂઆતનું સ્વાગત કરતા કહ્યું કે, તેઓ પણ ચીન માટે મહત્વપૂર્ણ ભાગીદાર છે. આ નિવેદન સકારાત્મક અને રચનાત્મક સંદેશ આપે છે. ચીનના પ્રયાસોનું સમર્થન કરે છે અને સાર્વજનિક સ્વાસ્થ્ય સુરક્ષાને લઈને વધારેમાં વધારે આંતરરાષ્ટ્રીય સહયોગનું આહ્વાન કરે છે.

જમ્મુ કાશ્મીર ચૂંટણી

પહેલા પાનાનું ચાલુ

જણાવ્યું હતું કે, આ ચૂંટણી આઠ તબક્કામાં થશે.

વર્ષ ૨૦૧૮માં થયેલી પંચાયત ચૂંટણીની બે મુખ્ય પાર્ટી નેશનલ કોંન્ફ્રેંસ અને પીડીપીએ બહિષ્કાર કર્યો હતો. ત્યાર બાદ લગભગ ૧૨ હજાર સીટ ખાલી પડી છે. આ બાજુ કાશ્મીરમાં પરિસ્થિતીનો તાગ મેળવવામાં આવેલા વિદેશી રાજદૂતોના પ્રતિનિધિમંડળે સેનાના અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી.

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ હટાવ્યા બાદ ૬ મહિને કેન્દ્રશાસિત પ્રદેશની સ્થિતી જાણવા માટે સ્થળ પર જઈને ૨૫ વિદેશી રાજદૂતો કાશ્મીર પહોંચ્યા હતા. આ રાજદૂતોને લાવવાનું આયોજન કેન્દ્ર સરકારે ગોઠવ્યું હતું. હાલમાં પણ એક વિદેશી રાજદૂતોનું જૂથ જમ્મુ અને કાશ્મીરમાં છે. જેમાં અફઘાનિસ્તાન, ઓસ્ટ્રિયા, બુલ્ગારિયા, કેનેડા, ચેક ગણરાજ્ય, ડેનમાર્ક, ડોમિનિકન, રિપબ્લિક, યુરોપીય સંઘ, ફ્રાંસ, જર્મની, ગિનિયા ગણરાજ્ય, હંગેરી અને કેન્યાના રાજદૂતો આવ્યા છે.

મોદી સરકારની પોલ ખુલી, એક રિપોર્ટમાં ખુલાસો

બેફામ: ગંગા સ્વચ્છ ના થઈ પરંતુ સફાઈની જાહેરાતો પાછળ ૩૬ કરોડ ખર્ચાયા

ન્યુ દિલ્હી

ગંગાની સફાઈ બાબતે અત્યાર સુધીમાં કેટલીય આરટીઆઈ અરજીઓ નોંધાઈ ચુકી છે. ૨૦૧૪માં વડાપ્રધાન મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ આ અભિયાનમાં અત્યાર સુધીમાં કરોડો રૂપિયા ખર્ચાઈ ચૂક્યા છે. એક રિપોર્ટ અનુસાર, ડીસેમ્બર ૨૦૧૮ના જળ સંશાધન મંત્રાલયના નેશનલ મિશન ફોર ક્લીન ગંગા દ્વારા ઉપલબ્ધ કરાયેલ આરટીઆઈ દસ્તાવેજોમાં ખૂલાસો થયો છે કે મોદી સરકારે ગંગા સાથે સંકળાયેલી જાહેરાતો પર ૨૦૧૪થી ૨૦૧૮ દરમ્યાન કરોડો રૂપિયા ખર્ચ કર્યા છે.

આ આરટીઆઈમાં નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫થી માંડીને ૨૦૧૮-૧૯ વચ્ચે પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં નેશનલ મિશન ફોર ક્લીન ગંગા (એનએમસીજી) તરફથી બહાર પડાયેલ જાહેરાતો ઉપર કરવામાં આવેલ ખર્ચ અંગે પૂછાયું હતુ. જવાબમાં જણાવાયુ કે ૨૦૧૪-૧૫થી ૨૦૧૮-૧૯ દરમિયાન જાહેરાતો પર સરકાર દ્વારા ૩૬.૪૭ કરોડ રૂપિયા ખર્ચાયા હતા. જવાબમાં જણાવાયુ છે કે ૨૦૧૪માં જાહેરાતો પર માત્ર ૨.૦૪ કરોડ રૂપિયા જ ખર્ચાયા હતા, પણ સમયની સાથે આ ખર્ચ વધતો ગયો અને ૨૦૧૯માં ગંગા સફાઈ સાથે સંકળાયેલી જાહેરાતો પર ૧૦ કરોડથી પણ વધારે ખર્ચ કરાયો હતો.

આ ખર્ચ ૨૦૧૪-૧૫માં ૨.૦૪ કરોડ, ૨૦૧૫-૧૬માં ૩.૩૪ કરોડ, ૨૦૧૬-૧૭માં ૬.૭૯ કરોડ, ૨૦૧૭-૧૮માં ૧૧.૦૭ કરોડ અને ચૂંટણીનું વર્ષ આવતા જ આ રકમ ૩૦ નવેમ્બર ૨૦૧૮ સુધીમાં વધીને ૧૩.૨૩ કરોડ રૂપિયે પહોંચી ગઈ હતી. રિપોર્ટ અનુસાર ૨૦૧૮માં વધુ એક આરટીઆઈમાં જળ સંશાધન મંત્રાલયને પૂછવામાં આવ્યુ હતુ કે ઓગષ્ટ ૨૦૧૬ પછીથી કેટલા સીવેજ ટ્રીટમેન્ટ પ્લાંટ બનાવાયા છે, કયા શહેરોમાં ડ્રેનેજ નેટવર્કનું પ્લાનીંગ થયું છે અને તેની હાલની સ્થિતિ શું છે ? આરટીઆઈમાં એ પણ પૂછાયું હતુ કે સરકારે ૧૦ સ્માર્ટ ગંગા સીટી બનાવવાની વાત કરી હતી તેનું શું થયું ?

દિલ્હી મતદારોની પસંદઃ "કામગરા દિકરા સૌને વહાલા"... જે તે રાજ્યો ક્યારે સમજશે...?

દિલ્હીના પરિણામોએ ભાજપાને બેબાકળો કરી દીધો છે....! તેની વાતો-વચનોથી પ્રજા દૂર રહી છે. તેની કોમવાદી વાતોને દિલ્હીના મતદારોએ ફેંકી દીધી છે. ભાજપાના જોરદાર પ્રયત્નો છતાં દિલ્હીના મતદારોને કોમવાદની અસર ન થઈ--જાતી અને ધર્મના નામે ભાગલા પડાવી ના શક્યો. દેશભરમાં અપનાવેલ ભાગલાવાદી નીતિના દિલ્હીના મતદારોએ ભુક્કા બોલાવી દીધા છે. દિલ્હીના મતદારોએ કેજરીવાલ સરકારે કરેલા કામોને ટેકો આપવા સાથે પૂર્ણ વિશ્વાસ મુકવા સહિત ૨૦૦ બેઠકો આપી છે.. જેને જવલંત વિજય કહી શકાય. તેમાં પણ દિલ્હીના મતદારોમાં બુદ્ધિજીવીઓ, કેન્દ્ર સરકારના કર્મચારીઓ, વેપારીઓ, નાના-મોટા ધંધાર્થીઓ સહિતના આપ સાથે રહ્યા હોવાનું પરિણામોથી ફલિત થાય છે. ટૂંકમાં કામ કરતી સરકારનું મોડલ કેજરીવાલે આપ્યું જેને દિલ્હીના મતદારોએ સ્વીકાર્યું છે અને તેનાના કારણેજ ભાજપા બેબાકળો થઈ ગયો છે. અને સોશિયલ મીડિયામાં હિન્દુઓની ટીકા કરતી અનેક પોષ્ટોથી મતદારોમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે... કારણકે હિન્દુઓના હામી હોવાનું કાર્ડ ચલાવી સત્તા પ્રાપ્ત કરી હતી.... વામનમાંથી વિરાટ બન્યો હતો. અને દિલ્હી હારવાથી એ જ ભાજપા હિંદુઓની ટીકા કરે... તે કેટલું યોગ્ય છે....? ભાજપ પરિણામોને ખેલદિલીથી સ્વિકાર કરવાની તક પણ ઝડપી શક્યો નથી.... જે તેની નીતિ રિતીની મનોદશાનો પડઘો છે.....! સમગ્ર દેશની પ્રજા આ બધું જોવા સાથે સમજી ગઈ છે. દિલ્હીમાં ભાજપાની હાર પછી ગૃહ મંત્રી પોતે જ બે દિવસથી જાહેરમાં આવવાથી દૂર રહ્યા છે. તો કાર્યકરોને પણ મળ્યા નથી તેના કારણે ભાજપા કાર્યકરો-ટેકેદારોમાં મોટી વિટંબણા ઊભી કરી છે.... તો લોકો કહે છે અમિત શાહને ચાણક્ય કહેતા કે કહેવડાવતા- બધા ક્યાં ખોવાઈ ગયા...? શુ અમિત શાહ સાથે તેઓ પણ છુપાઈ ગયા છે...? હવે ચાણક્ય કોને કહેવાય તે વાત સમજવી જરૂરી છે.... પહેલા ચાણક્યને જાણો- વાંચો- વિચારો પછીજ કોઈને ચાણક્યનુ બિરૂદ આપવાનો નિર્ણય કરો... બાકી લોકો જાગૃત થઈ ગયા છે... જે ખોટી વાતો-મોટી વાતોનો સ્વિકાર કરશે નહીં....તેવુ ક્યારે સમજાશે.....?

અરવિંદ કેજરીવાલને ઓળખવામાં-સમજવામાં ભાજપા થાપ ખાઈ ગયો છે....! ભાજપા સનદી અધિકારીઓની કાર્યશૈલીથી પ્રભાવિત છે અને તેમને આધીન છે તથા સરકાર ચલાવવા અન્ય બુદ્ધિશાળીઓ ઉપર આધાર રાખવો પડે છે.....! ત્યારે સામે કેજરીવાલ એક અલગ પ્રકારના સનદી અધિકારી છે. એટલે તેમને સરકાર ચલાવવા કોઈની સલાહ લેવી પડતી નથી. હા, એક વાત ચોક્કસ કે તેઓ મહત્વાકાંક્ષી નેતા છે. તેમના પોતાના વિચારો ઉમદા છે અને એટલા માટે તેઓ કેન્દ્ર સરકારે અનેક અડચણો ઉભી કરવા છતાં લોકહિતના- વિકાસના કામો કરવામાં સફળ રહ્યા છે... અને લોકપ્રિયતા જાળવી રાખી છે. એક વાત નોંધવી રહી કે સમગ્ર દેશમાં જીએસટીનું ભારણ દિલ્હી સિવાય વધુ પ્રમાણમાં છે ત્યારે દિલ્હીમાં તેમને પાંચ ટકા સુધી કરી રાખ્યું છે. એટલે નાના-મોટા વેપાર-ધંધા પૂર બહાર ખીલેલા છે. વેપાર-ધંધા પર રેડ પાડવાનુ બંધ કરાવતા દિલ્હી સરકારની ટેક્સની આવક વધી ગઈ છે. તો દિલ્હીનો જીડીપી દર ૮ ટકાએ છે અને વેપારીવર્ગ ખુશ છે. દિલ્હી રાજ્યની ૨૪૯ જેટલી સરકારી શાળાઓને આધુનિક બનાવી દીધી છે. જેમાં વિદ્યાર્થીઓના વિકાસ માટેની તમામ સવલતો- સુવિધાઓ સાથે સારું ગુણવત્તા સભર શિક્ષણ મળી રહ્યું છે. તો આવી શાળાઓમાં મંત્રીઓ, ધારાસભ્યો, અધિકારીઓના સંતાનો પણ અભ્યાસ કરે છે એટલે પરિણામો સારા મળ્યા છે. રાજ્યમાં પાણી વેરો માફ કરી દેવામાં આવ્યો છે તે સાથે ૨૦૦ યુનિટ વીજળી વાપરનારને કોઈ ચાર્જ નહીં... ઉપરાંત મહિલાઓને બસ મુસાફરી મફત કરી નાખી છે, અને વિદ્યાર્થીઓને પણ મફત મુસાફરીની સુવિધા મળશે. આ બધું તો ઠીક પરંતુ આમ પ્રજા માટે અગત્યનું છે મેડિકલ સારવાર.... એ માટે કેજરીવાલ સરકારે દિલ્હી રાજ્યભરના મોહલ્લે મહોલ્લે મહોલ્લા ક્લિનીકો ઊભા કરી દીધા છે જે ૨૪ કલાક કાર્યરત રહે છે તેમા આમ પ્રજાને દરેક પ્રકારની મેડિકલ તપાસ અને દવા મફત મળે છે. જે તેમની લોકપ્રિયતાનુ મોટું કારણ છે. ત્યારે દેશભરના રાજ્યો પણ સારા- સભર વહીવટ માટે વિદેશનો અભ્યાસ કરવાના બદલે દિલ્હી રાજ્ય અને તેની સરકારની કાર્ય પધ્ધતિનો અભ્યાસ કરી તેના પર ચાલવાનું શરૂ કરે તો તેને કરેલા વિકાસ કામો જેવા કામો પોતાના રાજ્યમાં કરે તો જે તે રાજ્યની સરકારો પોતાના રાજ્યમાં લોકપ્રિય બની જાય... કારણ હવે લોકો કામ કરતી સરકારને પસંદ કરવાનુ સ્વીકારતી થઈ ગઈ છે... ત્યારે દેશના રાજ્યો દિલ્હી રાજ્યને મોડેલ રાજ્ય તરીકે સ્વીકારવા તૈયાર થશે કે કેમ.....?

દેશના રાજનેતાઓએ અને જે તે રાજકિય પક્ષોએ એ વાત સમજવાની જરૂર છે કે ભારત લોકશાહી દેશ છે. પ્રજા ધારે તેને સત્તા ઉપર બેસાડે છે અને ધારે તેને ખૂણામાં હડસેલી દે છે. ભારતની પ્રજા કોઈપણ પક્ષ કે નેતાનો અહંકાર,જીદ કે મમત્વ સ્વિકારવા તૈયાર નથી.... અત્યારના લોકો શાંતિ. પ્રેમ, સદભાવના, સારી ભાષા અને સારા વ્યવહારને મહત્વ આપે છે. કારણ લોકો જાગૃત થઈ ગયા છે... એટલે હવે ઠોકાઠોક કે ખોટી વાતો સ્વીકારતા નથી. લોકો એકના એક- એક તરફથી સમાચારો જોઈ- સાંભળી કંટાળી ગયા છે. કારણ કે લોકોને નડતા પ્રશ્નો, લોકોની સમસ્યાઓને સમાચારમાં સ્થાન નથી મળતું એટલે મોટા ભાગના લોકો ન્યૂઝ ચેનલો જોવાથી દૂર થઈ ગયા છે.....! આ બધા વચ્ચે જે તે પક્ષો કે નેતાઓએ સ્થાનિક કક્ષાના પ્રશ્નો લઈને પ્રજા વચ્ચે- પ્રજા પાસે જવું જોઈએ અને તેનો નિકાલ કરવો જોઈએ તોજ લોકો તેમનો સ્વીકાર કરશે..... નહીંતો... ભાજપાએ ૨૦૦ જેટલા સાંસદો, ૧૦ જેટલા મુખ્યમંત્રીઓ, કોર્પોરેટરોને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા હતા... છતાં તેને હાર ખાવી પડી છે. ત્યારે સવાલ એટલો જ કે આ બાબતોનો બોધપાઠ કોણ લેશે.....? ... વંદે માતરમ

૪૦ હજારથી એક લાખમાં ખોટા પ્રમાણપત્ર વેચાય છેઃ કોંગ્રેસનો સરકાર પર આરોપ

અમદાવાદ

સરકારી ભરતી પ્રક્રિયા અંગે ગુજરાત કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ તીખી પ્રતિક્રિયા આપી છે. જેમાં તેમને જણાવ્યુંહતું કે, ખોટા પ્રમાણપત્રોથી આરોગ્ય,કૃષિ, ગ્રામસેવક,શિક્ષક સહિતની ભરતીમાં ગેરરીતી થઈ છે. કોંગ્રેસપક્ષનાં મુખ્યપ્રવક્તા ડૉ. મનીષ દોશી દ્વારા પર્દાફાશ પશુધન નિરીક્ષક વર્ગ ૩ની પરીક્ષામાં ગેરરીતી થઈ છે. ખોટા પ્રમાણપત્રના આધારે ૧૦ હજાર લોકોએ નોકરી મેળવી છે. ૪૦ હજારથી એક લાખમાં ખોટા પ્રમાણપત્ર વેચાય છે. કૃષિ વિભાગ અને બીએસએફ ની ભરતીમાં પણ કૌભાંડ થયા છે.

મનીષ દોશીએ સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, એલઆરડી મુદ્દે સરકાર ૬૪ દિવસ બાદ વાત સાંભળવા તૈયાર થઈ હતી. ભાજપની સરકારમાં આંદોલન થાય છે. તેમાં અનેક સરકારી મિલકતોને નુકશાન થયું છે. સરકાર તરફથી અનામત અને બિન અનામત વર્ગને અન્યાય થયો છે. વહીવટી તંત્ર પર રૂપાણી સરકારની પકડ રહી નથી. સરકારના ઈસારે નિયમોમાં મફેરબદલી થાય છે.

ખેરાલુ નજીક હિટ એન્ડ રનઃ કારની ટક્કરે રાહદારીનું મોત, ચાલક ફરાર

મહેસાણા

જિલ્લાના ખેરાલુ નજીક મલેકપુર ખે ગામના પાટિયા નજીક અકસ્માત સર્જાયો હતો. મોડી રાત્રે સર્જાયેલ અકસ્માતમાં મલેકપુર ગામના જ એક રાહદારીને અજાણ્યા કાર ચાલકે અડફેટે લેતા રમણજી ઠાકોર નામના રાહદારીને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ ઘટના સ્થળે આસપાસના ગામલોકો આવે તે પહેલા કાર ચાલક ફરાર થઈ ચૂક્યો હતો, ત્યારે સ્થાનિકોએ ઈજાગ્રસ્ત રમણજી ઠાકોરને ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી ખેરાલુ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જતા હોસ્પિટલમાં હાજર તબીબે રમણજી ઠાકોરને ગંભીર ઈજાઓ થવાથી મૃત્યુ પામેલ હોવાનું જાહેર કર્યું હતું. જે માહિતીની પોલીસમાં જાણ કરાતા ખેરાલુ પોલીસે અકસ્માતમાં મોત થવાનો ગુન્હો નોંધી મૃતકનું પોસ્ટમોર્ટમ કરાવી અજાણ્યા ફરાર કાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

અમદાવાદ-રાજકોટ વચ્ચે હાઈસ્પીડ ટ્રેન દોડશે..!,મુખ્યમંત્રીની રશિયા રેલ્વે કંપની સાથે બેઠક

ગાંધીનગર

બુલેટ ટ્રેનની સાથે અમદાવાદ અને રાજકોટ વચ્ચેનું અંતર ઘટાડવા માટે ગુજરાત સરકાર દ્વારા હાઈસ્પીડ ટ્રેનનો પ્રોજેક્ટ પર કામ કરવામાં આવી રહ્યું છે. આ માટેની કામગીરી પણ શરુ કરી દેવામાં આવી છે. આ ટ્રેન ૧૬૦ કિલોમીટરની ઝડપે દોડશે જેના લીધે અમદાવાદથી રાજકોટ માત્ર ૨ કલાકની અંદર પહોંચી જવાશે. આ પ્રોજેક્ટ માટે મુખ્યમંત્રી વિજય રુપાણીએ રશિયાની રેલવે કંપની સાથે મહત્વની બેઠક યોજી હતી.

આ બેઠક દરમિયાન સીએમ રુપાણીએ ટ્રેનના પ્રોજેક્ટ અને તેની કામગીરી અંગે મહત્વની ચર્ચાઓ કરી હોવાનું માનવામાં આવી રહ્યું છે. આ સાથે આ ટ્રેનનો પ્રોજેક્ટ તૈયાર થયા બાદ તેની કામગીરી પૂર્ણ કરતા ૨ વર્ષનો સમય લાગી શકે છે. મહત્વનું છે કે, આ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી ત્યારે તેનો અંદાજિત ખર્ચ ૧૧,૩૦૦ કરોડ થવાનું અનુમાન લગાવવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટને કેન્દ્ર સરકારના અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટ સાથે જોડવામાં આવશે. આ પ્રોજેક્ટથી આગામી ૩૦ વર્ષ સુધી ૨૩૦૦ ડાઈરેક્ટ અને ૭૩૦૦ ઈનડાયરેક્ટ નોકરીઓની તકો સર્જાશે તેવું પણ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

નોંધનીય છે કે, રાજ્ય સરકારે અમદાવાદ અને રાજકોટ વચ્ચેના નેશનલ હાઈવે ૪૭ની બાજુમાં જ આ ટ્રેન કોરિડોર બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે જેથી જમીન સંપાદનમાં વધારે સમસ્યા ન આવે. આ રૂટ પર ટ્રેનો ૧૬૦ કિમીની ઝડપે દોડશે અને બંને શહેરો વચ્ચેનું અંતર માત્ર ૨ કલાકમાં કાપશે.

ટ્રમ્પ સ્ટેડિયમમાં ૧ લાખથી પણ વધુ લોકોને સંબોધશે

મોદી-ટ્રમ્પ ૨૪મીએ ૪ વાગ્યે વિશ્વના સૌથી મોટા મોટેરા સ્ટેડિયમનું ઉદ્ઘાટન કરશે

અમદાવાદ

૨૪મી ફેબ્રુઆરીએ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવાદના મહેમાન હશે. આ જ દિવસે ટ્રમ્પ તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મળીને બપોરે ૪.૦૦ વાગ્યે મોટેરા ખાતે નવનિર્મિત વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમનું ઉદ્ઘાટન કરવાના છે. આ ઉદ્ઘાટન બાદ અમેરિકન પ્રમુખ માટે 'કેમ છો, ટ્રમ્પ' કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ડોનાલ્ડ ટ્રમ્પ સ્ટેડિયમમાં ઉપસ્થિત ૧ લાખથી પણ વધુ લોકોને સંબોધન કરશે. કેમ છો ટ્રમ્પ કાર્યક્રમ સાથે જોડાયેલા સૂત્રોએ કહ્યું કે અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પ સીધા અમદાવાદ પહોંચશે અને અંદાજે ૨૧૦ મિનિટ સુધી અહીં રહેશે. ટ્રમ્પના સ્વાગત માટે મોદી એરપોર્ટ પહોંચશે તેવા સમાચાર પણ છે.

નોંધનીય છે કે નરેન્દ્ર મોદીની અમેરિકાની મુલાકાત દરમિયાન 'હાઉડી મોદી' કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં અમેરિકામાં રહેતા ભારતીયોને પીએમ મોદીએ સંબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. હાઉડી મોદીની તર્જ પર જ "કેમ છો ટ્રમ્પ" કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે. પીએમ મોદીના કાર્યક્રમમાં ૪૦-૫૦ હજાર ભારતીય હાજર રહ્યાનો દાવો કરવામાં આવ્યો હતો. આથી પીએમ મોદી મોટેરાના કાર્યક્રમમાં બમણી સંખ્યા ઉપસ્થિત રહે તેવું ઈચ્છી રહ્યા છે.

મોટેરા સ્ટેડિયમ ખાતે બે કલાક ચાલનારા આ કાર્યક્રમમાં ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવવામાં આવશે. સ્ટેડિયમ ખાતે પીએમ મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હાજર લોકોને સંબોધન કરશે. નોંધનીય છે કે બુધવારે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે પીએમ મોદીનું નામ લઈને એવું કહ્યું હતું કે, અમદાવાદ ખાતે મારા સ્વાગતમાં ૫-૭ મિલિયન (૫૦-૬૦ લાખ) લોકો હાજર રહેશે. અમદાવાદ એરપોર્ટથી મોટેરા સ્ટેડિયમ જતી વખતે રસ્તામાં આટલા લોકો હાજર રહેશે તેવો દાવો ડોનાલ્ડ ટ્રમ્પે પીએમ મોદીના હવેલાથી કર્યો હતો.

સજ્જડ સુરક્ષાઃ પાણીમાં સ્પાય કેમેરા, આકાશમાં 'નો ફ્લાય ઝોન', ગટરો પર લોખંડની જાળી

આ સાથે સાબરમતી આશ્રમ પાસે નદીમાં અનેક નદીમાં સ્પાય કેમેરા ઉપરાંત અંડર વોટર વેપન્સ ગોઠવવામાં આવશે. સુરક્ષાની આ સમગ્ર સિસ્ટમ સેન્સર બેઝ્ડ અને રિમોટ ઓપરેટેડ હશે. સુરક્ષાને ધ્યાનમાં લઈને ઈન્દીરા બ્રિજથી વાસણા બેરેજ સુધીના વિસ્તારને કવર કરવામાં આવશે. સુરક્ષા માટેનાં તમામ સાધનો લઈને કાર્ગો પ્લેન અમદાવાદ એરપોર્ટ પર આવશે. જેમાં ડોનાલ્ડ ટ્રમ્પની બિસ્ટ કાર ઉપરાંત સ્પાય કેમેરા અને તમામ પ્રકારનાં શસ્ત્રો કાર્ગો પ્લેનમાં લાવવામાં આવશે.

રાજકોટમાં સીએએના સમર્થનમાં વિશાળ તિરંગાયાત્રા યોજાઈ

ભારતના ટુકડા કરવાની કોઈ હિંમત ન કરી શકે તેવુ શક્તિશાળી બનાવીએઃ રૂપાણી

ભાજપમાં હવે કોઈ બે ફાંટા નથીઃ બાવળીયા

તિરંગા યાત્રામાં હાજર રહેલા કેબિનેટ મંત્રી અને જસદણના ધારાસભ્ય કુવરજી બાવળિયાએ જણાવ્યું હતું કે, ભાજપમાં હવે કોઈ બે ફાંટા નથી. જે ગેર સમજણ હતી તે દૂર થઈ ગઈ છે. નવા પરિપત્રથી કોઈ પણ સમાજને અન્યાય નહીં થાય.

રાજકોટ

દેશભરમાં નાગરિકતા સુધારા બિલને લઈને ભાજપ દ્વારા જનસમર્થન માટેની ઝુંબેશ અંતર્ગત રાજકોટમાં વિશાળ તિરંગાયાત્રાનું મુખ્યમંત્રી પ્રસ્થાન કરાવ્યું હતું. તળાજામાં બનેલો ૨ કિમીનો તિરંગો લઈને વિદ્યાર્થીઓએ રેલી કાઢી હતી. વિશાળ જનમેદનીને સંબોધતાં સીએમ રૂપાણીએ કોંગ્રેસને આડેહાથ લેતાં આકરાં પ્રહાર કર્યા હતા. સીએમ રૂપાણીએ કહ્યું કે, સીએએ દેશહિતમાં છે અને દેશને નબળો પાડવા માગતા લોકો સીએએનો વિરોધ કરે છે.

તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવતાં પહેલાં આયોજિત જાહેર સભાને સંબોધતાં સીએમ વિજય રૂપાણીએ કહ્યું કે, સીએએ બિલ દેશહિતમાં છે. આજની રેલી દેશભક્તોની રેલી છે. ભૂતકાળની સરકારે સમસ્યા ઉકેલવા કોઈ પ્રયાસ ન કર્યા. પુલવામા હુમલા બાદ એરસ્ટ્રાઈક કરી ભારતની તાકાત બતાવી. ચૂંટણી ઢંઢેરામાં કરેલા વાયદા પૂર્ણ કર્યા. વાયદા પ્રમાણે મોદી સાહેબે ૩૭૦ કલમ દૂર કરી. મહિલાઓના સન્માન માટે ટ્રિપલ તલાક કાયદો બનાવ્યો. દેશને નબળો પાડવા માગતા લોકો સીએએનો વિરોધ કરે છે. કોંગ્રેસ મુસ્લિમોને ગુમરાહ કરી રહી છે. સીએએથી અન્ય દેશમાંથી આવેલા શરણાર્થીઓને નાગરિકતા આપવાની છે કોઈની નાગરિકતા છીનવવાની નથી. આથી દેશમાં રહેતા લોકોએ ડરવાની જરૂર નથી. કોંગ્રેસ સીએએને લઈને દેશમાં રહેતા લોકોને ગેરમાર્ગે લઈ જઈ રહી છે.આલ્યા, માલ્યા જમાલ્યાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

તિરંગાયાત્રાના પ્રસ્થાના સમયે પાડોશી દેશ પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાનમાંથી આવીને શરણાર્થી બનેલા ૪૦૦ શરણાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વાહ રે 'ભાજપ સરકાર' તમને ગરીબોની નહિ ટ્રમ્પની વધુ કિંમત લાગે છે..!?

અમેરિકી રાષ્ટ્રપતિને ઝૂંપડપટ્ટી ન દેખાય તે માટે સાત ફૂટની દિવાલ ચણાઈ...!!

અમદાવાદ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની અમદાવાદની મુલાકાત પહેલા કોર્પોરેશન દ્વારા તડામાર તૈયારી કરવામાં આવી રહી છે. પરંતુ વાસ્તવિકતા એવી છે કે, સરકાર દ્વારા જે વિકાસની મોટી વાતો કરવામાં આવે છે તે વિકાસની અસલ વાસ્તવિકતાને ઢાંકવા માટે મનપા દ્વારા દીવાલ ચણવામાં આવી રહી છે. એરપોર્ટ થી ઈન્દિરા બ્રિજ વચ્ચે ઝૂંપડપટ્ટી આવી છે. આ ઝુંપડપટ્ટી મહેમાનને દેખાય નહી તે માટે ઢાંકવા કોર્પોરેશન સાત ફુટ ઉંચી દિવાલ ચણી રહ્યુ છે. ત્યારે આ દીવાલનો વિરોધ ઝૂંપડપટ્ટીના લોકો દ્વારા કરવામાં આવ્યો છે. સરણિયાવાર નામના આ વિસ્તારમાં ૫૦૦થી વધારે ઝૂપડપટ્ટી આવેલી છે. અને આ વિસ્તારમાં ૨ હજાર ૫૦૦થી વધારે લોકો રહે છે. ટ્રમ્પના રોડ શો દરમિયાન ઝૂંપડપટ્ટી ન દેખાય તેનો પ્રયાસ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત કોર્પોરેશન સૌદર્યકરણના નામે દીવાલ ચણી વૃક્ષો વાવવાની પણ તૈયારી કરી રહ્યુ છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની અમદાવાદ મુલાકાત પહેલા અમદાવાદના મેયર બિજલ પટેલે મોટેરા સ્ટેડિયમની મુલાકાત લીધી છે. બિજલ પટેલ સાથે મનપાના કમિશનર સહિત કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ પણ મોટેરા સ્ટેડિયમ પહોંચ્યા હતા. મોટેરા સ્ટેડિમમાં ટ્રમ્પના સ્વાગતમાં મોટો કાર્યક્રમ યોજાવાનો છે. જેથી કોર્પોરેશનના અધિકારીઓ દ્વારા મોટેરાની કામગીરીની સમીક્ષા કરવામાં આવી રહી છે. મહત્વપૂર્ણ છે કે, ટ્રમ્પ મોટેરા સ્ટેડિમય અને ગાંધી આશ્રમની મુલાકાત માટે આવવાના છે. જેથી સઘન સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવી દેવામાં આવી છે.

છાત્રાઓને ધમકી અપાઈ કે ભવિષ્યમાં પણ તપાસ કરવામાં આવશે

ભૂજની ગર્લ્સ કૉલેજમાં છાત્રાઓના કપડા ઉતારી માસિક ધર્મ તપાસતા હોબાળો

ભૂજ

કચ્છના ભૂજ શહેરમાં આવેલી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટ્યૂટમાં કૉલેજની છાત્રાઓના કપડાં ઉતારીને તેમના માસિક ધર્મ અંગે તપાસ કરવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. આ મામલે છાત્રાઓએ વિરોધ નોંધાવ્યો હતો. આ મામલે સંચાલકોએ છાત્રાઓ પર દબાણ લાવીને આખો મામલો દબાવવાનો પ્રયાસ કર્યો છે. બીજી તરફ છાત્રાઓની માંગણી છે કે આ મામલે સંચાલકો સામે કડકમાં કડક પગલાં લેવામાં આવે. છાત્રાઓના કહેવા પ્રમાણે તેમને કોલેજ અને હોસ્ટેલમાંથી કાઢી મૂકવાની પણ ધમકી આપવામાં આવી છે. સાથે જ એવી પણ ધમકી આપવામાં આવી હતી કે આવી રીતે ભવિષ્યમાં પણ તપાસ કરવામાં આવશે. જો કોઈને મંજૂર ન હોય તો કૉલેજ કે હૉસ્ટેલ છોડીને જઈ શકે છે.

છાત્રાઓના આક્ષેપ પ્રમાણે બુધવારે તેમને ચાલુ ક્લાસમાંથી બહાર પેસેજમાં બેસાડવામાં આવી હતી. જે બાદમાં માસિક ધર્મ અંગે પૂછપરછ કરીને એક પછી એક વિદ્યાર્થિનીને વૉશરૂમમાં લઈ જઈને તેમની તપાસ કરવામાં આવી હતી.

આ ઘટના બાદ વિદ્યાર્થિનીઓએ વિરોધ નોંધવ્યો હતો. જે બાદમાં તેમને એવી ધમકી આપવામાં આવી હતી કે, જો તમારે વિરોધ કરવો હોય તો તમે હૉસ્ટેલ છોડીને જઈ શકો છો. વિદ્યાર્થિનીઓના કહેવા પ્રમાણે તેમને એવું કહેવામાં આવ્યું હતું કે ભવિષ્યમાં પણ પ્રકારની તપાસ થશે. જેમને અભ્યાસ કરવો હોય એ કરે બાકી પોતાના ઘરે જઈ શકે છે. આ ઉપરાંત છાત્રાઓને જે થાય તે કરી લેવાનું પણ કહેવામાં આવ્યું હતું.

છાત્રાઓઓ મીડિયા સમક્ષ આપેલા નિવેદનમાં કહ્યું હતું કે, "કૉલેજના મહિલા પ્રિન્સિપાલ રીટાબેને અને અન્ય શિક્ષિકાઓએ આવી ફરજ પાડી હતી. કોઈની સાથે કૉલેજ, હૉસ્ટેલ કે અન્ય જગ્યાએ આવું ન થવું જોઈએ. આ વાતને લઈને કડક પગલાં લેવા જોઈએ."

રોડ ઉપર પાણી ભરાઈ જતા સ્થાનિક લોકો મુશ્કેલીમાં મૂકાયા

ગાજરવાડીમાં પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા રોડ પર પાણી ફરી વળ્યા

વડોદરા

ગાજરાવાડી વિસ્તારમાં આવેલા ગોમતીપુરા ગોકુલનગરમાં પાણીની ટાંકીની પાસે ખોદકામની કામગીરી દરમિયાન પાણીની મુખ્ય નળીયામાં ભંગાણ થયું હતું. જને પગલે પાણીનો વેડફાટ થયો હતો. જેથી ગોકુલનગરમાં રોડ ઉપર એક ફૂટ સુધી પાણી ભરાઈ ગયા હતા. જેથી સ્થાનિક લોકોએ રોષ વ્યક્ત કર્યો હતો. સ્થાનિક રહીશ કનુભાઈએ જણાવ્યું હતું કે, પાણીની લાઈનમાં ભંગાણ થવાથી ડ્રેનેજ અને પીવાનું પાણી ભેગુ થઈ જાય છે. જેથી કાળુ પાણી આવવા લાગે છે. આ ઉપરાંત વરસાદી કાંસનું પણ પુરાણ કરી દેવાયું છે. જેથી રોડ ઉપર જ પાણીનો ભરાવો થઈ જાય છે.

લોકો બેફિક્રઃ અમદાવાદમાં ૨૩ લાખ લોકોએ ઈ-મેમો નથી ભર્યો

અમદાવાદ

શહેરમાં વાહન ચાલકો માટે ટ્રાફિકનાં નિયમો તો કડક થયા જ છે સાથે સાથે વાહન ચાલકોએ કરેલા ટ્રાફિકનાં નિયમોના ભંગ બદલ કડકાઈથી દંડ વસુલવા માટે પણ પોલીસ વિભાગ કટીબદ્ધ બન્યું હતું. છેલ્લા ઘણાં સમયથી તંત્રની ઉદાસીનતા જોવા મળી છે. હાલ પોલીસ ચોપડે ૨૩ લાખ લોકોએ ઈમેમો ન ભર્યા હોવાનું સામે આવ્યું છે જ્યારે ૧૦ લાખ લોકોએ ઈમેમો ભર્યા છે.

શહેરમાં લગભગ અત્યારે દરેક ચાર રસ્તા પર સીસીટીવી કેમેરા લગાડી દેવામાં આવ્યા છે. જેના પગલે વાહનો ચાલકોને ટ્રાફિકનાં નિયમના ભંગ બદલ ઈ-મેમો ફટકારવામાં આવે છે અને જો વાહન માલિક ઈ-મેમોની ભરપાઈ નહી કરે તો ઘણાંખરા વાહન ચાલકોનાં આજીવન માટે લાયસન્સ રદ પણ કરવાની કવાયત ટ્રાફિક પોલીસ વિભાગ દ્વારા હાથ ધરવાની શરૂઆત કરી દેવામાં આવી છે. વર્ષ ૨૦૧૮થી અત્યાર સુધી સ્માર્ટસીટીનાં પ્રોજેક્ટ અંતર્ગત રૂપિયા ૧૦ લાખ લોકોએ ઈ-મેમો ભર્યા છે. રૂપિયા ૨૩ લાખનાં ઈમેમો પેન્ડિંગ છે. જુના કેમેરા લાગ્યા હતા જેમાં ૫૦ હજાર શહેરીજનોએ મેમો ભર્યા હતા. જ્યારે ૫૬ હજાર વ્યક્તિઓના ઈ- ચલણ હજી પેન્ડીંગ છે.

અમદાવાદીઓએ લાખો રૂપિયાનાં ઈ-મેમોની ભરપાઈ તો કરી છે પરતુ તેની સામે ભરપાઈ નહી કરેલાનો આંકડો વધુ છે. તે વાત આંકડા ઉપરથી સ્પષ્ટ થાય છે. ટ્રાફિકનાં નિયમોને કડક બનવાની સાથે જ શહેર પોલીસ નાગરીકોને ટ્રાફિકનાં નિયમોનું પાલન કરે તેના માટે થઈને દંડની રકમની વસુલાત પણ પુરજોશમાં કરી રહી છે. જેથી કરીને આવનારા નજીકનાં ભવિષ્યમાં શહેરીજનો ટ્રાફિકની સેન્સ સુધરે જેના લીધે થઈને અકસ્માતોની સંખ્યામાં ઘણો ઘટાડો થાય.

ટુ-વ્હીલર હોય કે પછી ફોર વ્હીલર હોય તમામ વાહન ચાલકોએ ટ્રાફિકના નિયમોનું પાલન તો કરવું જ પડશે તેવા કડક આગ્રહ સાથે ટ્રાફિક પોલીસ વિભાગ હવે મેદાને ઉતરી ગઈ છે. સ્માર્ટસીટીના અલગ અલગ પ્રોજેક્ટ હેઠળ હવે શહેરને સેન્ટ્રલાઈઝ કરવાની કવાયત હાથ ધરવામાં આવી રહી છે.

ભાવનગરમાં મનપાની તવાઈ: ગાંધી સ્મૃતિ ભવન પણ સીલ કરાયું

ભાવનગર

ભાવનગરની ગાંધીસ્મૃતિને વર્ષોથી બાકી વેરાને પગલે મનપાએ કડક વલણ અપનાવીને સીલ મારી દીધુ છે. ૫૦ લાખના બાકી વેરાને પગલે સીલ મારતા અન્ય બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયો છે. મહાનગરપાલિકા દ્વારા વર્ષના આખરી મહિનાઓમાં વેરા વસુલાત માટે કડક હાથે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે, ત્યારે હાલ મનપા દ્વારા રોજના ૬૦ કરતા વધુ નોટીસો કાઢી અને કાર્યવાહી કરવામાં આવી રહી છે, ત્યારે ગઈકાલે ગાંધીજીની યાદો સાથે જોડાયેલી ગાંધીસ્મૃતિ સંસ્થાને ૫૧ લાખના બાકી વેરા માટે સીલ મારી દેવામાં આવ્યા છે.

ગઈકાલે મનપા દ્વારા મહાત્મા ગાંધીજીની પાવન સ્મૃતિઓ જેની સાથે જોડાયેલી ભાવનગરના ક્રેસન્ટ સર્કલ સ્થિત ગાંધી સ્મૃતિને મહાપાલિકાના વેરા વિભાગ દ્વારા સીલ મારવામાં આવ્યા છે. કાર્પેટ વેરાનો અમલ થયો ત્યારથી વર્ષ ૨૦૧૩થી ગાંધી સ્મૃતિ પાસે ઘરવેરાની રકમ બાકી છે. આથી આ અંગે ગાંધી સ્મૃતિ ટ્રસ્ટને વખતો વખત નોટીસ પણ આપવામાં આવતી છે. પરંતુ ટ્રસ્ટીઓ દ્વારા રકમ ભરવામાં નહીં આવતા ૫૧ લાખના બાકી વેરા મુદ્દે સીલ મારવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ગાંધી સ્મૃતિએ ગાંધી યુગના દિવસોની યાદ તાજી કરાવે છે. ગાંધી સ્મૃતિની આ ઐતિહાસિક કલાત્મક ઈમારતનો શિલારોપણ વિધિ ઈ.સ. ૧૯૪૮ની સાલમાં ૧૫મી જાન્યુઆરીએ થયો હતો.

વિપક્ષના હોબાળા વચ્ચે જૂનાગઢ મનપાનું ૩૬૬ કરોડનું અંદાજપત્ર મંજૂર

જૂનાગઢ

આજે મહાનગરપાલિકાનું ખાસ જનરલ બોર્ડ બોલાવવામાં આવ્યું હતું. જેમાં વર્ષ ૨૦૨૦-૨૧નું સામાન્ય અંદાજપત્ર સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને રજૂ કર્યું હતું. અંદાજિત ૩૬૬.૩૬ કરોડનું અને ૫૫.૪૫ લાખની પુરાંતવાળુ બજેટ વિપક્ષના ભારે હોબાળાની વચ્ચે બહુમતિથી પસાર કરવામાં આવ્યું હતું. બજેટ રજૂ થયું જેમાં આ વર્ષે સૌની નજર ખેંચે અને વિરોધનું એક પ્રબળ માધ્યમ બને એવો પાણી વેરાનો તોતિંગ વધારો જોવા મળતો હતો. પાણીવેરાના વધારાને વિપક્ષના કોર્પોરેટરોએ નામંજૂર કરીને ભારે હોબાળો મચાવ્યો હતો તો બીજી તરફ કોંગ્રેસના એક માત્ર મહિલા કોર્પોરેટરોએ મનપા દ્વારા જે પાણી વિતરણ કરવામાં આવે છે તે પાણીને લઈને પણ ભારે વિરોધ દર્શાવ્યો હતો.

પાણી વેરાના વધારા સાથેનું વર્ષ ૨૦૨૦-૨૧નું સામાન્ય અંદાજપત્ર મનપાના શાસકોએ બહુમતીના જોરે પાસ કરાવ્યું હતું. જેને લઈને વિરોધ પક્ષ ધુંઆપુંઆ થતો જોવા મળી રહ્યો હતો અને વિરોધ પક્ષના નેતાએ મનપા કચેરીમાં જ બજેટની કોપીની હોળી કરીને તેઓ આ બજેટ સાથે પણ સહમત નથી અને સ્વીકારતા પણ નથી તેવી લાગણી વ્યક્ત કરીને બજેટની હોળી કરતા પણ નજરે પડ્યા હતાં.તો બીજી તરફ સફાઈને લઈને ખુદ ભાજપના જ વોર્ડ નંબર ૪ના એક કોર્પોરેટરોએ વિરોધ કર્યો હતો. તેઓ જણાવી દઈએ હતા કે અઠવાડિયામાં માત્ર એક જ દિવસ તેમના વોર્ડમાં સફાઈ થાય છે જેને લઈને ગંદકીના પ્રશ્નો પારાવાર ઉભા થઈ રહ્યા છે.

સાત વર્ષની બાળકી પર દુષ્કર્મ પર આચરનાર નરાધમ આખરે ઝડપાયો

વેરાવળ

શહેરના ચોર્યાસી બ્લોક તરીકે ઓળખાતા વિસ્તારમાં સાત વર્ષની બાળકીને એક નરાધમ યુવકે વાસનાનો શિકાર બનાવી હતી. પોલીસના જણાવ્યા મુજબ સગીરાની માતા સાથે રાત્રીના ચોર્યાસી બ્લોક વિસ્તારમાં બાળા અન્ય બાળકો સાથે રમતી હતી ત્યારે આરોપી અબ્દુલ ગની કુકસવાડીયાએ બાળકીને તેની માતા પાસે લઈ જવાનું કહી બાજુની બિલ્ડીંગના અગાસીએ લઇ ગયો હતો. અહીં બાળકીને થપ્પડ મારી અગાસી પરથી નીચે ફેંકી દેવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે બાળકીના પરિવારે વેરાવળ પોલીસમાં ફરિયાદ નોંધાવતા આરોપીની ધરપકડ કરી છે.

૧૧ ફેબ્રુઆરીએ બનેલી ઘટનામાં રાત્રીના જે જગ્યાએ બાળા રમતી હતી તે જગ્યાએ મળી ન આવતા તેની માતાએ શોધખોળ આદરી હતી. દરમિયાન બનાવવાળી બિલ્ડીંગમાં બાળકી રડતી હાલતમાં મળી આવી હતી અને બાળાએ તેની સાથે થયેલ કૃત્યની માતાને જાણ કરતાં પ્રથમ વેરાવળ બાદ જૂનાગઢ સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. સમગ્ર ઘટના અંગે ભોગ બનનાર બાળાની માતાની ફરિયાદ આધારે વેરાવળ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ IPC ૩૭૬ એબી, ૩૭૭, ૫૦૬(૨) તેમજ પોસ્કો એક્ટની કલમ ૩એ, ૪, ૫(એમ), ૫(આઈ), ૬ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે, નાની ફૂલ જેવી બાળકીને હવસનો શિકાર બનાવનાર સામે ચોમેરથી ફિટકાર વરસી રહ્યો છે.

આજથી ઠંડીમાં વધારો થશેઃ તાપમાન ૧ ડિગ્રી ઘટશે

ગાંધીનગર

જાન્યુઆરી મહિનાના અંતથી વાતાવરણમાં ઠંડી ગરમીનો અહેસાસ શરૂ થઈ ગયો છે. બે-ચાર દિવસ ઠંડી અને બે-ચાર દિવસ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. આવામાં લોકો ત્રાસી ગયા છે, તેમજ ઠંડી-ગરમીની ઋતુ બીમારીઓનું ઘર કરી રહી છે. આવામાં હવામાન ખાતા તરફથી વધુ એક આંચકાજનક સમાચાર આવ્યા છે. આગાહી મુજબ, રાજ્યમાં ફરી ઠંડીનો અહેસાસ થશે. આવતીકાલે ૧ ડિગ્રી તાપમાન ઘટશે.

હાલ ફેબ્રુઆરી મહિનાનો મધ્ય સમય ચાલી રહ્યો છે. ત્યારે હવામાન ખાતાની આગાહી મુજબ, આવતીકાલે શુક્રવારે ઠંડીનો અહેસાસ થશે. ઠંડીની સીઝનનો અંતિમ તબક્કો ચાલી રહ્યો છે. બપોરના સમયે ગરમીનો અહેસાસ થાય છે, અને સાંજ પછી ઠંડીનો અહેસાસ થશે. દરિયામાં તેજ ગતિએ પવન ફૂંકાતો હોવાથી માછીમારોને દરિયામાં ન ખેડવા સૂચના અપાઈ છે. પશ્ચિમ મધ્ય-દક્ષિણ પશ્ચિમ અરબી સમુદ્રમાં માછીમારોને વાતાવરણને કારણે ન જવા સૂચના અપાઈ છે. કારણ કે, પશ્ચિમ મધ્ય-દક્ષિણ પશ્ચિમ અરબી સમુદ્રમાં ૪૫ થી ૫૫ કિલોમીટર ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે.

અનામતનો વિવાદ રાજ્ય સરકાર ૧૮મીએ નવો પરિપત્ર હાઈ કોર્ટમાં રજૂ કરશે

ગાંધીનગર

ગુજરાતમાં લોકરક્ષકની જગ્યાની ભરતીમાં અનામત કેટેગરીની મહિલા ઉમેદવારો મેરિટ ઊંચું હોવા છતાં જનરલ કેટેગરીની મહિલા અનામતમાં સ્થાન મેળવી ન શકે તેવી જોગવાઈ સાથેના જીએડીએ બહાર પાડેલા તા.૧-૮-૨૦૧૮ના ઠરાવને રદ કરવાની ખાતરી બાદ હવે ગુજરાત હાઈ કોર્ટમાં ચાલી રહેલા આ અંગેના કેસમાં પણ પણ ૧૮મી ફેબ્રુઆરીએ નવો પરિપત્ર હાઈ કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

એલઆરડી (લોકરક્ષક ભરતી)માં જૂના પરિપત્રને રદ કરવાની માગણી સાથે છેલ્લા ૬૫ દિવસથી ગાંધીનગરમાં એસસી, એસ.ટી. અને ઓબીસીની મહિલા ઉમેદવારો ઉપવાસ આંદોલન કરી રહી છે, જેની સામે સરકારે મંગળવારે નમતું જોખી જીએડીના ઠરાવમાં આંશિક સુધારો કરવાની જાહેરાત કરી હતી. આ અંગે એડવોકેટ જનરલે હાઈ કોર્ટમાં નિવેદન આપ્યું છે કે, આવતીકાલે રાજ્ય સરકાર આ મુદ્દે નવો જીઆર બહાર પાડશે. અરજદારોની માંગણી નવી પૉલિસી અંતર્ગત સંતોષાઈ જશે તેવી આશા વ્યક્ત કરી હતી. તેમ જ ૧૮ ફેબ્રુઆરીએ નવો પરિપત્ર હાઈ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. બીજીબાજુ એલઆરડીમાં બિનઅનામત વર્ગની પાસ થયેલી ૧૫૦૫ મહિલા ઉમેદવારો પૈકી ૨૫૪ મહિલાઓએ ગુજરાત હાઈ કોર્ટમાં અરજી કરી છે. આ મહિલા પરીક્ષાર્થીઓએ અરજીમાં રાજ્ય સરકાર સમક્ષ તાત્કાલિક નિમણૂક પત્ર આપવાની માગણી કરી છે.

‘શ્વેત ક્રાંતિની જેમ પ્રાકૃતિક ખેતી કરવા ખેડૂતોએ ક્રાંતિ લાવવી પડશે’: રાજ્યપાલ

આણંદ

કૃષિ યુનિવર્સિટીના જીમખાના મેદાનમાં ગુરુવારે ગુજરાતના માનનીય ગવર્નર આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રાકૃતિક ખેતી વિશે જાગૃત્તા લાવવા યોજાયેલ તાલીમ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના નવ જિલ્લામાંથી આશરે ૬૦૦૦ જેટલા ખેડૂતોને સુભાષ પાલિકર પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી.

આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના નવ જિલ્લાઓમાંથી આવેલ ૬૦૦૦ કરતા વધારે ખેડૂતોને જૈવિક અને પ્રાકૃતિક ખેતીથી થતા લાભથી માહિતગાર કરવા આવ્યા હતા. સાથે સાથે પ્રાકૃતિક ખેતી કરવા માટે સુભાષ પાલિકર દ્વારા વિકસાવવામાં આવેલ પદ્ધતિ અંગે માહિતગાર કરી તાલીમ આપવામાં આવી હતી. આ પ્રસંગ આણંદ, વડોદરા, ખેડા, મહીસાગર, દાહોદ, અમદાવાદ, છોટાઉદેપુર, પંચમહાલ અને બોટાદ જિલ્લામાંથી મોટી સંખ્યામાં આવેલ ધરતીપુત્રોને પ્રાકૃતિક ખાતી તરફ વળવા અને રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓથી થતા નુકસાન અંગે માહિતગાર કરીને તેનો ઉપયોગ ટાળવા માટે મહામહિમ રાજ્યપાલ દ્વારા આહ્વાન કરવા આવ્યું હતું. પ્રાકૃતિક ખેતીના ફાયદા વિશે જણાવતા રાજ્યપાલ દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, આ ખેતી ખુબજ ઓછા ખર્ચમાં ખેડૂતને વધુ ઉત્પાદન મેળવવામાં મદદરૂપ થઈ શકે છે. જે રાસાયણિક ખેતી કરતા ઘણીજ ફાયદ કારક અને ઓછી ખર્ચાળ છે. સુભાષ પાલેકલની પ્રાકૃતિક ખેતી પદ્ધતિને આપનાવ અને તેનાથી જમીનને મળતા પોષણ અંગે ખેડૂતોમાં જાગૃતતા લાવવા માટે યોજાયેલા કાર્યક્રમમાં જીવમૃત બીજામૃત બ્રહ્માસ્ત્ર જેવા અનેક પ્રાકૃતિક ખાતર બનાવવાની રીતથી ખેડૂતોને તેમની આવક બમણી કરવાની સરળ રીતની તાલીમ આપવામાં આવી હતી.

વડોદરામાં બ્રાઈટ-ડે સ્કૂલમાં પંખો પડતાં બે વિદ્યાર્થી ઘાયલ

વડોદરા

વડોદરા શહેરના વાસણા-ભાયલી રોડ પર આવેલી બ્રાઈટ ડે સ્કૂલની ગંભીર બેદરકારી સામે આવી છે. બ્રાઈટ સ્કૂલમાં ધો-૩ના ચાલુ ક્લાસ દરમિયાન અચાનક જ પંખો વિદ્યાર્થીઓ ઉપર પડ્યો હતો. જેમાં બે વિદ્યાર્થીઓને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. જેથી તેઓને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યાં બંનેની સારવાર ચાલી રહી છે.

વડોદરા શહેરની બ્રાઈટ ડે સ્કૂલમાં તગડી ફી વસૂલ કરવામાં આવે છે, તેમ છતાં સ્કૂલમાં યોગ્ય સુવિધાઓ અપાતી નથી. પંખાનું સમયસર મેઈન્ટનન્સ ન કરાતુ હોવાથી ચાલુ ક્લાસમાં પંખો તૂટીને નીચે પડ્યો હતો. ત્યારે સ્કૂલમાં વિદ્યાર્થીઓની સુરક્ષા સામે પણ સવાલો ઉભા થયા છે. સ્કૂલમાં મોટી દુર્ઘટના સર્જાવાની પણ શક્યતા છે.

બ્રાઈટ ડે સ્કૂલમાં વિદ્યાર્થીઓની ઉપર પંખો પડવાની ઘટનાને પગલે વાલીઓ સ્કૂલમાં દોડી ગયા હતા. અને શાળા સંચાલકો સામે રોષ વ્યક્ત કર્યો હતો. દુર્ઘટનાને પગલે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ગુસ્સો જોવા મળ્યો હતો.

ઉત્પાદન વધ્યું છતાં ડીસા પંથકમાં બટાકાના ભાવમાં વધારે ઉછાળો

ગાંધીનગર

બનાસકાંઠા જિલ્લામાં ૬૫ હજાર હેક્ટર જમીનમાં બટાકાનું વાવેતર થયું હતું. જેમાં સૌથી વધુ બટાકાનું વાવેતર ડીસા તાલુકામાં ૩૫,૧૧૭ હેકટર જમીનમાં થયુ છે. ઠંડીના કારણે બટાકાનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થતા ડીસા પંથકમાં બટાકાના ભાવ પ્રતિ મણે ૨૨૧ સુધી મળ્યા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ સમગ્ર જિલ્લામાં ૬૨,૩૪૯ હેકટર જમીનમાં બટાકાનું વાવેતર થયું હતું. બટાટા કાઢવાની સિઝન શરૂ થતા એક મહિના સુધી ખેતરોમાં બટાકાનો ધમધમાટ જોવા મળતો હોય છે. આ વર્ષે બટાકાના ભાવ પ્રતિ મણે ૨૨૧ સુધી મળતાં ખેડૂતોમાં ખુશી છવાઈ ગઈ છે. છેલ્લા કેટલાક વર્ષોથી બટાટાની ખેતી નુકસાની સાબિત થઈ હતી, પરંતુ આ વર્ષે બટાકાનો ભાવ ખેતરોમાંથી જ ખૂબ સારો મળી રહેતા ખેડૂતોને બટાકાના પાકમાંથી સારી મળતર રહેવાની આશાઓ બંધાઈ છે. દર વર્ષ કરતા આ વર્ષે બટાટાનું વાવેતર પણ ઓછું થવા પામ્યું છે. માર્કેટયાર્ડના સેક્રેટરીએ જણાવ્યું હતું કે, બટાકાની સિઝનને કારણે ડીસાના મુખ્ય માર્કેટયાર્ડમાં બટાકા માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે.

હાલમાં પ્રતિ મણનો ભાવ ૧૨૧થી ૨૨૧ રૂપિયા મળી રહ્યો છે અને દૈનિક બટાકાના પાંચ હજારથી વધુ કટ્ટાની આવક નોંધાય છે. ડીસા તેમજ આસપાસના વિસ્તારમાં બટાકાનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થતા ખેડૂતોએ બટાકા કાઢવાની શરૂઆત કરી છે ત્યારે ડીસા પંથકમાં આવેલ કેટલાંક કોલ્ડ સ્ટોરેજના સંચાલકોએ બટાકાનો સંગ્રહ કરવાની શરૂઆત કરી છે તેમ જ બાકીના સ્ટોરેજ બે-ચાર દિવસમાં શરૂ થઈ શકે છે. છેલ્લા ચાર વર્ષથી મંદીનો માર ઝીલી રહેલા અને બટાકાનું વાવેતર કરતાં ખેડૂતોને ચાલુ વર્ષે સારા ભાવ મળતાં તેમને તેજીની ચમક દેખાઈ હતી.

ગુજરાત રાજ્યસભા ચૂંટણીઃ વિદેશમંત્રી જયશંકરે સુપ્રીમ કોર્ટમાં કેવિએટ ફાઈલ કરી

ન્યુ દિલ્હી/ગાંધીનગર

વિદેશ મંત્રી એસ જયશંકરે સુપ્રીમ કોર્ટમાં કેવિએટ અરજી દાખલ કરી છે. જેનો અર્થ છે કે, જો કોઈ ગુજરાત હાઈકોર્ટના નિર્ણયને પડકારતા સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરે છે, તો તેમનો પક્ષ પણ સાંભળવામાં આવે. તેમનો પક્ષ સાંભળ્યા વિના કોર્ટ તરફથી કોઈ આદેશ જાહેર કરવામાં ના આવે. અગાઉ ગુજરાત હાઈકોર્ટે એસ જયશંકરની રાજ્યસભા ચૂંટણીને પડકારતી કોંગ્રેસ નેતાની અરજીને ફગાવી હતી. રાજ્યસભામાં ભાજપના ઉમેદવાર એસ જયશંકર વિરુદ્ધ કોંગ્રેસ ઉમેદવાર ગૌરવ પંડ્યાએ હાઈકોર્ટમાં અરજી કરી હતી.

આ કેવિએટ જયશંકર તરફથી વકીલ સ્વરૂપમા ચતુર્વેદીએ દાખલ કરી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, ગુજરાત હાઈકોર્ટના ૪ ફેબ્રુઆરીના આદેશ વિરૂદ્ધ કોઈ પણ અરજી પર કોઈ ચુકાદો આપતા પહેલા તેમના પક્ષને પણ સાંભળવામાં આવે. કોંગ્રેસનો આરોપ હતો કે, ચૂંટણી પંચે રાજ્યસભાની બે બેઠકો માટે જુલાઈ ૨૦૧૯માં થયેલી ચૂંટણીમાં બે સીટો પર અલગ-અલગ ચૂંટણી કરાવી. જેનાથી સત્તાધારી પાર્ટી પાસે બહુમત હોવાના કારણે બન્ને બેઠકો પર તેમના ઉમેદવારોની જીત થઈ.

સોનુ ૩૩૫ના વધારા સાથે ૪૨૧૧૫ની સપાટીએ

ન્યુ દિલ્હી

વિદેશોમાં બંને કિંમતી ધાતુઓની મજબૂતીને કારણે બુલિયન માર્કેટમાં સોનું ગુરુવારે ૩૩૫ રૂપિયા વધીને લગભગ દોઢ અઠવાડિયાની ટોચે દસ ગ્રામદીઠ ૪૨,૧૧૫ રૂપિયાના સ્તરે પહોંચ્યું છે. સતત બે દિવસના ઘટાડા પછી સોનામાં તીવ્ર વધારો પરત ફર્યો છે. ચાંદી પણ ૩૬૫ રૂપિયા વધીને કિલોદીઠ ૪૭,૩૭૫ રૂપિયા થઈ ગઈ છે.

લંડન અને ન્યુ યોર્કમાંથી મળતી માહિતી અનુસાર, સોનાનો સ્પોટ આજે ઔંશદીઠ ૦.૫૦ ટકા વધીને ૧,૫૭૩.૫૩ ડોલર થઈ ગયો છે. યુ.એસ. સોનાના વાયદા પણ એપ્રિલના ૫.૨૦ ડોલર વધીને ઔંશદીઠ ૧,૫૭૬.૮૦ ડોલર બોલાયો હતો. માર્કેટ વિશ્લેષકોએ જણાવ્યું હતું કે નોવલ કોરોના વાયરસના નવા કેસોમાં બે દિવસના ઘટાડા પછી ફરી એકવાર તેજી જોવા મળી છે. આને કારણે, રોકાણકારો સલામત રોકાણ માટે પીળી ધાતુ તરફ વળ્યા, જેનાથી તેની કિંમતમાં વધારો થયો. આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદીનું સ્થાન પણ ઔંશદીઠ ૦.૯૦ ડોલર વધીને ૧૭.૬૩ ડોલરના સ્તરે હતી.

રાણીપમાં કારમાંથી યુવકની લાશ મળતા ચકચાર મચી

અમદાવાદ

શહેરમાં રોજે અવનવી ઘટના બનતી હોય છે. ત્યારે ન્યુ રાણીપ વિસ્તારની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ત્યારે ગઈ કાલે ન્યુ રાણીપ વિસ્તારમાં એક યુવકની કારમાંથી લાશ મળી આવતાં ચકચાર મચી ગઈ છે. જો કે મોત કેવી રીતે થયું તેનો રહસ્ય હજુ ઉકેલાયું નથી.

શહેરના ન્યૂ રાણીપ વિસ્તારમાં ગઈ કાલે એક યુવકની કારમાંથી લાશ મળી આવતાં ચકચાર મચી ગઈ છે. યુવકની હત્યા કરાઈ છે કે તેનું કુદરતી મોત થયું કે પછી તેને આત્મહત્યા કરી છે. તે શોધવા માટે પોલીસ તપાસ શરૂ કરી છે. ન્યૂ રાણીપ વિસ્તારમાં બ્રિજના છેડે વર્ના કારમાં યુવકની લાશ મળી આવી હતી. ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલાં જ બોપલમાં એક કારમાંથી યુવકની લાશ મળી આવી હતી.

ન્યૂ રાણીપ વિસ્તારમાં આવેલ શ્રીજી બંગલોમાં ૩૧ વર્ષિય હર્ષ પટેલ, જેનું ગઈકાલે રહસ્યમય રીતે મોત થયું છે. હર્ષ ગઈ કાલે પોતાની વર્ના કાર લઈને નીકળ્યો હતો અને ન્યૂ રાણીપ ઓવરબ્રિજની નીચે કાર પાર્ક કરી હતી. હર્ષ થોડો સમય સુધી બહાર નહીં આવતાં આસપાસના લોકોને શંકા ગઈ હતી. જેથી તેની કાર પાસે જઈને જોવા ગયા હતા. હર્ષ બેભાન હાલતમાં દેખાતાંની સાથે લોકોને હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. ૩૧ વર્ષના હર્ષનું મોત કેવી રીતે થયું તે રહસ્ય હજુ સુધી અકબંધ છે.



જમ્મુ-કાશ્મીરમાં પુલવામાં જિલ્લામાં સૈન્ય જવાનોની છાવણી પર આતંકવાદી હુમલાની વરસી સંદર્ભે ઉધના રેલવે સ્ટેશન પર સાકાર થયેલા અમર જવાન શહીદ સ્મારક પર શ્રદ્ધાંજલી અર્પણ કરતા સ્કૂલના બાળકો તસ્વીરમાં નજરે પડે છે.

સુરતથી શારજહાં જતી ફ્લાઈટ કેન્સલ કરાઈ

સુરત

સુરતના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મુસાફરોએ હોબાળો મચાવ્યો છે. સુરતથી શારજાહની ફ્લાઈટ કેન્સલ થતા ૮૦ જેટલા પ્રવાસીઓ અટવાયા છે. જેને લઈને પ્રવાસીઓ રોષે ભરાયા છે. શારજહામાં ફ્લાઈટની અંદર ટેક્નિકલ ખામી સર્જાતા ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી છે.

રાત્રે સાડા બાર વાગ્યે ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી છે. જે શુક્રવારે શારજહાંથી આવવાની છે. ફ્લાઈટ કેન્સલ થતા હાલ મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડ્યો છે. અઠવાડીયામાં બે દિવસ બુધવાર અને ગુરુવારે શારજહાંથી ફ્લાઈટ સુરત આવે છે અને સુરતથી ફ્લાઈટ શારજહાં જવા ઉડાન ભરે છે.

૭૦૦ કલાકારો પરંપરાગત વાદ્યો સાથે નૃત્ય રજૂ કરશે

વ્યારામાં રાજ્ય કક્ષાનો ભવ્ય આદિજાતી મહોત્સવ

વ્યારા

આદિવાસી લોકજીવનની સાથે ગુજરાતની આસપાસના રાજ્યો મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગોવા, છત્તીસગઢ જેવા રાજ્યોની આદિવાસી સંસ્કૃતિનું પરસ્પર આદાન પ્રદાન કરી આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરવાના બહુવિધ ઉદેશો સાથે પ્રતિ વર્ષ રાજ્ય સરકાર દ્વારા આદિજાતી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. જે અન્વયે તાપી જિલ્લામાં વ્યારા ખાતે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ-ગાંધીનગર તથા જિલ્લા વહીવટી તંત્રના ઉપક્રમે તા.૧૪/૧૫ ફેબ્રુઆરીના રોજ ૨૭મા રાજ્યકક્ષાના આદિજાતી મહોત્સવની દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલયમાં રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ મંત્રીશ્રી ઈશ્વરભાઈ પટેલ,રાજ્ય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી રમણભાઈ પાટકર , તાપીના પ્રભારી અને નર્મદા શહેરી ગ્રામગૃહ નિર્માણ મંત્રીશ્રી યોગેશભાઈ પટેલની ઉપસ્થિતીમાં ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સાંસદશ્રી પરભુભાઈ વસાવા, અતિથી વિશેષપદે જિ.પંચાયત પ્રમુખ ગજરાબેન ચૌધરી,ધારા સભ્યો સર્વશ્રી મોહનભાઈ ડોઢિયા, પુનાજી ગામીત, સુનિલભાઈ ગામીત,આનંદભાઈ ચૌધરી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આ બે દિવસો દરમિયાન અહિયાં ગુજરાતનાં આદિવાસી નૃત્યોની રમઝટ જામશે. ડાંગી નૃત્ય, સાંગી નૃત્ય, ચૌધરી નૃત્ય, ગામિત નૃત્ય, ઘેરૈયા નૃત્ય, તુર નૃત્ય, કુકણા નૃત્ય, ઠાકરે નૃત્ય, શીદ્દી ધમાલ નૃત્ય, હોળી નૃત્ય, દિવાળી નૃયતા, પંથી નૃત્ય, ગરાસી નૃત્ય, તલવાર નૃત્ય, ભીલ નૃત્ય, મેવાસી નૃત્ય, માદળ નૃત્ય, આંટીયા નૃત્ય, પાવરી નૃત્ય, સગાઈ-ચાંદલા નૃત્ય જેવા આદિવાસી નૃત્યો રજૂ થશે.

બે દિવસીય મહોત્સવમાં રાજ્યમાં આદિજાતિ વસ્તીનું પ્રભુત્વ ધરાવતા ૧૪ જિલ્લાઓ સહિત અન્ય રાજ્યોના રાજ્યોના ૭૦૦થી વધુ કલાકારો તેમની આગવી અને અનેરી નૃત્યશૈલીમાં પારંપરિક વાદ્યોના તાલે એક મંચ પરથી આદિવાસી લોકનૃત્યોની રમઝટ બોલાવશે.

વિસરાતી જતી આદિવાસી સંસ્કૃતિના જતન, સંવર્ધન સાથે આદિવાસી કલાકારોમાં રહેલી પ્રતિભાને નિહાળવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાહેર જનતાને નિમંત્રણ પાઠવવામાં આવે છે.

બારડોલી ખાતે ગાંધીવંદના નગરયાત્રા અને શાંતિસેનાની પ્રભાવક રેલી

શાળાના ૧૫૦૦ વિદ્યાર્થીઓએ રેલીમાં શાંતિ અને સદભાવનાનો સંદેશો આપ્યો

સુરત

સુરત જિલ્લાના બારડોલી ખાતે ગાંધી સાર્ધશતાબ્દી વર્ષની ઊજવણી નિમિત્તે આયોજિત ગાંધીવંદના નગરયાત્રા અને શાંતિસેના રેલીને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારે પ્રસ્થાન કરાવી હતી. રેલીમાં બારડોલી તાલુકાની વિવિધ શાળાના ૧૫૦૦ વિદ્યાર્થીઓએ રેલીમાં જોડાઈ શાંતિ અને સદભાવનો સંદેશ આપ્યો હતો.

નગરયાત્રા અવસરે મંત્રીશ્રીઈશ્વરભાઈ પરમારએ જણાવ્યું હતું કે, પૂજ્ય બાપુના નિધન બાદ તેમના અસ્થિ જ્યાં-જ્યાં લઈ જવામાં આવ્યા ત્યાં ત્યાં ગાંધીમેળાઓ યોજવાનું ગાંધી સમર્થકો અને સ્વજનોએ નક્કી કર્યું હતું. તા.૩૦ જાન્યુઆરીએ બાપુનું દેહાંત થયું તેના બાર દિવસ બાદ એટલે કે, ફેબ્રુઆરીની ૧૧ અને ૧૨ તારીખે એક વિશાળ શાંતિસેના રેલી નીકળે એવી લોકચાહના હતી. આ શાંતિસેનાનો વિચાર પ્રથમ મહાત્મા ગાંધીજીએ આપ્યો હતો. જેનો ઉદ્દેશ આવી રેલીથી સમાજમાં શાંતિ સ્થાપવાનો હતો. ખાસ કરીને જો બાળકોમાં નાનપણથી જ શાંતિના વિચારનું બીજ રોપાય તો ભવિષ્યમાં શાંતિનું વટવૃક્ષ ખીલશે. પૂજય વિનોબા ભાવેએ શાંતિસેનાના આ વિચારને વ્યવસ્થિત રૂપ આપીને આપણી સમક્ષ મૂક્યો હતો. તેમણે શાંતિસેના દ્વારા સર્વોદયના વિચારને રજૂ કર્યો હતો. આ વર્ષ આદરણીય વિનોબા ભાવેજીની ૧૨૫મી જન્મજયંતીનું વર્ષ પણ છે. જેથી આપણે સૌ એમનું પણ સ્મરણ કરીએ.

વધુમાં તેમણે જણાવ્યું કે, આખી દુનિયા હકીકતમાં તો શાંતિની જ ઝંખના કરે છે. સમાજમાં શાંતિ હોય તો જ આર્થિક અને સાંસ્કૃતિક વિકાસ સંભવ બને છે. આજના સમયમાં શાંતિ અને અહિંસાની તાતી જરૂરિયાત છે. આ ×શાંતિસેના રેલી× નવી પેઢીમાં શાંતિની ભાવના સુદ્રઢ કરવાનું માધ્યમ બનશે તેવી આશા મંત્રીશ્રીએ વ્યકત કરી હતી.

આ પ્રસંગે સ્વરાજ આશ્રમના નિરંજનાબેન ક્લાર્થી, મુકુલ ટ્રસ્ટના પ્રજ્ઞાબેન ક્લાર્થી, ગાંધી મેળાના પ્રમુખશ્રી ડો.અરવિંદભાઈ દેસાઈ, લેખક અને વિચારકશ્રી ભદ્રાયુ વચ્છરાજાની સહિત બારડોલીના નગરજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

અલ્ટો કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

સુરત

કામરેજ-કઠોર રોડ પરના વળાંક પાસેથી પસાર થઈ રહેલી એક અલ્ટ્રો કારમાંથી પોલીસે ૨૪૦ નંગ વિદેશી દારૂની બોટલો જપ્ત કરી કાર ચાલક બુટલેગરની પોલીસે ધરપકડ કરી હતી. જ્યારે અન્ય એક વાપીના બુટલેગરને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કામરેજ તાલુકાના કઠોર ગુલીસ્તાન નગર ખાતે રહેતાં સોહેલ ઉર્ફે બાદલ સલીમ શેખ પોતાની અલ્ટ્રો કારમાં જીજે-૧૯-એ મ-૮૦૦૮ ભારતીય બનાવટની વિદેશી દારૂની ૨૪૦ નંગ બોટલો લઈને કામરેજ કઠોર ગામ ધલુડી પાસેથી પસાર થતા હતા. ત્યારે કામરેજ પોલીસ મથકના પીઆઈ જે.બી. વનારે કારને રોકી રૂા.૩૫ હજારનો વિદેશી દારૂ તથા ૮૫ હજારની અલ્ટ્રો કાર કબજે કરી કાર ચાલકની ધરપકડ કરી હતી. જ્યારે વાપીના બુટલેગર છોટુ ભૈયાને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો.

પાલના જમીન વિવાદમાં ઘાતક શસ્ત્રોથી ડર બતાવી તોડફોડ

લોખંડનો ગેટ અને ફેન્સિંગ તોડી પાડી

સુરત

અડાજણના પાલ સ્થિત ભોગવટા વાળી જમીનના વિવાદમાં ધાક ધમકી અને સ્થળ ઉપર તોડફોડ કરનારા વિરૂદ્ધ અડાજણ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી.

અડાજણ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રાંદેર રોડ પુનીત નગરમાં રહેતા રાજેશ સુભાષ પટેલે આરોપી અજય પ્રભુ પટેલ, અશોક વિઠ્ઠલ પટેલ, ઠાકોર વિઠ્ઠલ પટેલ તથા અન્યોની વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ગુનાહિત કાવતરૂ રચી મુકેશભાઈની કબજા ભોગવટાવાળી જમીન ઉપર આવી ઠાકોર વિઠ્ઠલભાઈ પટેલનાઓને ઉશ્કેરી જમીન ઉપર કબજો જમાવવા માટે ધારદાર હથિયારો બતાવી ડર પેદા કરી જમીનમાં પ્રવેશી લોખંડનો ગેટ, ફેન્સિંગને નુકસાન પહોંચાડી ધાક ધમકીઓ આપી હતી. અડાજણ પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

સરથાણા શ્રી સ્વામીનારાયણ મંદિરે શ્રી અબજીબાપાની વાતોની પારાયણ

ભારતીય સંસ્કૃતિ વિશ્વની સર્વોત્તમ સંસ્કૃતિ છે: ભગવત્પ્રિયદાસજી સ્વામી

સુરત

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર –સરથાણા, સુરતમાં શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, સરથાણા-સુરત મુકામે આજે સવારે શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથ અને અબજીબાપાશ્રીની વાતોની સમૂહ પારાયણની મહાપૂજા કરવામાં આવી. ત્યારબાદ સદગુરુ શાસ્ત્રી શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામી અને સદગુરુ શાસ્ત્રી શ્રી જિતેંદ્રિયપ્રિયદાસજી સ્વામીએ કથામૃતનું રસપાન કરાવ્યું હતું. આ પ્રસંગે તેઓએ જણાવ્યું હતું કે, શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રૌઢ પ્રતાપ પ્રવર્તાવીને વીસ લાખથી વધુ લોકોને નિર્વ્યસની બનાવીને નીતિના માર્ગે ચલાવ્યા હતા. બે હજાર પાંચસોથી વધુ યુવાનોને દીક્ષા આપીને ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ માટે પ્રેરણા આપી હતી. આપણ સૌને શ્રી સ્વામિનારાયણ ગાદીનું શરણું મળ્યું છે, તે ખૂબ મોટા ભાગ્યની વાત છે. આપણે સૌએ શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી અને વચનમૃતમાં દર્શાવિલા નિયમોનું પાલન કરીને સેવા પરાયણ જીવન જીવવું જોઈએ. આજે શ્રી અબજીબાપાશ્રીની વાનોની સમૂહ પારાયણની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. સૌ ભક્તોએ આરતીના લહાવા લીધા હતા.

ત્રણ શખ્સોએ યુવતીનું અપહરણ કરી દુષ્કર્મ આચરતા ચકચાર

કરજણ

કરજણ તાલુકાથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ કરજણ તાલુકાના લતીપુર ગામે ૩ ઈસમો સામે દુષ્કર્મ અને અપહરણની ફરિયાદ થતા વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. લતીપુર ગામે રહેતી યુવતીનું અપહરણ કરી બળજબરી પૂર્વક સંબંધ બાંધવાની કરજણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. માહિતી પ્રમાણે ગામમાં રહેતી ફોઈના ઘરે રહી મજૂરી કરતો એહમદખા સિંકદર પઠાણ મૂળ રહે. શિનોર, જી.વડોદરા, ગત બુધવારે(૫-૨-૨૦૨૦) ના રોજ રાત્રે યુવતીના ઘરે પહોંચ્યો હતો. ઘરનો દરવાજો ખખડાવતા યુવતીએ પિતા કામેથી આવ્યા હોવાનું સમજી દરવાજો ખોલ્યો. ત્યારે ઈસમે યુવતીના મોઢા પર બેહોશીની દવા વાળો રૂમાલ ઠાકીને ૨ ઈસમો લઈને આવેલ સાધનમાં યુવતીનું અપહરણ કરી લઈ ગયા.

માહિતી મુજબ ત્રણે ઈસમો યુવતીને પાવી, જેતપુર ખાતે એહમદના મામાંના ઘરે લઈ ગયા હતા. જ્યાં આરોપીએ યુવતી સાથે બળજબરી પૂર્વક સંબંધ બાંધ્યો હતો. ઉપરાંત, યુવતીને નરાધમે મારી નાખવાની ધમકી પણ આપી હતી. ૨ દિવસ સુધી યુવતીને રાખીયા બાદ આરોપી યુવતીને ત્રીજા દિવસના રોજ વડોદરા તાંદલજા ખાતે સિકંદરખા(કલાવાળા) ને ત્યાં લાવી નિકાહની તૈયારી કરતા હતા.

પરંતુ તે દરમિયાન યુવતીના સગા અને મા-બાપ આવી જતા યુવતીનો છુટકારો થયો હતો. સગડી હકીકત માતા-પિતાને યુવતીએ જણાવતા યુવતી દ્વારા ૩ ઈસમો સામે કરજણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. પોલીસે પણ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી એહમદખા સિકંદર પઠાણ, આસિકખા સિકંદર પઠાણ અને સિકંદરખાને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. બીજી તરફ યુવતીને મેડિકલ ચેકઅપ માટે વડોદરા લઈ જવામાં આવી છે.

તા.૧૮મીએ ગુરુકુલ સુપા ખાતે વાર્ષિકોત્સ્વનું આયોજન

નવસારી

મહર્ષિ દયાનંદ સ્મારક ગુરુકુલ સુપા, નવસારી ખાતે તા.૧૮ મી ફેબ્રુઆરી-૨૦૨૦ ના રોજ વાર્ષિકોત્સવ કાર્યક્રમ યોજાનાર છે. જેમાં સમારંભના અધ્યક્ષ તરીકે ડાલ. બિપિનચંદ્ર દેસાઈ ઉપસ્થિત રહેશે. ગુરુકુલ સુપા ખાતે સાંજે ૬-૩૦ વાગ્યાથી સમૂહ વ્યાયામ, ડંબેલ્સ, જીમ્નાસ્ટીક, મલખમ, યોગાસન, યૌગિક ક્રિયાઓ, લોકનૃત્ય, દેશભક્તિગીત, અભિનય ગીત જેવા કાર્યક્રમો યોજાશે.

વલસાડમાં અનાવીલ સમાજ દ્વારા સ્નેહમિલન સમારંભ યોજાયો

સામાજિક ઉત્કર્ષમાં સક્રિય પ્રદાન માટે અનાવિલોનું આહવાન

વલસાડ

વલસાડ અનાવિલ સમાજ દ્વારા સમાજનો સ્નેહ મિલન સમારંભ જમનાબાઈ શાળા, કસ્તુરબા હોસ્પિનટલ સામેના પટાંગણમાં યોજવામાં આવ્યોસ હતો. અનાવિલ સમાજના પ્રમુખ અને મેન્ગો કિંગ તરીકે ઓળખાતા શ્રી વિનોદચંદ્ર મગનલાલ દેસાઈના પ્રમુખસ્થાને યોજાયેલા આ સમારંભમાં વલસાડના અનાવિલ ભાઈ-બહેનો-બાળકો અને યુવાનો શાળાના પટાંગણમાં ઉત્સાહભેર ઉમટી પડયા હતા. આ પ્રસંગે યોજાયેલા વૈવિધ્વપૂર્ણ કાર્યક્રમો પૈકી ભજનસંધ્યા?, ભક્તિસંગત તથા અનાવિલ સમાજના પારંપરિક ગીતોએ વિશેષ રંગત જમાવી હતી.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ, નવસારીના અનાવિલ અગ્રણી જિજ્ઞેશભાઈ દેસાઈ, વલસાડના જાણીતા ન્યુઈરોલોજીસ્ટ ડૉ.પાર્થિવ દેસાઈ ઉપસ્થિત હતા. તેમણે અનાવિલ સમાજની પ્રતિભાવંત ધરોહરને જાળવવા અને સંગઠિત પ્રયાસો દ્વારા સમાજને નવી ઊંચાઈ પર લઈ જવા અનુરોધ કર્યો હતો. વૈચારિક આદાન-પ્રદાન સાથે સમગ્ર સમાજના ઉત્કર્ષમાં અનાવિલો સક્રિય યોગદાન આપવા આગળ આવે તેવું આહવાન અગ્રણીઓએ કર્યું હતું.

૨૦૧૮-૧૯ના વર્ષ દરમિયાન ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં ૮૦ ટકા થી વધુ, ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષામાં ૭૦ ટકાથી વધુ ગુણ મેળવ્યાન હોય, ડીગ્રી-માસ્ટઅર ડીગ્રીમાં ફર્સ્ટિકલાકસ હોય, પી.એચડી., સી.એ., ડૉક્ટરીમાં ઉત્તીર્ણ થયા હોય, રાજ્ય કક્ષાએ કે રાષ્ટ? ક્ર્ષા એ વ્યસક્તિ ગત પ્રથમ, દ્વિતીય, તૃતીય વિજેતા હોય અથવા તેવી વિશિષ્ટ? સિદ્ધિ મેળવી હોય તેમને તેજસ્વીર તારલા તરીકે તેમને સન્માાનવામાં આવ્યાા હતા. આ અવસરે વિવિધ ક્ષેત્રે વિશેષ સેવા પ્રદાન કરનારા કે સિદ્ધિ મેળવનાર અનાવિલ મિત્રોનું સન્માાન પણ કરવામાં આવ્યું હતું. તે પૈકી સંસ્થારના મંત્રી હિતેનભાઈ કે જેઓ અનાવિલોની મુખ્ય સંસ્થા શુકલધર ધામ મંડળના પ્રમુખ તરીકે ચૂંટાવા બદલ જયારે સમર્થ નાટયકાર સતિષભાઈ અને શ્રેષ્ઠી શિક્ષકનો એવોર્ડ મેળવનાર શેઠ આર.જે.જે. હાઈસ્કૂભલના આચાર્યા ફાલ્ગુનીબેનનું સન્માામન પણ કરાયું હતું.

વરિયાવમાં સંત શિરોમણી રોહીદાસ બાપાની જન્મ જયંતિની ભવ્ય ઉજવણી

સુરત

સૂર્યપૂત્રી-તાપી તટે આવેલ સુરત શહેરનાં પરગણા રૂપ વરીયાવ ગામે ''સંત શિરોમણી રોહિતદાસ બાપાની ૬૪૪ ની જન્મ જયંતિ વિવિધ કાર્યક્રમો સાથે ઉજવાય આ ઉજવણીનું સફળ આયોજન સંત શિરોમણી સદ્ગુરૂ રોહિતદાસ સંતસંગ મંડળ વરીયાવ સુરત, દ્વારા મહા સુદ પુનમ તા: ૯-૦૨-૨૦૨૦ થયુ હતું તેમાં સમાજનાં ૭૫ વર્ષથી વધુ વયના ઓલપાડ ચોર્યાસી તાલુકા તથા સુરત શહેરના ગામોમાં વસતા વરિષ્ઠ ૫૩ વડીલોનું સન્માન રકતદાન કેમ્પમાં ૫૩ યુનિટ બોટલ આવી હતી સર્વ રોગ નિદાન કેમ્પ સેલ્બી હોસ્પિટલના ડૉકટર દ્વારા વિના મુલ્ય સેવા આપી વિમોચન અંગેનું તેમજ સર્વ રોગનું નિદાન થયુ હતુ. સમાજનાં અપરણિત યુવક-યુવતીઓની પરિચય પુસ્તિકાના સંકલ્પ પ્રમુખશ્રીના પુરા થયા હતા. તેમાં જહાંગીરપુરા રામમઢીના પપૂ. ગુરૂવર સંતશ્રી મુળદાસ બાપુની હાજરી તથા તેમના દ્વારા અધ્યક્ષ સ્થાન શોભાવી દીપ પ્રાગટ્ય પુસ્તિકા વિમોચન અને આર્શીવચન એ રોહિત સમાજનું અહોભાગ્ય ગણાય તેમના તરફથી સમાજનાં અબાલ વૃધ્ધ મહિલાઓ, નવયુવાનો ને ગૃહસ્થ જીવન જીવવા માટેની મીઠી ટકોર કરવામાં આવી હતી. આ પ્રસંગે સફળ બનાવવા માટે સમાજના મારા દાતાશ્રીઓ તરફથી મળેલ દાનનો હું ઋણ સ્વીકાર કરૂ છું એમનો હું હૃદયથી આભાર માનું છું તેમનું મંડળ દ્વારા સન્માન થયું હતું આ તકે સમાજમાં સંતોને ન ભુલતા તેમનું પણ સન્માન થયું હતું.

જમ્મુ-કાશ્મીરના ખીણ વિસ્તારમાં એલર્ટ જાહેર

ભાગલાવાદી નેતા ગિલાનીના નિધનની અફવા: કાશ્મીરમાં ઈન્ટરનેટ સેવા બંધ

શ્રીનગર

હુર્રિયત કોંગ્રેસ (જી)ના ચેરમેન નેતા સૈયદ અલી શાહ ગિલાનીના નિધનની અફવા ફેલાયા પછી બુધવારે મોડી રાતથી અહીં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. જોકે કાશ્મીરના કમીશનર બશીર અહમદ ખાને જણાવ્યું છે કે, ગિલાનીના દીકરા નસીમ ગિલાનીએ ફોન પર જણાવ્યું કે, સૈયદ અલી શાહ ગિલાની સ્વસ્થ છે અને ઘરે છે. સ્કિમ્સના ડોક્ટર્સ દ્વારા તેમના સ્વાસ્થયનું પરિક્ષણ કરવામાં આવ્યું છે.

ખાને કહ્યું છે કે આ અફવા આધારહિન છે. તેમણે લોકોને અપીલ કરી છે કે, તેઓ કોઈ પણ પ્રકારની અફવા પર ધ્યાન ન આપે. પોલીસ અફવા ફેલાવનાર પર નજર રાખી રહ્યા છે. આવા તત્વો ઝડપાતા તેમની સામે સખત કાર્યવાહી કરવામાં આવશે. આ પહેલાં રવિવારે અને મંગળવારે સંસદ હુમલાના દોષી અફઝલ ગુરુ અને મકબૂલ બટની વરસીના દિવસે ઈન્ટરનેટ સેવા બંધ કરવામાં આવી હતી.

સાપુતારામાં એડવેન્ચર શિબિરનું આયોજન

આહવા

ડાંગ જિલ્લા નેહરૂ યુવા કેન્દ્ર દ્વારા તા.૧૪/૦૨/૨૦૨૦ થી તા.૨૦/૦૨/૨૦૨૦ દરમિયાન એડવેન્ચર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૪ ફેબ્રુઆરીએ ૧૦.૩૦ કલાકે ટેન્ટ સીટી, સાપુતારા ખાતે એડવેન્ચર કેમ્પનો વિધિવત પ્રારંભ કરાશે એમ જિલ્લા યુવા સંયોજક શ્રી અનુપ ઈંગોલેએ જણાવ્યું હતું.

સુરત જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ અસ્તાન કન્યા વિદ્યાલયમાં યોજાયો

શાસ્ત્રીય કળાથી જીવનમાં એક અલગ જ પ્રકારનું અજવાળું પ્રગટે છેઃ ઈશ્વર પરમાર

સુરત

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારના અધ્યક્ષસ્થાને સુરત જિલ્લાના બારડોલી સ્થિત અસ્તાન કન્યા વિદ્યાલય ખાતે સુરત જિલ્લા કક્ષાના બે દિવસીય કલા મહાકુંભ ૨૦૧૯-૨૦નો દબદબાભેર પ્રારંભ થયો હતો.

તાલુકા કક્ષાએથી વિવિધ કલા સ્પર્ધાઓમાં જીતીને જિલ્લા કક્ષાએ પહોંચેલા સૌ સ્પર્ધકોને અભિનંદન પાઠવતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સ્પર્ધા જીતો કે, નહી એ ગૌણ વાત છે, કારણ કે જે વ્યક્તિ શાસ્ત્રીય કલાઓને અપનાવે છે તેના જીવનમાં એક અલગ જ પ્રકારનું અજવાળું પ્રગટેછે. તેનું જીવન આંતરિક રીતે સમૃદ્ધ બને છે અને આ આંતરિક સમૃદ્ધિ સ્પર્ધામાં મળેલી જીત ઘણી વધારે મહત્વની છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, વૈશ્વિકકક્ષાએ કલાને ખૂબ જ મહત્વ આપ્યું હતું. ભારતીય સંસ્કૃતિમાં તો શાસ્ત્રીય કલાઓનો ખૂબ બારીકીથી વિકાસ થયો છે. કહેવાય છે કે શ્રીકૃષ્ણ ભગવાન ચોસઠ કલાઓમાં પારંગત હતા. કલામાંથી માણસને એક અદભુત રસ પ્રાપ્ત થાય છે. એટલે જ તો કૃષ્ણ ભગવાનને ×રસરાજ× કહેવામાં આવે છે. તેવી જ રીતે, ભગવાન શિવને પણ આપણે ×નટરાજ× કહીએ છીએ જે ભારતીય સંસ્કૃતિમાં કલાનું રહેલું મહત્વ દર્શાવે છે. કલા જ વ્યક્તિના જીવનમાં અને સમાજમાં રંગ પૂરે છે. કલા જીવનને જીવવાલાયક બનાવે છે. કલામાં થાકેલા માણસનો થાક દૂર કરવાની અને નિરાશ વ્યક્તિના જીવનમાં આશા ભરવાની તાકાત છે પરંતુ જ્યારે કોઈ રાજ્યના વિકાસની વાત થાય ત્યારે ઔદ્યોગિક અને આંતરમાળખાકીય વિકાસની વાત સૌથી પહેલા થતી હોય છે. એટલે ઘણીવાર સમાજમાં કલાઓ અને ખેલકુદ જેવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને ઓછું મહત્ત્વ આપવામાં આવે છે તેવું જોવા મળે છે. આવી સ્થિતિમાં કલા મહાકુંભ જેવો ઉપક્રમ શરૂ કરવા બદલ મંત્રીશ્રી એ રાજયના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગને અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાતને સ્પોર્ટ્સ ક્ષેત્રે આગળ લાવવા આપણા હાલના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ×ખેલ મહાકુંભ×નો પ્રારંભ કરાવ્યો હતો. રમતગમત ક્ષેત્રના આ સૌથી મોટા મહોત્સવમાં સમગ્ર ગુજરાતના લોકો જોડાવા લાગ્યા અને થોડા વર્ષોમાં જ એવી સ્થિતિનું નિર્માણ થયું છે કે આપણા ખેલાડીઓ હવે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ મેડલ જીતવા લાગ્યા છે. કલા મહાકુંભ પણ આવો જ એક પ્રયાસ છે. આ વખતના કલા મહાકુંભમાં ૧૪ હજારથી વધારે રજીસ્ટ્રેશન થયા છે, આ ખૂબ આનંદની વાત છે. આશા છે કે આવનારા દિવસોમાં કલા મહાકુંભ એ આપણા સમાજમાં સંસ્કૃતિને સોળે કલાએ ખીલવવાનું માધ્યમ બનશે. રાજ્યમાં ગીત-સંગીત-નૃત્ય-અભિનય જેવા કલાના વિવિધ સ્વરૂપ તેની પૂર્ણ કક્ષાએ ખીલી ઉઠશે. સુરત જિલ્લાના ૯ તાલુકામાંથી વિજેતા થઈને આશરે ૧૬૫૦ જેટલા કલાકારો બે દિવસીય જિલ્લા કક્ષાના કલા મહાકુંભમાં ભાગ લઈ રહ્યાં છે. જિલ્લા કક્ષાએ ભાગ લેવા સૌ કલારસિકો પણ કલા મહાકુંભને મન ભરીને માણે અને કલાના માધ્યમથી આપણા સૌના જીવનનો સર્વાંગી વિકાસ થાય તેવી શુભકામના સાથે તેમણે સૌને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી પ્રીતિબેન પટેલ, જિલ્લા યુવા વિકાસ અધિકારી રાધિકાબેન લાઠીયા, રમત ગમત અધિકારીશ્રી વિરલ પટેલ, અગ્રણીશ્રી ભાવેશભાઈ પટેલ, અસ્તાન કન્યા વિદ્યાલયના આચાર્યા શ્રીમતી અરુણાબેન પરમાર સહિત મોટી સંખ્યામાં નગરજનો અને સ્પર્ધકો વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

સુરતના બુરઝીન ચીનીવાલાને રાજ્ય કક્ષાનો હિન્દી પ્રચારક એવોર્ડ મળ્યો

સુરત

તાજેતરમાંજ અમદાવાદ ખાતે ગુજરાત પ્રાંતિ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ દ્વારા યોજાયેલ બાવીસમાં અખિલ ગુજરાત રાષ્ટ્રભાષા હિન્દી પ્રચાર સમ્મેલન દરમિયાન સુરતના સેવાભાવી સજ્જન બુરઝીન ચીનીવાલાને સંનિષ્ઠ હિન્દી પ્રચારક એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. તેઓએ છેલ્લા બે દશકાથી પણ વધુ સમયથી રાષ્ટ્રીય ભાષા હિન્દીના પ્રચાર પ્રસારની ઉલ્લેખનીય કામગીરી બજાવી છે જે બદલ સંસ્થા દ્વારા તેઓને આ એવોર્ડ એનાયત થયો હતો.

રાષ્ટ્રભાષા પ્રચારક મંડળ સુરતની કાર્યવાહક સમિતિના સભ્ય એવા બુરઝીન ચીનીવાલાએ સમગ્ર ગુજરાતમાં રાષ્ટ્રભાષા હિન્દીના પ્રચાર પ્રસાર માટે અંતિમ વીસથી વધુ વર્ષોથી કરેલા સંનિષ્ઠ પ્રયાસોને ધ્યાનમાં રાખીને ગુજરાત પ્રાંતિ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ દ્વારા એવોર્ડ એનાયત થયો હતો. જેમાં તેઓને શોલ ઓઢાડી રોકડ પુરસ્કાર પણ ડો જવાહર કર્ણાવટના હસ્તે આપવામાં આવ્યો હતો. ચાહકોની ભરપુર હાજરી વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં રાજેશ હજીરાવાલા, ડો. અતુલ પાઠકજી, ડો. મફતલાલ પટેલ, રાજેન્દ્ર પટેલ તેમજ નરેન્દ્ર જોષી પણ હાજર રહ્યા હતા.

સુરતમાં અધિકતમ તાપમાન ૩૫ ડીગ્રી જેટલું ઉંચું નોંધાયું

ફેબ્રુઆરી મહિનાની મધ્યે ઉનાળા જેવો તાપ

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ફેબ્રુઆરી મહિનાના બીજા સપ્તાહની શરૂઆત સાથે જ તાપમાનમાં વધારો થતા ઠંડીનો ચમકારો ધીરે ધીરે ઓસરી રહ્યો છે. આજે સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે અધિકતમ તાપમાન ૩૫ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૩ ડીગ્રી સુધી પહોંચી જતા ગરમીનો અનુભવ થયો હતો.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારથી શહેરમાં વાદળછાયુ વાતાવરણ છવાયેલુ છે. અધિકતમ તાપમાન ૩૫.૦ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૩.૬ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૯ ટકા અને હવાનું દબાણ ૧૦૧૮ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૪ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીમાં આજે વાદળછાયુ વાતાવરણ હોવાથી બપોર સુધી પવનની ગતિ મંદ રહી છે. તાપમાનનો પારો પણ ગતરોજ જેટલો જ નોંધાયો છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૫ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૩ ડીગ્રી નોંધાયું છે.

ફેબ્રુઆરી મહિનાની શરૂઆત સાથે જ તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. બીજા સપ્તાહની શરૂઆ સાથે જ ધીરે ધીરે ઠંડીનું પ્રમાણ ઓછું થઈ રહ્યું છે.

૧૬મીથી નવસારીમાં કલા મહાકુંભ પ્રદેશ કક્ષાની સ્પર્ધાનું આયોજન

નવસારી

જિલ્લા યુવા વિકાસ અધિકારી અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી નવસારી દ્વારા કલા મહાકુંભ ૨૦૧૯-૨૦ ની પ્રદેશકક્ષાની સ્પર્ધા તા.૧૬/૦૨/૨૦૨૦થી તા.૧૭/૦૨/૨૦૨૦ સુધી યોજનાર છે.

તા.૧૬/૦૨/૨૦૨૦ ના રોજ શ્રી સ્વામીનારાયણ ઈન્ટરનેશનલ સ્કુલ, એરૂ, ગાંધી ફાટક પાસે, જલાલપોર ખાતે સવારે ૯-૦૦ કલાકે ગીટાર, ૯-૦૦ કલાકે શાસ્ત્રી કંઠ્ય સંગીત, સ્કુલબેન્ડ ૧૧-૦૦ કલાકે તા.૧૭ મીએ સવારે કાવ્યલેખન ૯-૩૦ કલાકે, ગઝલ શાયરી ૯-૩૦ કલાકે, મોહિની અટટમ ૯-૩૦ કલાકે, સમૂહગીત ૧૧-૦૦ કલાકે યોજાશે. આ સ્પર્ધાનું રજીસ્ટ્રેશન અને રીપોર્ટ'ગ સવારે ૮-૫૦ કલાક સુધી કરવાનું રહેશે.

રીપોર્ટીંગ સમય પછી આવેલા સ્પર્ધકને સ્પર્ધામાં ભાગ લેવા અંગે આયોજકોને અગાઉથી જાણ કરવાની રહેશે. દરેક સ્પર્ધક આધારકાર્ડ, બેદ્વક પાસબુની ઝેરોક્ષ નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. ટુંકામાં ટુંકા અંતરનું અથવા રેલ્વેના બીજાવર્ગનું ભાડુ ટીકીટ રજૂ કર્યેથી ચૂકવવામાં આવશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી નવસારીની યાદીમાં જણાવાયું છે.

સુરતમાં બીઆરટીએસની બસનો ડ્રાઈવર દારૂ પીધેલી હાલતમાં ઝડપાયો

સુરત

પાલિકા દ્વારા વિવિધ કામગીરીઓ માટે જુદી-જુદી ગાડીઓ કોન્ટ્રાક્ટ પર લેવામાં આવી છે. જેમાં પાલિકાની જ એક ટ્રકમાંથી દારૂની બોટલ મળી આવી હતી. જ્યારે બીજી બાજુ બીઆરટીએસની બસનો એક ડ્રાઈવર પીધેલી હાલતમાં બસ ચાલતો હોવાનું જણાતા હોબાળો મચી ગયો હતો. આ બંનેના વીડિયો કોંગ્રેસના નગરસેવક દિનેશ કાછડિયા દ્વારા સોશિયલ મીડિયામાં અપલોડ કરવામાં આવ્યા છે અને સવાલો ઉભા કર્યા છે.



મળતી માહિતી પ્રમાણે, સિમાડા ગામ જતા રસ્તા પર ૧૧ ફેબ્રુઆરીના રોજ સ્વચ્છ સુરત, સુંદર સુરતના બેનર સાથેનો એક પાલિકાનો ટ્રક પસાર થઈ રહ્યો હતો. જેમાં કોંગ્રેસના નગરસેવક દિનેશ કાછડિયાએ તપાસ કરતા ડ્રાઈવર પીધેલી હાલતમાં હતો. ડ્રાઈવર પાસે ટ્રકનું ફિટનેસ સર્ટી પણ ન હતું અને ટ્રકમાં દારૂની બોટલ પણ હતી. ટ્રકની નંબર પ્લેટ પણ નવા કાયદા પ્રમાણે ન હતી.

બીજી એક ઘટનામાં દિનેશ કાછડિયાએ અમરોલી બીઆરટીએસ પાસે એક બીઆરટીએસની બસનો ડ્રાઈવર બેફામ રીતે બસ ચલાવતો હોવાની જાણ થતા રોકીને તપાસ કરી હતી. જેમાં ડ્રાઈવર પીધેલી હાલતમાં હોવાનું અને તેના કારણે પેસેન્જરો બસમાંથી ઉતરી ગયા હોવાનું જણાયું હતું.

ત્રણમાંથી બે મહિલાને પેલવીક ફલોર મસલ્સ વિકનેસ હોય છેઃ ડો. નીધિ પટેલ

ચેમ્બરમાં લેડીઝ વીંગ દ્વારા પેલવીક ફલોર રીહેબીલિટેશન વિશે અવેરનેસ સેશન યોજાયુ

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની લેડીઝ વીંગ દ્વારા બુધવારે, ૧૨મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'પેલવીક ફલોર રીહેબીલિટેશન'વિષય ઉપર અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ફિઝીયોથેરાપિસ્ટ ડો. નીધિ પટેલ દ્વારા મહિલાઓને પેલવીક ફલોર મસલ્સની વીકનેસથી બચવા માટે મહત્વનુ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરની લેડીઝ વીંગના ચેરપર્સન શ્રીમતી પૂર્વીબેન મહેતાએ આજના અવેરનેસ સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને મહિલાઓની અવેરનેસ માટે લેડીઝ વીંગ દ્વારા યોજાતા કાર્યક્રમો વિશે માહિતી આપી હતી.

ડો. નીધિ પટેલે પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે મહિલાઓએ કઈ રીતે બેસવુ, કઈ રીતે ઉભા થવુ અને કઈ રીતે ચાલવુ તેને પોશ્ચર કહેવામાં આવે છે. પોશ્ચરને કારણે મહિલાઓના પેલવીક ફલોર ઉપર થતી જુદી—જુદી ઈફેકટ વિશે તેમણે સમજણ આપી હતી. પેલવીક ફલોર મસલ્સ વીકનેસને કારણે મોટાભાગે મહિલાઓને કમરનો દુ:ખાવો થાય છે. પ્રેગ્નન્સી પહેલા અને પછી ઈનકોન્ટીનન્સનું એક કારણ તરીકે પણ પેલવીક ફલોર મસલ્સ વીકનેસ જવાબદાર બને છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, એક સર્વે મુજબ દર ત્રણ મહિલામાંથી બે મહિલાને પેલવીક ફલોર મસલ્સ વીકનેસ હોય છે. આથી હેલ્થી પેલવીક ફલોર મસલ્સમાં સુધારા માટે મહિલાઓમાં સેલ્ફ અવેરનેસ જરૂરી છે. પેલવીક ફલોર મસલ્સ રીહેબ બને તેટલુ વહેલા ચાલુ કરવાની સલાહ તેમણે આપી હતી. આના માટે તેમણે મહિલાઓને પેલવીક ટીલ્ટ એકસરસાઈઝ, કોર મસલ્સ સ્ટ્રેન્થનીગ અને પેલવીક ફલોર મસલ્સ સ્ટ્રેન્થનીંગ જેવી કસરતો કરવા જણાવ્યુ હતુ. સેમિનારમાં તેમણે આ કસરતોનું ડેમોન્સ્ટ્રેશન પણ કરી બતાવ્યુ હતુ.

આ સેશનમાં ડો. નીધિ પટેલે મહિલાઓના જુદા—જુદા સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. સેશનને અંતે લેડીઝ વીંગના સભ્ય શ્રીમતી મયૂરીબેન મેવાવાલાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.

સુરત ફાયર વિભાગનો મોટો નિર્ણય

જે જગ્યામાં હવે ફાયર વાહન પહોંચી નહિ શકે તે તમામ મિલકતો સિલ કરાશે

સુરત

સુરતમાં એક બાદ એક આગની વિકરાળ અને દુખદ ઘટનાઓ બાદ સુરતના ફાયર વિભાગે એક મોટો નિર્ણય કર્યો છે. સુરત ફાયર ડિપાર્ટમેન્ટના નવા નિર્ણય પ્રમાણે, જે જગ્યાઓએ ફાયરનાં વાહન નહીં જઈ શકે એ તમામ મિલકતોને સીલ મારવામાં આવશે. તેમાં ઓદ્યોગિક સોસાયટીઓ અને ટેક્સટાઈલ કાપડ માર્કેટ પણ સામેલ છે. સુરત ફાયર વિભાગના આ નિર્ણયથી વિવાદનો જન્મ થયો છે. અને અનેક લોકોની દુકાનો બંધ થઈ જશે તેવો ભય સતાવી રહ્યો છે. આ કામ માટે પાલિકા કમિશનરે બે ઉચ્ચ અધિકારીઓને જવાબદારી સોંપી છે.

સુરતમાં છાશવારે બનતી આગની ઘટનાઓને પગલે હંમેશા જવાબદારીનું ઠીકરું સુરત ફાયર વિભાગ પર ફૂટે છે. તક્ષશિલાકાંડ હોય કે રઘુવીર માર્કેટમાં લાગેલી આગ હોય. સુરતમાં છેલ્લા થોડા સમયથી આગની વિકરાળ ઘટનાઓએ તંત્રને જડમૂળથી ફેરફાર કરવા માટે મજબૂર કર્યું છે. તેવામાં સુરત ફાયર વિભાગે નિર્ણય કર્યો છે કે, જે જગ્યાઓએ સુરત ફાયર વિભાગના વાહનો નહીં પહોંચી શકે તેવી મિલકતોને સીલ મારવામાં આવશે.

સુરત ફાયર વિભાગના આ વિવાદીત નિર્ણયને કારણે અનેક લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. સુરતમાં ૨૩ ટેક્સટાઈલ માર્કેટની સાંકડી ગલીઓમાં ફાયરની ગાડીઓ જઈ શકે તેવી પરિસ્થિતિ જ નથી. જેને કારણે આ તમામ ૨૩ માર્કેટોમાં તાળા લાગી જશે કે શું? તો બીજી બાજુ વરાછા અને કરંજની ૧૭ ઓદ્યોગિક સોસાયટીઓ પણ સાંકડા રસ્તામાં આવેલી છે. તેનો મતલબ એમ કે આ સોસાયટીઓને પણ સીલ મારી દેવામાં આવશે.

આહવા નર્સિંગ કોલેજમાં જાતિય સતામણી અંગે સેમિનાર યોજાયો

સ્ત્રીઓના રક્ષણ માટેના કાયદાની વિસ્તૃત છણાવટ

આહવા

જનરલ નર્સિંગ કોલેજ,આહવા ખાતે તા.૧૧/૦૨/૨૦૨૦ ના રોજ મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી, આહવા દ્વારા કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમ-૨૦૧૩ અંતર્ગત એક દિવસીય સેમિનાર યોજાયો હતો. જેમાં દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી એસ.ડી. સોરઠિયા એ સ્ત્રીઓના રક્ષણ માટે કાયદાકીય રીતે નિયુક્ત થયેલા અધિકારોની સમજ આપી હતી. તથા ડી.બી.એસ.પટેલ દ્વારા સ્ત્રી પુરૂષનો રેસીયો તેમજ જાતિય સતામણી વિશે માહિતી આપી હતી. અને આયુષ મેડિકલ ઓફિસર ડી.કે.બી.ભુગડિયા દ્વારા મહિલાલક્ષી યોજના વિશે જાણકારી આપી હતી.

મહિલા શક્તિ કેન્દ્ર આહવા દ્વારા ૧૦૦ ટકા સરકારી અને બિન સરકારી યોજનાઓનો પ્રચાર પ્રસાર કરવામાં આવે છે. તેમજ મહિલાલક્ષી ચાલતા વિવિધ સેન્ટરો સાથે સંકલન કરી કામગીરી કરવામાં આવે છે. ૧૮૧ ની ટીમ દ્વારા હિંસા, છેડતી, હેરાનગતિ જેવી મુસીબતોની સ્થિતિમાં ત્વરિત સહાય અને સુરક્ષા આપતી સરકારની યોજના વિશે જાણકારી પણ આ સેમીનારમાં આપવામાં આવી હતી. આ ઉપરાંત પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેન્ટર થકી મહિલાઓ માટે પોલીસ સ્ટેશનમાં સહાયતા કેન્દ્ર કાર્યરત કરવામાં આવેલ છે. જ્યાં પીડીત મહિલાનું અને તેના પરિવારજનોનું આવશ્યકતા મુજબ કાઉન્સેલીંગ કરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે. તેમજ સખી વન સ્ટોપ સેન્ટરમાં જરૂરિયાતમંદ મહિલાઓને તમામ પ્રકારની સુવિધા એક સ્થળેથી વિનામૂલ્યે મળી રહે છે. જેની વિસ્તૃત સમજ અપાઇ હતી.

આ ઉપરાંત દિકરીઓનું જન્મ પ્રમાણ વધારવા ?બેટી બચાવો બેટી પઢાવો' અંતર્ગત શપથ વિધિ લેવામાં આવી હતી. આ સેમિનારમાં જિલ્લા આરોગ્ય કચેરીના ડી.બી.એસ. પટેલ, મહિલા કલ્યાણ અધિકારી જ્યોતી પટેલ, મહિલા શક્તિકેન્દ્ર, પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર, સખી વન સ્ટોપ સેન્ટર, ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈન ટીમ સહિત જનરલ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ,આશા વર્કર બહેનો મળી કુલ ૧૧૫ જેટલા બહેનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સંસ્કાર અને સંસ્કૃતિનું જતન કરવાની સૌની જવાબદારી છેઃ વકીલ પ્રીતિ જોષી

વી ક્લબ અને જાગૃતિ મહિલા મંડળ દ્વારા વેલેન્ટાઇન ડે સંદર્ભે કાર્યક્રમ યોજાયો

સુરત

ગત રોજ ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ બપોરે ૩થી ૫ કલાકે પરવતપાટીયા, ચંદ્રલોક સોસાયટીનાં મહાદેવ મંદિરના મેદાન ખાતે વી ક્લબ અને જાગૃતિ મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે વેલેન્ટાઈન ડે નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હો

આ કાર્યક્રમમાં સંસ્થાનાં પ્રમુખ વાસંતીબેન શર્મા, સંસ્થાના સલાહકાર વકીલ શ્રીમતી પ્રીતિ જિજ્ઞેષ જોષી, કોર્પોરેટર તથા સાંસ્કૃતિક સમિતિનાં ચેરમેન રશ્મિકા બેન પટેલ, સ્થાનિક કોર્પોરેટર રમીલાબેન પટેલ, વકીલ સંગીતા ખૂંટ તથા અન્ય અગ્રણી વિવિધ સંસ્થાઓની બહેનો ઉપસ્થિત રહેલી.

એડવોકેટ પ્રીતિ જે જોષીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે આજની પેઢીમાં પશ્ચિમી સંસ્કૃતિનું આક્રમણ ન થાય, તે જોવાની તથા આપણા ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારનું જતન થાય તે જોવાની આપણા સૌની જવાબદારી છે. પ્રેમની અનુભૂતિ, પ્રેમનો એકરાર આપણી કુટુંબ પ્રથાને વધુ ગાઢ બનાવે તે માટે મા-દીકરા, બાપ-દીકરી, ભાઈ-બહેન, પતિ-પત્ની, સાસુ-વહુ દરેક સંબંધમાં પ્રેમના એકરારની અનુભૂતિ કરી પ્રેમ લાગણી હૂંફને સતત ધબકતો-જીવંત રાખવા આપણે આ સંબંધમાં આઈ લવ યુ કહેતા પણ ખચડાવવું જોઈએ નહીં. આ કાર્યક્રમમાં રશ્મિકા બહેને ભારતીય સંસ્કૃતિની પરંપરા એ સમાજના રીતિ રિવાજ અન્વયે માર્ગદર્શન પૂરુ પાડેલું. કોર્પોરેટર શ્રી રમીલાબેન પટેલે ગુજરાત સરકાર દ્વારા મહિલાઓને લગતી વિવિધ યોજનાઓ અંગે વિસ્તારથી માર્ગદર્શન પૂરૂ પાડેલું. કાર્યક્રમનું સંચાલન વાસંતીબેન શર્મા કરેલું. સંગીતા ખૂંટએ આભાર વ્યક્ત કરેલો.

તા.૧૫મીએ આહવામાં આશા વર્કર બહેનોનું સંમેલન યોજાશે

આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા (ડાંગ દરબાર હોલ) ખાતે તા.૧૫/૦૨/૨૦૨૦ ના રોજ સવારે ૧૧-૩૦ કલાકે ડાંગ જિલ્લા પંચાયત અને આરોગ્ય શાખા આહવા ના સંયુક્ત ઉપક્રમે વર્ષ ૨૦૧૯-૨૦ અંતર્ગત આશા-આશા ફેસીલીટેટર બહેનોને પ્રોત્સાહિત કરવા તેમજ તેઓના કૌશલ્યવર્ધન માટે આશા સંમેલન યોજાશે. આ કાર્યક્રમના ઉદ્ધારટક જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ બીબીબેન આર.ચૌધરી,મુખ્ય મહેમાનો કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે.વઢવાણિયા,જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શ્રી હરીશભાઈ પી.બચ્છાવ,અતિથિ વિશેષ જિ.પં.આરોગ્ય સમિત અધ્યક્ષ ભાગવતભાઈ એમ.દેશમુખ, મહિલા અને બાળ વિકાસ સમિતિ અધ્યક્ષ શ્રીમતિ સંમતિબેન વી.પટેલ ઉપસ્થિત રહેશે.



એકે રોડ ગૌશાળા પાસે આવેલી શ્રીનાથજી દ્વારા સોસાયટીના સીઓપી પ્લોટમાં બાંધકામના મુદ્દે આજે સ્થાનિક મહિલાઓએ હોબાળો મચાવી દેતા પોલીસ દોડી આવી હતી. મહિલાઓએ બિલ્ડરોએ જગા કબજે કરી હોવાનો આક્ષેપ કર્યો હતો.

મોડીરાત્રે બુડીયા ચોકડી પાસે ટ્રકે બાઈકને ઉડાવી દેતા બે દુકાનદાર મિત્રોના મોત

અકસ્માત સર્જીને ભાગેલા ટ્રક ચાલકને લોકોએ પીછો કરી પકડી પાડ્યો

સુરત

ગઈકાલે મોડી રાત્રે સચિન બુડિયા ચોકડી નજીક ટ્રક ચાલકે બે દુકાનદાર મિત્રોની બાઈકને અટફેટે લેતા બંનેના ઘટના સ્થળે જ મોત નિપજ્યાં હતા. બંને દુકાનદાર મિત્રો બાઈક પર સચિનથી ઘરે આવતા અકસ્માત નડ્યો હતો. મૃતકો પૈકી એક વિકાસસિંગના ઘરે ૨ ફેબ્રુઆરીના રોજ જ દીકરાનો જન્મ થયો હતો. દરમિયાન વિકાસના મોતના પગલે પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી પ્રમાણે, ઉધના અને પાંડેસરામાં રહેતા વિકાસસિંગ સંતોષસિંગ રાજપૂત (ઉ.વ.૨૪) અને બીટ્ટુ પ્રેમ ઠાકુર(ઉ.વ.૨૩) સચિન વિસ્તારમાં આવેલી શિવસાંઈ સોસાયટીમાં દુકાન ધરાવતા હતા. રાત્રે ૯:૩૦ વાગ્યે બંને પાડોશી દુકાનદાર મિત્રો વિકાસની બાઈક પર સચિનથી ઘરે આવતા હતા

દરમિયાન બુડિયા ચોકડી નજીક ટ્રક ચાલક અડફેટે લઈ ભાગી ગયો હતો. જેમાં બંનેના ઘટના સ્થળે જ મોત નિપજ્યાં હતાં. અકસ્માત કરી ભાગેલા ટ્રક ચાલકનો ૪ કિલોમીટર સુધી લોકોએ પીછો કરી ઝડપી પાડ્યો હતો. હાલ વધુ તપાસ સચિન જીઆઈડીસી પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.

ઉધનામાં આવેલા સત્યમ રો હાઉસમાં મૂળ યુપીનો વિકાસસિંગ પરિવાર સાથે રહેતો હતો. પિતા કન્સ્ટ્રક્શન કોન્ટ્રાક્ટર અને એક નાનો ભાઈ છે. વિકાસ સચિન વિસ્તારમાં આવેલી શિવસાંઈ સોસાયટીમાં હાર્ડવેરની દુકાન ધરાવતો હતો. વિકાસના લગ્નને એક વર્ષ થયું છે. વિકાસના ઘરે ૨ ફેબ્રુઆરીના રોજ જ દીકરાનો જન્મ થયો હતો. દરમિયાન વિકાસના મોતના પગલે ૧૧ દિવસના દીકરાએ પિતાની છત્રછાયા ગુમાવી છે અને પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

પાંડેસરા વિસ્તારમાં આવેલા શ્રી રામ નગરમાં મૂળ યુપીનો બીટ્ટુ મામા સાથે રહેતો હતો. પિતાના આવસાન બાદ બીટ્ટુ પર માતા, બે બહેનો અને એક ભાઈની જવાબદારી આવી હતી.

બીટ્ટુ સચિન વિસ્તારમાં આવેલા શિવસાંઈ સોસાયટીમાં સલૂનની દુકાન ધરાવતો હતો. પરિવારના એક માત્ર કમાવ દીકરાના મોતના પગલે પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

બકુલ ત્રિપાઠી પ્રાથમિક શાળામાં જોડણી વિષયે સેમિનાર યોજાયો

રસ પડે તેવી રીતે શીખવાની કળા રજૂ કરતા રાજેશ ધામેલિયા

સુરત

વિદ્યાર્થીઓ સાચું લખીને માતૃભાષાનું સંવર્ધન કરવા પ્રેરાય તેવા આશયથી ન.પ્રા.શિ.સ.સુરત સંચાલિત શ્રી બકુલ ત્રિપાઠી પ્રા. શાળા (શા.ક.૩૦૫),ઉત્રાણમાં આજે ''સાચી જોડણી લાગે વહાલી'' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્યા શ્રીમતી ઉષાબહેન પટેલે તજજ્ઞ શ્રી રાજેશભાઈ ધામેલિયાનું પુસ્તક દ્વારા સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે શ્રી માર્ગદર્શક શ્રી રાજેશભાઈ ધામેલિયાએ જણાવ્યું હતું કે, ''માતૃભાષાને સાચી રીતે પ્રયોજવી એ આનંદ અને ગૌરવની બાબત છે. પ્રાથમિક શાળાથી જ વિદ્યાર્થીઓને જોડણીના નિયમોની ગમ્મત સાથે સમજ આપવામાં આવી હોય તો તેને ખૂબ રસ પડે અને સહેલાઈથી સાચી જોડણી શીખી શકે છે. બાળકો સાચું શીખવા તત્પર હોય છે, આપણે તેને રસ પડે તેવી રીતે શીખવવની કળા હસ્તગત કરવાની જરૂર છે.''

આ સેમિનારમાં ગુજરાતી ભાષામાં વારંવાર વપરાતા શબ્દોની શુદ્ધ – અશુદ્ધ જોડણી અંગે સમજ આપવામાં આવી હતી. જોડણીના કેટલાક નિયમો ખૂબ સહેલા છે, તેની સમજ કેળવવાથી હજારો શબ્દોની સાચી જોડણી લખી શકીએ છીએ. આ અંગે વિદ્યાર્થીઓને વિવિધ ઉદાહરણો દ્વારા સમજાવવામાં આવ્યું હતું.વિદ્યાર્થીઓને વાર્તા સાથે નિયમો સમજવામાં ખૂબ આનંદ આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ધોરણ ૬,૭ અને ૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. સેમિનાર દરમિયાન લખાવવામાં આવેલ તમામ શબ્દો જે વિદ્યાર્થીઓના સાચા પડ્યા હતા, તેઓનું પુસ્તક દ્વારા સંમાન કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્યા શ્રીમતી ઉષાબહેન પટેલે આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ''આજે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ઘણું નવું શીખવા મળ્યું છે. આજે માતૃભાષા અંગે મેળવેલું જ્ઞાન સૌને જીવનભર ખૂબ ઉપયોગી થશે.'' આ સેમિનારમાં શાળાના શિક્ષકો શ્રી વિનોદભાઈ મકવાણા, કિરણબહેન, અર્પિતાબહેન, જયશ્રીબહેન વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

મનુબર ગામે નર્મદાની કેનાલ લીકેજ થતાં ખેતરોમાં પાણી ફરી વળ્યા

ભરૂચ

ભરૂચ નજીક મનુબર ગામ પાસે નર્મદાની સબ માઈનોર કેનાલ લીકેજ થતાં આસપાસના ખેતરોમાં પાણી ફરી વળ્યા છે. જેને પગલે ખેતરના ઉભા પાકને નુકસાન થયુ છે. અંદાજે ૩૫ એકર જમીનના પાકને નુકસાન થતાં ખેડૂતો ચિંતિત બન્યા છે. અને કેનાલના સમારકામની માંગ કરી છે.

અતિવૃષ્ટી અને માવઠા બાદ નર્મદાની કેનાલ લીકેજ થતાં ખેડૂતો ફરી મુશ્કેલીમાં મૂકાયા છે. જેમાં ભરૂચ નજીત મનુબર ગામ પાસેથી પસાર થતી સબ માઈનોર કેનાલ લીકેજ થઈ છે. જેને પગલે ખેડૂતોના તૈયાર થઈ ગયેલા પાકમાં ભારે નુકસાન થયું છે. જેથી તુરંત જ ખેડૂતો ખેતરમાં દોડી ગયા હતા. જ્યાં ૧૦ ખેડૂતોના ખેતરમાં પાણી ફરી વળ્યા હતા. ખેડૂતોએ તંત્ર સામે રોષ વ્યક્ત કર્યો હતો.

એ.કે. રોડ પર સોસાયટીના સીઓપીના પ્લોટમાં બાંધકામ શરૂ કરાતા તોફાન

સોસાયટીની મહિલાઓના ટોળા એકત્ર થતા પોલીસ દોડી આવી

સુરત

એ.કે.રોડ પર આવેલી શ્રીનાથજી સોસાયટીમાં જગ્યા ખાલી કરાવવા બાબતે પોલીસ અને સ્થાનિકો વચ્ચે ઘર્ષણ

વરાછા વિસ્તારમાં આવેલા એ.કે. રોડ પર ગૌશાળા નજીક આવેલી શ્રીનાથજી દ્વાર સોસાયટીમાં સ્થાનિક અને પોલીસ કર્મચારીઓ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. જેમાં પોલીસે બળપ્રયોગ કરવાની સાથે મહિલા સહિત અમુક લોકોની અટકાયત કરી હતી. જો કે, સમગ્ર પ્રકરણમાં સ્થાનિકોએ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, સીઓપીની જગ્યા બિલ્ડરને આપી દેવા માટે પોલીસ અમારા પર અત્યાચાર કરે છે.

સુરત ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય કાંતિભાઈ બલરએ જણાવ્યું હતું કે, મને અહિં બબાલ થયાની જાણ થતાં દોડી આવ્યો હતો. આ સોસાયટીમાં જગ્યાને લઈને કોર્ટમાં કેસ ચાલતો હતો. કોર્ટના ઓર્ડરને લઈને પોલીસ જગ્યા ખાલી કરાવવા આવી હતી. આ અંગે પોલીસ સાથે સ્થાનિકોને ઘર્ષણ સર્જાયું હતું. જો કે મામલો કોર્ટનો છે. સાયટીના રહિશોએ જણાવ્યું હતું કે, અમે શ્રીનાથજી સોસાયટીમાં વર્ષોથી વસવાટ કરીએ છીએ. અમારા પાર્કિંગની જગ્યા પર બિલ્ડર કબ્જો કરવાનો પ્રયત્ન કરી રહ્યો છે. આ સીઓપીની જગ્યા છે.

હાર્દિક પટેલ પર જીવલેણ હુમલો સૂર્યાએ કર્યો હતો : પોલીસ

હાર્દિક ગેંગના માણસો સાથે હુમલો કરવા સૂર્યાની ઓફિસમાં ઘૂસી ગયો હતો

સુરત

શહેરના માથાભારે તથા ખંડણીખોર સૂર્યા મરાઠીએ તેના જ એક સમયના ખાસ મિત્ર હાર્દિક પટેલની પત્નીની છેડતી કરી હતી. જેના લીધે બંને વચ્ચે ઝઘડો થતા તે જુદો થઈ ગયો હતો. હાર્દિક પટેલ તેના ખાસ સાગરીતોને લઈને સૂર્યાને મોતને ઘાટ ઉતારવા ગયો ત્યારે પહેલા સૂર્યા મરાઠીએ હાર્દિક પર જીવલેણ હુમલો કર્યો હોવાનું એસીપી ચાવડાએ જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગતરોજ બપોરના સુમારે વેડરોડ અખંડ આનંદ કોલેજ પાસે આવેલા ઓમસાંઈ એપાર્ટમેન્ટ ખાતેની સૂર્યા મરાઠીની ઓફિસમાં તલવાર ચપ્પુ જેવા ઘાતક શસ્ત્રો સાથે ઘૂસી હાર્દિક પટેલ સહિત સાતેક જણાં હુમલો કરવાનો પ્રયાસ કરતા હતા એ પહેલાં જ સૂર્યા મરાઠીએ તિક્ષ્ણ હથિયાર વડે હાર્દિક પટેલ પર હુમલો કર્યો હતો. જોકે, તેના સાગરીતોએ સૂર્યા મરાઠી પર ઉપરા છાપરી ઘા મારી મોતને ઘાટ ઉતારી ફરાર થઈ ગયા હતા. એવું એસીપી ડી.જે. ચાવડાએ જણાવ્યું હતું.

વરાછા અને ઈચ્છાપોરમાં જુગાર રમતા ૧૩ જુગારીઓ ઝડપાયા

બન્ને સ્થળેથી રૂા.૧.૩૮ લાખનો મુદ્દામાલ જપ્ત

સુરત

વરાછા અને ઈચ્છાપોર પોલીસે જુગારધારા અન્વયે બે કેસ કરી જુગાર રમતા ૧૩ જુગારીની ધરપકડ કરી રોકડા રૂપિયા વાહનો મળી કુલ રૂા.૧.૩૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

વરાછા પોલીસે બાતમીના આધારે કમલપાર્ક સોસાયટી ગાળા નં.૨૭૮ના બીજા માળે એક રૂમમાં જુગાર રમતા ચંદન કૌશલ, વિષ્ણુ સહાની, સંતોષ નીસાત, દશરથ રાઠોડ, સિકંદર સોની, મહેશ પુરનસિંગ, રાજુસિંગ કુશ્વાહ, શ્રીરામ કેશવા, રિકુસિંગ યાદવની ધરપકડ કરી રોકડા રૂપિયા ૧૬,૫૨૦ કબજે કર્યા હતા.

ઈચ્છાપોર પોલીસે ભાઠા ગામ ખુલ્લા ખેતરમાં ધમધમતી જુગારની ક્લબ ઉપર દરોડા પાડ્યા હતા. પોલીસે અમિત ગુમા લાલજી યાદવ, સંજય રામકવલ, હિરાલાલ સહાનીની ધરપકડ કરી ચાર મોબાઈલ ફોન, ૩ મોટર સાયકલ, રોકડા મળી કુલ રૂા.૧,૨૨,૦૧૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ભેસ્તાન-ડિંડોલી બ્રિજ પર બાઈક-કાર વચ્ચે અકસ્માતઃ ૧નું મોત

સુરત

ભેસ્તાન-ડિંડોલી બ્રિજ પર બાઈક ચાલક ઓવરટેક કરવા જતા કારની અડફેટે ચડ્યો હતો. જેમાં બાઈક ચાલકનું મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ કાર ચાલકે જ ૧૦૮ને જાણ કરી બાઈક ચાલકને સિવિલ હોસ્પિટલ લઈને પહોંચ્યો હતો.

મળતી માહિતી પ્રમાણે, કતારગામ વિસ્તારમાં આવેલી અક્ષરદીપ સોસાયટીમાં આશીષ મનજીભાઈ ડાખરા (ઉ.વ.૨૪) પરિવાર સાથે રહેતો હતો અને કન્સ્ટ્રક્શનના વ્યવાસાય સાથે સંકળાયેલો હતા. આજે બાઈક પર કતારગામ ભેસ્તાન-ડિંડોલી વિસ્તારમાં આવેલી કન્સ્ટ્રક્શન સાઈટ પર જઈ રહ્યો હતો. દરમિયાન ભેસ્તાન-ડિંડોલી બ્રિજ પર ઓવરટેક કરવાની લ્હાયમાં કારની અડફેટે ચડી ગયો હતો. કાર ચાલકે પૂરપાટ જતા બાઈક ચાલકને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, બાઈક ચાલકને કારની ડ્રાઈવરની સાઈડથી અડફેટે ચડી ગયો હતો. અકસ્માત બાદ ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાઈક ચાલકને ૧૦૮ મારફતે કાર ચાલક સિવિલ હોસ્પિટલ લઈને પહોંચ્યો હતો. જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો.

મિલેનિયમ માર્કેટની વેપારી પેઢી

શ્રીકૃષ્ણ ટેક્સટાઈલ્સ અને માં ક્રિએશનનું કરોડો રૂ.માં ઉઠમણું

પેઢીએ ઉઠમણું કરતા સંખ્યાબંધ વેપારી સલવાયાઃ ૫૭ લાખની ઠગાઈની ફરિયાદ

સુરત

મિલેનિયમ ટેક્ષ્ટાઈલ્સ માર્કેટ-૨ના શ્રીકૃષ્ણા ટેક્ષ્ટાઈલ્સ કાપડ બજારમાં કરોડો રૂપિયામાં ફુલેકુ ફેરવી ઉઠમણું કરતા વેપારીઓ દોડતા થઈ ગયા હતા. રૂપિયા સલવા વેપારીઓએ સલાબતપુરા પોલીસ સ્ટેશને ધા નાંખતા પોલીસે શ્રીકૃષ્ણા ટેક્ષ્ટાઈલ્સના ત્રણ જણાં સામે રૂપિયા ૫૭ લાખની ઠગાઈની ફરિયાદ નોંધી હતી. આરોપીઓ પેમેન્ટ કરવાને બદલે ફરિયાદી સહિતના વેપારીઓને જાનથી મારી નાંકવાની ધમકી પણ આપતા હતા.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ભટાર રોડ સન ટાવરમાં રહેતાં વેપારી મુકેશકુમાર રઘીવુરપ્રસાદ અગ્રવાલે આરોપી સુનીલ તારાચંદ ગુમા, રમેશકુમાર ગજાનંદ અગ્રવાલ, આકાંક્ષા સુનિલકુમાર ગુમા (શ્રીકૃષ્ણા ટેક્ષ્ટાઈલ્સ, માં ક્રિએશન, મિલેનિયમ માર્કેટ-૨, રિંગરોડ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ ફરિયાદી સહિત અન્ય વેપારીઓ પાસેથી કુલ રૂપિયા ૫૭,૦૦,૫૮૯ની કિંમતનો કાપડનો માલ ખરીદી પેમેન્ટની માંગણી કરતા આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપી દુકાન બંધ કરી ઉઠમણું કર્યું હતું. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.

વસીમ બિલ્લા હત્યા કેસ : શાર્પ શૂટરો મુંબઈ-અજમેર રોકાયા હતા

સુરત

શહેરના ઝાંપાબજાર ખાતે રહેતા અને ખંડણીખોર વસીમ બિલ્લાની નવસારી-છાપરા રોડ પર કરવામાં આવેલી ઘાતકી હત્યા પ્રકરણમાં બે શાર્પ શૂટરો મુંબઈ-બાંસવાડા તથા અજમેર ખાતેની હોટલો તથા ગેસ્ટ હાઉસોમાં રોકાયા હોવાનું તપાસ કરનારા અધિકારી પીએસઆઈ કિર્તી પાલે જણાવ્યું હતું. પોલીસે પુરાવાઓ એકત્ર કરવાના ચક્રોગતિમાન પણ કર્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ગત ૨૨મી જાન્યુઆરીના રોજ નવસારી છાપરા રોડ પરથી કારમાં બેસી પસાર થઈ રહેલા સુરત ઝાંપાબજારના રહેવાસી વસીમ બિલ્લા પર ફાયરિંગ કરી મોતને ઘાટ ઉતારવાના એક કિસ્સામાં પોલીસે સુરતના મુસ્તાન ઉર્ફે મામા અલી હુસેન ડોડીયા તથા બે શાર્પ શૂટરો કુતુબુદ્દીન અસગરઅલી તેમજ સાકીબ સાજીદઅલીની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી ૧૦ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. આ દરમ્યાન હત્યા કર્યા બાદ આરોપીઓ ક્યાં ક્યાં ગયા હતા. તેની તપાસ કરતા શાર્પ શૂટરો મુંબઈ અજમેર અને બાસવાડા ખાતેની હોટલ તથા ગેસ્ટ હાઉસોમાં રોકાયા હતા. એવુ કબ્રસ્તાનના આધારે પોલીસે અજમેર-મુંબઈ તથા બાંસવાડા ખાતેની હોટલ તથા ગેસ્ટહાઉસોના પુરાવા એકત્ર કરવાના ચક્રોગતિમાન કર્યા હતા. જોકે આ આખી ઘટનાનું પોલીસે રીકન્સ્ટ્રક્શન પણ કર્યું હતું.

વાહન ચોરી કરતી ગેંગના બે શખ્સ ઝડપાયાઃ ૧૨ જેટલા વાહનો જપ્ત

સુરત

શહેર પોલીસ ચોપડે નોંધાયેલા વાહનચોરીના ગુનાઓને શોધી કાઢવા પોલીસે કમર કસી છે. દરમિયાન સુરતના સલાબતપુરા પોલીસે મળેલી માહિતીના આધારે વાહનચોરીના રેકેટનો પર્દાફાશ કરી બે આરોપીઓને ઝડપી પાડયા છે. આરોપીઓ પાસેથી બે ફોર વ્હીલ કાર સહિત મોટરસાયકલ મળી ૧૨ જેટલા ચોરીના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. સલાબતપુરા પોલીસને મળતી માહિતી મુજબે માન દરવાજાના ખાજા નગર રોડ પરથી ચોરીની મોપેડ લઇ બે ઈસમો પસાર થવાના છે. જે માહિતી મળતા પોલીસે વોચ ગોઠવી મોપેડ સવાર બે શખ્સોને ઝડપી પાડ્યા હતા.

સલાબતપુરા પોલીસે બંને શખ્સોની અટકાયત કરી પૂછપરછ શરૂ કરી હતી. જ્યાં પોલીસને સંતોષકારક જવાબ ન મળતા ઉંડાણપૂર્વકની પૂછપરછ શરૂ કરતા આરોપીઓએ પોતાનું નામ મોહમ્મદ અબ્દુલ કલામ મોહમ્મદ ગુલામ અંસારી અને અન્યએ પોતાનું નામ જાવીદ અય્યુબ શેખ હોવાનુંજણાવ્યુંહતું. ઉંડાણપૂર્વકની પૂછપરછમાં આરોપીઓ પડી ભાંગ્યા હતા અને મોપેડ ચોરી કર્યા હોવાની કબૂલાત પોલીસ સમક્ષ કરી હતી.. એટલું જ નહીં, પરંતુ બંને આરોપીઓએ સલાબતપુરા વિસ્તારમાંથી દસ જેટલી મોપેડ અને મોટર સાયકલ સહિત બે ફોર વ્હીલ કારની ચોરી કર્યાની હકીકત પોલીસને જણાવી હતી.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

રાજપીપળા નજીકના ભદામ પાસેના પેટ્રોલપંપ પાસે કપાસ ભરેલી ટ્રક ઝાડ સાથે ભટકાતા બાઈકોનો ખુરદો



રાજપીપળા થી વડોદરા તરફ કપાસ ભરી પુરપાટ જઈ રહેલી ટ્રક ઝાડ સાથે અથડાતા પલટી મારી જેમાં ત્યાં પાર્ક કરેલી બાઈકો દબાઈ ગઈ, ટ્રક માં ભરેલો કપાસ રોડ પર,સદનસીબે કોઈ જાનહાની ન થઈ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા નજીક આવેલા ભદામ અને ચિત્રાવાડી વચ્ચે આવેલા પેટ્રોલ પંપ પાસે કપાસ ભરેલી એક ટ્રક ઝાડ સાથે અથડાઈ પલટી ખાતા ત્યાં પાર્ક કરેલી બાઈકો નો ખુરદો બોલાઈ ગયો હતો સાથે ઝાડ પણ તૂટી ગયું જોકે સદનસીબે કોઈ જાનહાની થઈ ન હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજપીપળા તરફ થી વડોદરા તરફ આજે બપોરે કપાસ ભરી જતી ટ્રક જીજે ૦૩ M ૭૯૯૮ બેફામ હંકારતા રાજપીપળા નજીક આવેલા ભદામ આગળના પેટ્રોલ પમ્પ પાસેના એક ઝાડ સાથે ધડાકાભેર અથડાતા ઝાડ તુટી ગયું બાદ ટ્રક પણ ત્યાં પલટી મારી જતા ત્યાંજ દિવાલ પાસે પાર્ક કરેલી ૫ થી વધુ બાઈકો આ ટ્રક નીચે દબાઈ જતા ખુરદો વળી ગઈ હતી જેમાં ટ્રક પલટી ખાતા અંદર ભરેલો કપાસ રોડ ઉપર ખાલી થઈ ગયો હતો. સદનસીબે કોઈ જાનહાની થઈ હોવાનું જાણવા મળ્યું નથી પરંતુ સ્થાનિકો જણાવ્યા મુજબ ટ્રક ચાલાક નસા માં હોય તેમ ભારે સ્પીડ માં ટ્રક લઈ જતા આ અકસ્માત થયો હતો.

નાંદોદના સિસોદ્રા અને વરખડ ગામની વચ્ચે મો.સા.અને શેરડી ભરેલા ટ્રેક્ટર વચ્ચે અકસ્માતમાં બે યુવાનોના મોત

મરનાર યુવાનોના માથા જ ધડથી અલગ થઈ રોડ ઉપર પડ્યા હોય એ જોતાજ લોકોમાં કંપારી છૂટી ગઈ હતી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા માં રોજે રોજ અકસ્માતો ની ઘટના સામે આવી રહી હોય કેટલાય લોકો ના મોત થાય છે ત્યારે ગતરાત્રે નાંદોદ તાલુકાના સિસોદ્રા અને વરખડ ગામની વચ્ચે મો.સા.અને શેરડી ભરેલ ટ્રેક્ટર વચ્ચે વધુ એક અકસ્માતમાં બે યુવાનોના મોત થયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર નાંદોદ ના સિસોદ્રા અને વરખડ વચ્ચે મો.સા. નંબર જીજે ૦૬ ડીએલ.૪૧૭ અને શેરડી ભરેલા એક ટ્રેક્ટર વચ્ચે થયેલા અકસ્માતમાં રૂપેશભાઈ દાદુભાઈ વસાવા અને વિરલભાઈ ચંદુભાઈ પટેલ(બન્ને. રહે.સિસોદ્રા)નું ઘટના સ્થળેજ કમકમાટીભર્યું મોત થયું હતું જોકે આ અકસ્માતમાં મરનાર બંને યુવાનોની મો.સા. ને પુરપાટ જતા ટ્રેક્ટરે અડફટમાં લેતા મો.સા.પર જતાં યુવાનો ના શરીર ના કેટલાક અવશેષો ટ્રેકટર સાથે ચોંટી ગયા હતા જ્યારે માથા ધડ થી અલગ થઈ માર્ગ ઉપર ઉછળી ને પડ્યા હોય અકસ્માત જોનાર લોકો માં કંપારી છૂટી જાય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.ત્યારે આ બાબતે આમલેથા પોલીસે ટ્રેકટર ચાલાક વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી છે.

નર્મદાના વરખડ ગામામાં ગીરવે મુકેલી જમીન બાબતે બબાલ થતા ખેડૂતો વચ્ચે ધીંગાણું : જાન થી મારી નાંખવાની ધમકી

જમીન ગીરવે મુકયા બાદ પરત રૂપિયા ન આપતા ખેડૂતે રાજપીપળા કોર્ટમાંથી કામચલાઉ મનાઈ હુકમ મેળવી કપાસ નું વાવેતર કરતા બબાલ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જીલ્લાના નાંદોદ તાલુકા માં આવેલા વરખડ ગામામાં ગીરવે મુકેલી જમીન બાબતે ખેડૂતો વચ્ચે બબાલ થતા ધીંગાણું સર્જાયું જેમાં એકે બીજાને જાન થી મારી નાંખવાની ધમકી આપી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર વરખડ ગામના હસમુખભાઈ સોમાભાઈ પટેલે ગામના જ નગીનભાઈ ડાહ્યાભાઈ પટેલ ને રૂ.૧૦૦ ના સ્ટેમ્પ પેપર પર વરખડ ગામની સીમમાં આવેલ જમીન રૂ.૩૦,૦૦,૦૦૦/-માં ગીરવે આપેલ પરંતુ એ રૂપિયા પરત નહિ આપતા નગીન પટેલે નર્મદા જીલ્લા પ્રિ. સિનિયર સિવિલ જજ ની કોર્ટ રાજપીપળામાં તા.૫/૨/૨૦૧૮ના રોજ કામચલાઉ મનાઈ હુકમ મેળવેલ અને ચાલુ વર્ષે તેમણે આ ખેતરમાં કપાસનું વાવેતર કર્યું હોય તે કપાસ ના ઉભા પાકમાં હસમુખ પટેલના કહેવાથી સંજયભાઈ મનુભાઈ વસાવા અને રશ્મિકાંત કોઈનાભાઈ વસાવા (રહે.વરખડ) એ આ ખેતરમાં ગેર કાયદેસર પ્રવેશ કરી કપાસના ઉભા પાકમાં ટ્રેક્ટરથી લોટરી મારી આશરે રૂ.૧૦,૦૦૦/- નું નુકશાન કર્યું ત્યારબાદ સંજય વસાવાએ નગીન પટેલને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ત્રણેયે એકબીજાની મદદગારી કરી ગુન્હો કરતા નગીનભાઈ પટેલની ફરિયાદના આધારે આમલેથા પોલીસે હસમુખ પટેલ,સંજય વસાવા અને રશ્મિકાંત વસાવા વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી છે.



માથાભારે સૂર્યા મરાઠી અને હાર્દિક પટેલ વચ્ચેના ઝઘડામાં ગઈકાલે સામ સામા હુમલામાં બન્નેના મોત નીપજ્યા હતા. સૂર્યા મરાઠી અને હાર્દિક પટેલની અંતિમક્રિયા વખતે અગમચેતીના પગલાં રૂપે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સૂર્યા મરાઠીની અંતિમવિધિ અશ્વનિકુમાર અને હાર્દિક પટેલની અંતિમ વિધિ જહાંગીરપુરા સ્મશાન ભૂમિમાં કરાઈ હતી.

સૂર્યા મરાઠી અને હાર્દિક પટેલની અંતિમક્રિયા વખતે પોલીસનો બંદોબસ્ત

સૂર્યાને અશ્વિનીકુમાર અને હાર્દિકની જહાંગીરપુરા સ્મશાન ભૂમિમાં અંતિમવિધિ

સુરત

શહેરના માથાભારે ટપોરી સૂર્યા મરાઠી તથા હાર્દિક પટેલની ઘાતકી હત્યા પ્રકરણમાં આ બંને ટપોરીઓની અંતિમક્રિયાઓ શહેરમાં બે જુદા જુદા સ્મશાનગૃહોમાં કરવામાં આવી ત્યારે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હોવાનું એસીપી ચાવડાએ જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર સુરતના વેડરોડ વિસ્તારમાં જેની ભારે ધાક વર્તાતી હતી અને હાલમાં જ મનુ ડાહ્યાની હત્યામાં નિર્દોષ છુટેલા સૂર્યા મરાઠી સાથે ભૂતકાળમાં થયેલા ઝઘડાની અદાવત રાખી ઘાતક હથિયારો સાથે હાર્દિક પટેલ સહિત સાતેક ઈસમોએ હુમલો કરી મોતને ઘાટ ઉતારી ફરાર થઈ ગયા હોવાના બનાવના પગલે પોલીસ દોડતી થઈ ગઈ હતી. પોલીસે સૂર્યા મરાઠી તથા હાર્દિક પટેલનું સરકારી હોસ્પિટલમાં પીએમ કરાવ્યું હતું. ફોરેન્સિંગ પીએમ થયા બાદ સૂર્યા મરાઠીને અશ્વિનીકુમાર સ્મશાનગૃહ તથા હાર્દિક પટેલને જહાંગીરપુરા કુરૂક્ષેત્ર ખાતેના સ્મશાનગૃહમાં અંતિમક્રિયાઓ કરવામાં આવી હતી. જોકે, કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હોવાનું એસીપી ડી.આઈ. ચાવડાએ જણાવ્યું હતું.

વેડરોડ ત્રિભુવન નગરમાં લોહીયાળ જંગ

સૂર્યા મરાઠી - હાર્દિક પેટલ હત્યા કેસમાં સામસામી પોલીસ ફરિયાદો દાખલ

સુરત

વેડરોડ ત્રિભોવન નગરમાં માથાભારે સૂર્યા મરાઠી અને હાર્દિક પટેલ વચ્ચે સર્જાયેલા ખૂની ખેલમાં બન્નેના મોત નીપજ્યાની ઘટનામાં ચોકબજાર પોલીસે બન્ને જૂથની ફરિયાદ નોંધી પાંચથી વધુ વ્યક્તિની અટકાયત કરી પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

ગઈકાલે બપોરે ૧૨.૪૫ કલાકે ત્રિભોવનનગર સોસાયટી ઓમસાંઈ એપાર્ટમેન્ટની ઓફિસમાં ખૂની ખેલ ખેલાયો હતો. મૃત સૂર્યા મરાઠીની હત્યા સંદર્ભે અમોલ તુકારામ જીનેએ આરોપી હાર્દિક હરીશ પટેલ, સાહિલ સિંધી, વિક્કી, સતીષ સુરેશ ધાગડે, રાહુલ ઉર્ફે એપાર્ટમેન્ટ તથા બે અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ નવરાત્રિમાં સૂર્યા મરાઠીએ તેના જ મિત્ર હાર્દિક પટેલની પત્નીની છેડતી કરી હતી. જેને કારણે બન્ને વચ્ચે ઝઘડો ચાલતો હતો. જેની અદાવત રાખી સૂર્યા મરાઠીને તેની જ ઓફિસમાં ઘૂસી ચપ્પાના ઘા ઝીંકી હત્યા કરી હતી.

જ્યારે આ સામસામે થયેલા લોહિયાળ જંગમાં હાર્દિક પટેલનું પણ મોત થયું હતું. જે સંદર્ભે મૃતક હાર્દિકની પત્ની નયનાબેને આરોપી સુરેશ ઉર્ફે સૂર્યા મરાઠી શ્રીરામ પવાર તથા તેના માણસો વિરૂદ્ધ ફરિયાદ નોંધી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીનો પતિ હાર્દિક સૂર્યા મરાઠીની ઓફિસે ગયો હતો, ત્યારે આરોપીઓએ તિક્ષ્ણ હથિયારથી હુમલો કરી મોત નીપજાવ્યું હતું.

રાજપીપળા શાક માર્કેટમાં પાસે બાઈક પાર્ક કરતા પહેલા ચેતજો...

શાક માર્કેટ પાસે બાઈક પાર્ક કરી શાક લેવા ગયેલા વ્યક્તિની બાઈકની ચોરી થતા ફરિયાદ




(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા શાક માર્કેટ પાસે બાઈક પાર્ક કરી શાકભાજી લેવા ગયેલા વ્યક્તિની બાઈક ની કોઈ અજાણ્યો ચોર ચોરી કરી ફરાર થઈ જતા આટલા ભરચક વિસ્તારમાં થયેલી ચોરી ના કારણે લોકો એ હવે બાઈક લઈ જતા પહેલા ચેતવું પડશે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજપીપળા મોટા માછીવાડ માં રહેતા ચેતનભાઈ હિંમતભાઈ માછી એ શાકમાર્કેટમા પાસે ડૉ.નીખીલના દવાખાના પાસે પોતાની સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ નંબર જીજે ૨૨ ડી ૨૦૮૮ જેની કિંમત રૂપિયા ૨૦ હજાર સ્ટેરીંગ લોક કરી પાર્ક કરી શાકભાજી લેવા માટે ગયા હતા ત્યાંથી શાક લઈ પરત આવતા તેમની બાઈક સ્થળ પર ન મળતા ઘણી શોધખોળ કરવા છતાં ક્યાંયે પત્તો ન લાગતા કોઈકે ચોરી કરી હોવાનું માલુમ પડતા આ બાબતે રાજપીપળા પો.સ્ટે.માં ફરિયાદ આપી હતી.

પિતાની આર્થિક સ્થિતિ નબળી હોવાની મજબૂરીથી હોશિયાર વિદ્યાર્થીનીનો અભ્યાસ બંધ થતાં હેલ્પલાઈન મદદે આવ્યું



- **ખેત મજૂરી માટે દીકરીનો અભ્યાસ બંધ કરાવનાર વાલીને સમજાવી હેલ્પલાઈન ની ટીમે અભ્યાસ શરુ કરાવ્યો**
- **ખેત મજૂરી અને ઘર કામ માટે અભ્યાસ છોડનાર વિદ્યાર્થીનીને અભ્યાસ શરૂ કરાવતી ૧૮૧ પંચમહાલ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમ**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલોલ પાસેના એક ગામ માંથી એક વિદ્યાર્થીની સાવિત્રી (નામ બદલ્યું છે) નો અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈન મા ફોન આવ્યો કે તેના પિતાએ તેનો ધોરણ ૯ નો ચાલુ અભ્યાસ છોડાવી ઘરકામ અને ખેત મજૂરી કરાવવા અભ્યાસ બંધ કરાવ્યો હોય તેને આગળ ભણવું છે તેથી અભયમ રેસ્ક્યુ ટીમ ગોધરા તાત્કાલિક ત્યાં પહોંચી સાવિત્રી ના પિતાને સમજાવ્યા કે દીકરીને આગળ ભણવા દો પરંતુ પિતાના જણાવ્યા મુજબ ઘરકામ માટે તેની જરૂર છે અને મારી દીકરી મોબાઈલ પર વાત કરે છે જે મને પસંદ નથી આગળ જતાં એ બગડી જશે તેવી ચિંતા વ્યક્ત કરતા અભયમ ટીમે સાવિત્રીના પિતાને સમજાવ્યા કે વર્તમાન સમયે શિક્ષણ થી જ વિકાસ થઈ શકશે, દીકરી ભણેલી હશે તો ભવિષ્યમા આત્મનિર્ભર બની શકશે પરંતુ તેના પિતા ના કહ્યા મુજબ તેમની આર્થિક પરિસ્થિતિ સારી નથી માટે માટે મજબૂર હોય છતાં જો તમે ભણાવતા હોય તો લઈ જઈ ભણાવો તેમ કહેતા અભયમ ટીમે સાવિત્રી ને નિર્મલ સેવા મંડળની નિવાસી શાળામા પિતાની ની સહમતી બાદ અભ્યાસ માટે દાખલ કરી આગળનો અભ્યાસ શરૂ કરાવી પ્રસંસનીય કામગીરી પુરી કરી હતી.

લોખંડના સળીયા તથા વાહનચોરીના કુલ-૧૪ ગુના ડીટેક્ટ કરતી નર્મદા એલ.સી.બી.પોલીસ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા પોલીસ અધિક્ષક હિમકર સિંહ (IPS), પોલીસ એ જીલ્લામાં મિલ્કત બાબતે ના ગુનાઓને અંકુશમાં રાખવા તેમજ અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા અસરકારક અને પરિણામલક્ષી કામગીરી કરવાના સુચના તેમજ માર્ગદર્શન આપેલ જેમાં એ.એમ.પટેલ,પોલીસ ઈન્સ્પેક્ટર, એલ.સી.બી. તથા સી.એમ.ગામીત, પો.સ.ઈ. એલ. સી.બી.તેમજ એલ. સી. બી. પોલીસ સ્ટાફ મારફતે ગરૂડેશ્વર પો.સ્ટે. પાર્ટ-એ ગુ. ર.નં. ૧૧/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે ટેક્નીકલ સર્વેલન્સ આધારે આરોપી (૧) રમેશ ઉર્ફે રામુ લવમહારાજ મિશ્રાઉ, રહે.મઢી સુરાલી માર્કેટ યાર્ડની પાછળ તા.બારડોલી જી.સુરત (૨) દસમ ભિખા તોમર રહે.કુહા તા.કઠીવાડા જી.અલીરાજપુર (MP) ને ગુનાના કામે અટક કરવામાં આવેલ આ આરોપીઓની વિશેષ પુછપરછ દરમ્યાન નર્મદા સહિત ના અલગ અલગ જિલ્લાઓ માં કરેલા ૧૪ ગુનાઓની કબુલાત કરતા બંને ની અટક કરી આગળની તપાસ હાથ ધરી છે.

રાજપીપળા જીલ્લા જેલ ખાતે કેદી બંદીવાન ભાઈઓ માટે ગ્રામીણ સ્વરોજગારી



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા જેલમાં કેદીઓ કોઈ ને કોઈ ગુનામાં સજા ભોગવી રહ્યા છે એમની ભૂલના કારણે આજે તેઓ જેલ માં હોય જયારે કેટલાક નો કેશ ચાલતો હશે પરંતુ આવા તમામ બંદીવાન ભાઈઓ બહાર જાય તો તેમને રોજગારી શોધવી ના પડે એ માટે જેલમાં ગ્રામીણ સ્વરોજગારી તાલીમ આપવામાં આવી તમામ કેદીઓને તાલીમ લીધાના પ્રમાણ પત્રો પણ આપવામાં આવ્યા હતા.

રાજપીપળા જીલ્લા જેલ ખાતે કેદી બંદીવાન ભાઈઓ માટે ગ્રામીણ સ્વરોજગારી તાલીમ સંસ્થાન, (Rural self Employment Training Institutes) રાજપીપળા અંતર્ગત વિવિધ તાલીમ તબક્કાવાર યોજવામાં આવેલ છે. જે પૈકી ૬ જાન્યુઆરી થી ૧૫ જાન્યુ આરી સુધી ડેરી ફામીગ અને વર્મીક પોષ્ટની તાલીમ આપવામાં આવી જેના ભાગરૂપે ૨૯ જેટલા કેદી બંદી વાનોને સંસ્થા મારફતે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગુજરાત સ્ટેટ ફોર ઈજીઈ ના ડાયરેકટર હરેશ જોષી, સ્વરોજગારી તાલીમ સંસ્થાન રાજપીપળાના નિયામક સતિષભાઈ ગોહિલ,પી.એન. બારોટ સાથે સંસ્થાના અન્ય સ્ટાફ તથા જેલ અધિક્ષક એમ.એલ.ગમારા હાજર રહ્યા હતા. આ સંસ્થા દ્વારા બંદીવાનોને ટ્રેનીગ આપ્યા બાદ સમાજમાં પુનઃસ્થાપન કરવા માટે જેલ માંથી મુકત થયા બાદ બે વર્ષ સુધી રોજગારી મળી કે નહિ તેની દેખભાળ રખાશે.અને આ બંદીવાન જેલ માંથી મુકત થયા બાદ પોતે પોતાના પગભર થાય તે માટે તેને બેંક માંથી લોન લેવા માટેના દસ્તાવેજ અને કઈ રીતે લોન મળે તે બાબતની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.